MARKET 4U
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શનિવાર । તા. ૦૮-૦૨-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 વિજય માલ્યા, નીરવ મોદી સહિત ૭૦ કૌભાંડી દેશ છોડી ફરાર થયાઃ કેન્દ્ર સરકાર

5 આજે ભારત માટે કરો યા મરોઃ ન્યૂઝીલેન્ડ સામે બીજી વન-ડે

7 ચૂંટાયેલા પ્રતિનિધિઓના કામોને અગ્રતાક્રમ આપવા જિલ્લા કલેક્ટરોને આદેશ

12 નર્મદામાં દિવા તળે અંધારું જેવી સ્થિતિ, આરોગ્ય બાબતે કથળેલી સેવા,રાજકીય નેતાગીરી પાંગળી પુરવાર

આપ-ભાજપ-કોંગ્રેસ વચ્ચે દેશની રાજધાનીને કબ્જે કરવા રાજકીય જંગ

'દિલ્હી દંગલ': આજે વિધાનસભાની ૭૦ બેઠકો માટે મતદાન

ભાજપ ૪૫થી વધુ બેઠકો જીતશેઃ શાહનો દાવો

ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે દિલ્હી વિધાનસભા ચૂંટણી ૨૦૨૦ માટે પ્રચાર સમયે જનતા સાથે સંવાદ કરવાનો અવસર મળ્યો. ખોટા વાયદા, અરાજકતાથી ત્રસ્ત દિલ્હીને હવે ફક્ત વિકાસ જોઈએ છે. તેઓએ લોકોના સમર્થનથી ૧૧ ફેબ્રુઆરીએ દિલ્હીમાં ૪૫થી વધારે સીટ જીતીને ભાજપ સરકાર બનાવવા જઈ રહી છે.

દિલ્હીના જાફરાબાદમાં ચાર રાઉન્ડ ફાયરિંગ

દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે મતદાનના એક દિવસ પહેલા ફાયરિંગના સમાચાર છે. દિલ્હીના જાફરાબાદ વિસ્તારમાં એક દુકાનદારનું કહેવું છે કે, અહીંયા ચાર રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું છે. જો કે, આ ફાયરિંગ નાગરિકતા સંશોધન કાયદા સાથે જોડાયેલા કોઈ પ્રદર્શન અંગે નહોતું. પોલીસ તરફથી હાલ આ ઘટનાની વધારે માહિતી આવવાની બાકી છે.

ન્યુ દિલ્હી

દેશના ચૂંટણી પંચ દ્વારા દિલ્હી વિધાનસભાની ૭૦ બેઠકો માટે આજે ૮ ફેબ્રુઆરીના રોજ યોજાનાર સામાન્ય ચૂંટણીઓની તૈયારીઓ પૂર્ણ થઇ છે. ૮મીએ સવારના ૮ વાગ્યાથી મતદાનની પ્રક્રિયા શરૂ થશે. ૭૦ બેઠકો માટે કુલ ૬૬૮ ઉમેદવારો મેદાનમાં છે જેમાં ૬૧૫ પુરૂષ ઉમેદવારો અને ૮૩ મહિલા ઉમેદવારો છે. ૭૦ બેઠકોના મતદાન માટે કુલ ૧૩,૭૯૭ પોલીંગ બુથ બનાવવામાં આવ્યા છે. આયોગે ઇવીએમ-વીવીપીએટ મશીન દ્વારા ચૂંટણીની તૈયારી પૂર્ણ કરી છે. આ ચૂંટણી પ્રક્રિયામાં ૯૦ હજાર કર્મચારીઓની જરૂર પડશે. સિનીયર સિટીઝન માટે મતદાનની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. ૮૦ વર્ષની ઉપરના સિનિયર સીટીઝન પોસ્ટલ બેલેટથી પણ વોટીંગ કરી શકે છે જેના માટે તેમને નવું ફોર્મ ભરવું પડશે.દિલ્હીમાં વર્તમાન ચૂંટણી માટે કુલ ૧ કરોડ ૪૭ લાખ ૮૬ હજાર અને ૩૮૯ મતદારો નોંધાયા છે જે આપ પાર્ટી, ભાજપ, કોંગ્રેસના મળીને કુલ ૬૬૮ ઉમેદવારોનું ભાવિ નક્કી કરશે. ગત ચૂંટણીમાં AAPને ૭૦માંથી ૬૭ સીટ મળી હતી, ભાજપે ત્રણ સીટી જીતી હતી, જ્યારે કોંગ્રેસને એક પણ સીટ મળી ન હતી. આ વખતે ભાજપે દિલ્હી રાજ્યમાં સત્તા મેળવવા માટે એડીચોટીનું જોર લગાવ્યું છે. રાજકિય નેતાઓ દ્વારા કેટલાક વિવાદાસ્પદ નિવેદનોથી હલચલ પણ મચી હતી. ૮મીએ મતદાન બાદ ૧૧મીએ મતગણતરી હાથ

અનુસંધાન પાના નં. ૬



રાહુલ ગાંધીના વાયનાડ પ્રશ્નના જવાબમાં મંત્રીએ રાજકીય આક્ષેપ કરતાં મામલો બિચક્યો

રાહુલના ડંડાવાળા નિવેદન મામલે સંસદમાં ભારે ઘમાસાણઃ ધક્કા-મુક્કી

કોંગ્રેસના સંસદ સભ્યો મંત્રી હર્ષવર્ધનની બેઠક પહોંચ્યા અને બંન્ને પક્ષો વચ્ચે કથિત મારા-મારી સર્જાઈ,ગૃહની ગરિમા લજવતા દ્રશ્યો સર્જાયા

ન્યુ દિલ્હી

દિલ્હીમાં યોજાયેલી એક ચુંટણી રેલીમાં કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ પીએમ મોદીને લઈને કરેલા ખુબ જ વાંધાજનક નિવેદનના મામલે આજે લોકસભામાં તેની ગરિમા લજવાય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. હંગામો એટલી હદે થયો હતો કે મામલો ધક્કા-મુક્કી સુધી પહોંચી ગયો હતો. શોરબકોર અને ધક્કા-મુક્કિના દ્રશ્યો થતા સ્પીકરે બેઠક મોકુફ રાખી હતી. એક સવાલનો જવાબ આપતા કેન્દ્રીય મંત્રી હર્ષવર્ધને રાહુલ ગાંધીના 'દંડા માર' નિવેદનનો ઉલ્લેખ કર્યો અને ટીક્કા કરવા લાગ્યા તો સ્પીકરે રોકવાનો પ્રયાસ કર્યો આ દરમિયાન કોંગ્રેસના સાંસદ મનીકમ ટેગોર હર્ષવર્ધનની બેઠક સુધી પહોંચી ગયા અને

અનુસંધાન પાના નં. ૬

કોંગ્રેસ સાંસદે હુમલો નથી કર્યો,હર્ષવર્ધન નાટક કરે છે : રાહુલ ગાંધી

પીએમ મોદીને ડંડા મારવા અંગેના રાહુલ ગાંધીના નિવેદનની નિંદા કરવાનો સંસદમાં પ્રસ્તાવ મુકી રહેલા સરકારના સ્વાસ્થ્ય મંત્રી માનિક ટાગોરના હર્ષવર્ધન તરફ દોડવાના કૃત્યનો રાહુલ ગાંધીએ બચાવ કર્યો છે. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષે આ ઘટના બાદ કહ્યુ હતુ કે, હર્ષવર્ધનનો ડ્રામા છે. સરકાર રોજગાર મુદ્દે પર કોઈ જવાબ આપી રહી નથી અને હું આ મુદ્દે સતત પ્રશ્નો પૂછી રહ્યો હોવાથી મને રોકવા માટે આખુ નાટક કરવામાં આવ્યુ છે. રાહુલ ગાંધીએ કહ્યુ હતુ કે, હર્ષવર્ધનને સૂચના હતી કે બીજા કોઈ મુદ્દા લોકસભામાં ઉઠે નહી. અમારા સાંસદે કોઈ હુમલો કર્યો નથી.ઉલટાનુ તેમના પર હુમલો થયો છે. તમે વિડિયો ફૂટેજમાં જોઈ શકો છે. માનિક ટાગોર સંસદના વેલમાં ગયા હતા પણ તેમણે કોઈના પર હુમલો કર્યો નથી. રાહુલ ગાંધીએ ફરી પીએમ પર આરોપ લગાવતા કહ્યુ હતુ કે, રાહુલ ગાંધી પોતાના પદ પ્રમાણે વ્યવહાર નથી કરી રહ્યા. પીએમનો એક ખાસ દરજ્જો હોય છે અને અલગ પ્રકારનુ સ્તર હોય છે. મેં તેમને પૂછ્યુ કે રોજગારીનુ શું તો તેઓ નહેરૂ અને પાકિસ્તાન પર બોલતા રહ્યા પણ મારા પ્રશ્નનો જવાબ નહોતો આપી શક્યા. દેશના યુવાઓનો પણ આ સવાલ છે જેનો જવાબ પીએમ આપી શકતા નથી.

યુવાનોએ રસ્તા પર ટાયરો સળગાવીને વિરોધ કર્યો, બોડેલી પાસે ટ્રેન રોકીને વિરોધ

એલઆરડી ભરતીને લઈ છોટાઉદેપુર બંધ, આદિવાસીઓ રસ્તા પર ઉતર્યા

મહિલાઓ અને સ્થાનિક લોકોએ ભારે વિરોધ કરતા સમજાવવવા ગયેલા SP પરત ફર્યા

છોટાઉદેપુર

લોકરક્ષક દળની ભરતીમાં રાઠવા સમાજના ઉમેદવારોને ઉચ્ચ મેરિટ હોવા છતાં પસંદગી ન કરાતા છોટાઉદેપુર જિલ્લામાં સમસ્ત આદિવાસી રાઠવા સમાજ દ્વારા બંધનું એલાન આપવામાં આવ્યું છે. જેને પગલે આજે છોટાઉદેપુર જિલ્લાના રાઠવા સમાજની વસ્તી ધરાવતા તમામ વિસ્તારોમાં બંધની અસર જોવા મળી છે. બોડેલી પાસે વડોદરા-છોટાઉદેપુર ટ્રેનને રોકીને યુવાનોએ વિરોધ વ્યક્ત કર્યો હતો.

છોટાઉદેપુર-પાવીજેતપુર રોડ ઉપર રાઠવા સમાજના લોકોએ ઉગ્ર આંદોલન કર્યું હતું. આ સમયે છોટાઉદેપુર એસ.પી. એમ.એસ. ભાભોરની ગાડી રોકીને વિરોધ કર્યો હતો. એસ.પી. લોકોએ સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ રાઠવા સમાજના લોકો અને

અનુસંધાન પાના નં. ૬

બોડો શાંતિ કરાર બાદ પ્રથમ વખત આસામ પહોંચ્યા વડાપ્રધાન

આસામ શાંતિ સમજૂતી પૂર્વોત્તરના લોકો માટે ૨૧મી સદીની નવી શરૂઆતઃ મોદી

કોકરાઝાર

બોડો શાંતિ કરાર બાદ પ્રથમ વખત આસામના કોકરાઝારમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. વડાપ્રધાન મોદીએ રેલીમાં કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી પર ધારદાર વાક્બાણ છોડ્યા હતા. પીએમએ જણાવ્યું કે કેટલાક નેતાઓ મને ડંડા મારવાની વાતો કરી રહ્યા છે પરંતુ દેશની માતાઓ તેમજ બહેનોના આર્શીવાદથી હું સુરક્ષીત રહીશ. નોંધપાત્ર જનમેદનીને સંબોધતા મોદીએ જણાવ્યું કે જેને આટલા મોટાપાયે માતાઓ તેમજ બહેનોની સુરક્ષા મળી હોય તેને કોઈ ડંડો મારી શકે નહીં. વડાપ્રધાને જણાવ્યું કે કેટલાક લોકો, એનઆરસી, સીએએને લઈને ભ્રમ ફેલાવી રહ્યા છે. પરંતુ પૂર્વોત્તરના લોકોને હું કહેવા માંગુ છું કે દેશ વિરોધી શક્તિઓ પર વિશ્વાસ કરશો નહીં. પીએમ મોદીએ વધુમાં જણાવ્યું કે, આસામ શાંતિ સમજૂતિ પૂર્વોત્તરના લોકો માટે ૨૧મી સદીમાં નવી શરૂઆત છે.

કોરરાઝારમાં જનસભાને સંબોધતા પીએમ મોદીએ

અનુસંધાન પાના નં. ૬



- ક્યારેક લોકો ડંડા મારવાની વાત કરે છે પરંતુ મારી પાસે જનતાનું સુરક્ષા કવચઃ રાહુલના નિવેદન પર વડાપ્રધાનનો કટાક્ષ
- જેમના દીકરાઓ એક સમયે બંદૂક લઈને ફરતા હતા, આજે એ જ માતાઓ મને આશીર્વાદ આપી રહી છે
- આસામ એકોર્ડની કલમ-૬ને પણ ટૂંકમાં લાગુ કરાશે
- આજનો દિવસ તે હજારો શહીદોને યાદ કરવાનો છે જેઓએ દેશ માટે પોતાના કર્તવ્ય પથ પર બલિદાન આપ્યું

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

પાકિસ્તાન સંસદમાં પ્રસ્તાવને મંજૂરી મળી

પાકિસ્તાનમાં બાળકો સાથે દુષ્કર્મ આચરનારને જાહેરમાં ફાંસી અપાશે



પાકિસ્તાનમાં જાન્યુઆરીથી જૂન સુધી બાળકો સાથે રેપના ૧૩૦૪ કેસ સામે આવ્યા, પ્રસ્તાવને બહુમતી સાથે પસાર કરાયો

ઈસ્લામાબાદ

પાકિસ્તાની સંસદે શુક્રવારે બાળકો સાથે રેપ કરનારને જાહેરમાં ફાંસી આપવાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. આ પ્રસ્તાવ સંસદીય રાજ્ય કાર્યમંત્રી અલી મોહમ્મદ ખાને રજૂ કર્યો હતો. સાંસદોએ આ પ્રસ્તાવને બહુમતી સાથે પાસ કર્યો છે. જોકે પાકિસ્તાની પીપુલ્સ પાર્ટી (પીપીપી)ના નેતા અને પૂર્વ વડાપ્રધાન પરવેઝ અશરફે કહ્યું છે કે, સજાની કઠોરતા વધારવાથી ગુનામાં ઘટાડો નથી થતો. આપણે જાહેરમાં ફાંસી આપવાનો કાયદો ન લાવવો જોઈએ, કારણકે તે સંયુક્ત રાષ્ટ્રના કાયદાનું ઉલ્લંઘન કરે છે.

સંસદમાં આ પ્રસ્તાવને ઘણું સમર્થન મળ્યું છે. જોકે તેના વિરોધમાં બોલવામાં માત્ર પરવેઝ અશરફ એકલા નહતા. તેમના સિવાય ઈમરાન સરકારમાં વિજ્ઞાન અને પ્રોદ્યોગિક મંત્રી ફવાદ ચૌધરીએ પણ આ પ્રસ્તાવની નિંદા કરી હતી. તેમણે ટ્વિટર પર કહ્યું, આ એક સભ્યતાની સદીઓથી ચાલી આવતી ક્રૂર પ્રથા જેવું છે. સમાજ હંમેશા એક સંતુલન સાથે કામ કરે છે. નૃશંસતા ગુનાનો જવાબ ન હોઈ શકે. આ કટ્ટરતાની અભિવ્યક્તિ સમાન છે.

બીજી બાજુ સરકારમાં માનવધિકાર મંત્રી શિરીન મજારીએ સ્પષ્ટ કહ્યું છે કે, આ પ્રસ્તાવ સરકાર દ્વારા પ્રાયોજિત નથી પરંતુ એક વ્યક્તિ દ્વારા રજૂ કરવામાં આવ્યો છે. પાકિસ્તાનમાં બાળકો સાથે રેપની ઘટના સામાન્ય થતી જાય છે. બાળ અધિકાર સંગઠન 'સાહિલ'ના એક રિપોર્ટ પ્રમાણે, ગયા વર્ષે જાન્યુઆરીથી જૂન સુધી બાળકો સાથે રેપના ૧૩૦૪ કેસ સામે આવ્યા છે. એટલે કે રોજ સાત બાળકો સાથે રેપ થઈ રહ્યા છે.

આ કિસ્સા સામે આવ્યા પછી પાકિસ્તાનમાં ઈમરાન સરકારની નિંદા થઈ રહી છે. સરકાર પર આરોપ હતો કે, તેઓ આ પ્રકારના કેસમાં તપાસની ખામીઓ દૂર કરવા માટે યોગ્ય પગલાં નથી લેતા અને યોગ્ય રીતે કાયદાનું પાલન પણ નથી કરાતું.

અલ કાયદાના નાયબ વડા અયમાન અલ જવાહિરી પણ માર્યો ગયો

૭૧ કરોડના ઈનામવાળા આતંકી કાસિમ અલ-રીમીને અમેરિકાએ ઠાર માર્યો



વૉશિંગ્ટન

અમેરિકાએ યમનમાં આતંકવાદી સંગઠન અલ-કાયદા ઈન અરબ પેનિનસુલાના નેતા કાસિમ અલ રેમીને મારી નાખ્યો છે. વ્હાઈટ હાઉસ મુજબ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશ પર આ કાર્યવાહી કરવામાં આવી. કાસિમ અલ રેમી વિશે જાણકારી આપનારાને ટ્રમ્પે ૧૦ મિલિયન ડૉલર એટલે કે લગભગ ૭૧ કરોડનું ઈનામ જાહેર કર્યું હતું. સાથોસાથ અમેરિકાના હુમલામાં અલ-કાયદા નેતા અયમાન અલ-જવાહિરી પણ માર્યો ગયો છે. કાસિમ અલ રેમી, જેહાદી સંગઠન અલ-કાયદા ઈન અરબ પેનિનસુલાનું નેતૃત્વ ૨૦૧૫થી કરી રહ્યો હતો.

હાલના દિવસોમાં આ ત્રીજો પ્રસંગ છે જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકા પર નિશાન સાધતાં ત્રણ લોકોને મારી નાખ્યા છે. ગયા વર્ષે ઑક્ટોબરમાં અમેરિકાએ આતંકવાદી સંગઠન આઈએસઆઈએસના પ્રમુખ અબૂ બકર અલ બગદાદીને મોતને ઘાટ ઉતારી દીધો હતો. આ વર્ષે જાન્યુઆરીમાં ટ્રમ્પે ઈરાનની કુદ્સ ફોર્સના વડા રહેલા કાસિમ સુલેમાનીને બગદાદમાં મારી નાખ્યા હતા.

નોંધનીય છે કે, કાસિમ અલ રેમી ટ્રમ્પના નિશાના પર લાંબા સમયથી હતો. જાન્યુઆરી ૨૦૧૭માં યમનમાં અલ-કાયદાના પરિસર પર અમેરિકન સેનાએ છાપેમારી કરી હતી. આ દરમિયાન અમેરિકાના કેટલાક સૈનિકોના પણ મોત થયા હતા. પરંતુ અલ-રેમી આ હુમલામાં બચી ગયો હતો. બાદમાં તેણે ૧૧ મિનિટનો એક વીડિયો જાહેર કરતાં ટ્રમ્પ પર નિશાન સાધતાં કહ્યું હતું કે તેમને જોરદાર તમાચો માર્યો છે.

ગયા વર્ષે ડિસેમ્બરમાં પણ અલ-રેમીએ ૧૮ મિનિટનો એક વીડિયો જાહેર કરતાં નેવી બેઝ પર થયેલા હુમલાની જવાબદારી લીધી હતી. આ ફાયરિંગમાં હુમલાખોર સહિત ૪ લોકો માર્યા ગયા હતા. આ ઉપરાંત સુરક્ષાદળો સાથે જોડાયેલા ૯ અધિકારી પણ ઘાયલ થયા હતા.



દક્ષિણ કોરિયાના ગેપિઓંગમાં આવેલા શિઓંગ ગેપીયોંગ: શિમ પીસ વર્લ્ડ સેન્ટર ખાતે સામુહિક લગ્ન સમારોહમાં ચહેરાના માસ્ક પહેરેલા દંપતી તેમની રિંગ્સની આપલે કરે છે.

આરોપી પર અનેક ચોરીના ગુના દાખલ

મુંબઈમાં અનેક મહિલાઓને કિસ કરી છૂમંતર થનાર નરાધમ આખરે ઝડપાયો

મુંબઈ

શિવસેનાના ગઢ ગણાતા દાદર અને તેને અડીને આવેલા માટુંગામાં માટુંગા રેલવે સ્ટેશન પર જ એક સિરિયલ કિસર ફૂટ ઓવરબ્રિજથી પસાર થતી મહિલાઓ અને યુવતીઓને તક જોઈને તેમની છેડતી કરી ફરાર થઈ જતો હતો.

સૌથી આશ્ચર્યજનક બાબત તો એ છે કે છેલ્લા કેટલાય દિવસથી આ યુવક અનેક મહિલાઓની આ પ્રકારે છેડતી કરી ચુક્યો હતો. જેથી મહિલાઓમાં રીતસરનો ફફડાટ ફેલાયો હતો. પરંતુ માત્ર એક કિલોમીટર દૂર બેઠેલી માટુંગા રેલવે પોલીસને તેની ગંધ સુદ્ધા ન આવી. અંતે ગુરુવારે સોશિયલ નેટવર્કિંગ સાઈટ પર વીડિયો વાઈરલ થયા બાદ પોલીસ હરકતમાં આવી હતી અને આરોપીની ધરપકડ કરવાની ઘટનામાં તપાસમાં લાગી ગઈ હતી.

વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે, માટુંગા રેલવે સ્ટેશનના એક ફૂટ ઓવરબ્રિજ પર મોડી સાંજે યુવતી પસાર થઈ રહી છે. અચાનક તેની પાછળ કોઈ યુવક આવે છે અને તેને કિસ કરીને ભાગે છે. આ ઘટના ૨૫ જાન્યુઆરીની છે. છોકરીએ ઘરે જઈને પરિવારને આ અંગે જાણ કરી હતી. ૨૬ જાન્યુઆરીએ દાદર જીઆરપીમાં અજાણ્યા વ્યક્તિ સામે ફરિયાદ નોંધાઈ હતી. આખરે સીસીટીવી ફૂટેજના આધારે ઓળખ કરીને રેલવે પોલીસે આરોપીને એન્ટોપ હિલથી પકડી પાડ્યો હતો. આરોપીનું નામ હબીબુર ખાન છે. તેના પર અનેક ચોરીના ગુના પણ નોંધાયેલા છે.

ગોપાલ કૃષ્ણને સીબીઆઈએ જીએસટી સાથેના મામલે બે લાખની લાંચ લેતાં ઝડપ્યા

દિલ્હીના ના.મુખ્યમંત્રી સિસોદિયાના ઓએસડી લાંચ લેતાં રંગે હાથ ઝડપાયા



ન્યુ દિલ્હી

દિલ્હી વિધાનસભા ચૂંટણીના બે દિવસ રહેલા સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશનએ ૨ લાખ રૂપિયાની લાંચ લેવાના આરોપમાં ગુરુવારે રાતે દિલ્હી સરકારના એક વરિષ્ઠ અધિકારીની ધરપકડ કરી છે. એમ કહેવાઈ રહ્યું છે કે તે નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયા OSD(ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યુટી) છે. બાદમાં સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશન હેડક્વાર્ટરમાં તેની લાંબી પૂછપરછ કરવામાં આવી હતી. જોકે હજી લાંચ લેવાના કેસમાં સિસોદિયાની કોઈ ભૂમિકા પ્રકાશમાં આવી નથી. આ વિશે મનીષ સિસોદિયાએ પ્રતિક્રિયા આપતા કહ્યું છે, સીબીઆઈ તેને ઝડપથી કડક સજા કરે. અધિકારીઓના જણાવ્યા મુજબ, આરોપી અધિકારીનું નામ ગોપાલ કૃષ્ણ માધવ છે. તેને ૨૦૧૫માં સિસોદિયાનો ઓએસડી બનાવવામાં આવ્યો હતો. કેન્દ્રીય તપાસ એજન્સીની ટીમે તેને મોડી રાતે એક ટ્રેપ ગોઠવીને લાંચ લેતા રંગેહાથે ઝડપી પાડ્યો હતો. ત્યારે તે જીએસટી સાથે જોડાયેલા એક મામલાની પતાવટના બદલામાં ૨ લાખ રૂપિયા લઈ રહ્યો હતો. શુક્રવારે ટ્વિટર પર મનીષ સિસોદિયાએ લખ્યું કે મને જાણવા મળ્યું છે કે સીબીઆઈએ એક જીએસટી ઈન્સપેક્ટરને લાંચ લેતા પકડી પાડ્યા છે. આ અધિકારી મારી ઓફિસમાં ઓએસી તરીકે હતા. સીબીઆઈએ તેમને તાત્કાલિક સખ્ત સજા અપાવવી જોઈએ. આવા ઘણા ભ્રષ્ટ અધિકારીઓને મેં પોતે ૫ વર્ષમાં પકડાવ્યા છે.

સરકારે નાણાંકીય છેતરપિંડી કરી વિદેશ ફરાર થનાર ૭૦ લોકોના નામ જાહેર કર્યા

વિજય માલ્યા, નીરવ મોદી સહિત ૭૦ કૌભાંડી દેશ છોડી ફરાર થયા: કેન્દ્ર સરકાર

ન્યુ દિલ્હી

વિદેશ મંત્રાલયે લોકસભાને જણાવ્યું કે, કુલ ૭૦ ભારતીય, જેમના પર નાણાંકીય અનિયમિતતા અને છેતરપિંડીનો આરોપ છે, તમામ વિદેશમાં છે અને દેશમાં પરત લાવવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. વિદેશ મંત્રાલયના જણાવ્યા મુજબ, આ આંકડા વર્ષ ૨૦૧૫ પછીના છે અને આરોપીઓની વિરુદ્ધ તપાસ ચાલી રહી છે. વિદેશ મંત્રાલયે વિવિધ તપાસ એજન્સીઓ પાસેથી પ્રાપ્ત થયેલી માહિતીના આધારે લોકસભામાં આ જાણકારી આપી છે.

લોકસભામાં એક જવાબમાં વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, આરોપીઓની વિરુદ્ધ લુક આઉટ સર્કુલર, રેડ કોર્નર નોટિસ અને સંબંધિત દેશોને પ્રત્યાર્પણની અપીલ કરવામાં આવી છે. જરૂરી કેસમાં ફ્યુજિટિવ ઈકોનોમિક ઓફેન્ડર્સ એક્ટ-૨૦૧૮ હેઠળ પણ કાર્યવાહી કરવામાં આવી છે.

વિદેશ મંત્રાલયે જણાવ્યું કે, અનેક કેસમાં આરોપીઓના પ્રત્યાર્પણના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે પરંતુ આ પ્રક્રિયા કાયદાકીય રીતે જટિલ હોય છે. સરકારે જણાવ્યું કે, છેતરપિંડી કરીને દેશમાંથી ફરાર થઈ જનારા આરોપીઓમાં પુષ્પેષ બૈદ, આશીષ જોબનપુત્રા, વિજય માલ્યા, સન્ની કાલરા, સંજય કાલરા, એસકે કાલરા, વર્ષા કાલરા, જતિન મેહતા, ઉમેશ પારેખ, કમલેશ પારેખ, નિલેશ પારેખ, એકલવ્ય ગર્ગ, વિનય મિત્તલ, નીરવ મોદી, નીશાલ મોદીના નામ સામેલ છે. આ ઉપરાંત મેહુલ ચોક્સી, સબ્ય સેઠ, રાજીવ ગોયલ, અલ્કા ગોયલ, લલિત મોદી, નિતિન જયંતીલાલ સાંદેસરા, દીપ્તીબેન ચેતન કુમાર સાંદેસરા, રિતેશ જૈન, હિતેશ એન પટેલ, મયૂરી બેન પટેલ અને પ્રીતિ જોબનપુત્રાના નામ પણ સામેલ છે.

સંપત્તિને જાળવી રાખવા માટે આર્થિક પરિવર્તનની ઝડપમાં આક્રમકતા લાવવી પડશે

ક્રૂડ ઓઈલના ઘટેલા ભાવને કારણે મિડલ ઈસ્ટની ૨ લાખ કરોડની સંપત્તિ ધોવાશે: IMF

ન્યુ દિલ્હી

ઈન્ટરનેશનલ મોનેટરી ફંડનાં જણાવ્યાં અનુસાર મિડલ ઈસ્ટનાં દેશોની ૨ લાખ કરોડ ડોલરની સંપત્તિનું ધોવાણ થઈ શકે છે. પોતાનાં રિપોર્ટમાં આઈએમએફએ જણાવ્યું છે કે વૈશ્વિક ક્રૂડની માંગમાં ટૂંક સમયમાં જ ઘટાડો થઈ શકે છે જે ૬ સભ્યો ધરાવતી ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલની આર્થિક સ્થિતિ ડામાડોળ કરી શકે છે. આ કાઉન્સિલ વિશ્વનાં ક્રૂડના ઉત્પાદનનો પાંચમો હિસ્સો છે. જો આર્થિક નિર્ણાયક સુધારાઓ કરવામાં નહીં આવે તો ૨૦૩૪ સુધીમાં મિડલ ઈસ્ટના દેશોની સંપત્તિ ખતમ થઈ શકે છે. આ ઉપરાંત એક દાયકા બાદ તેમની કુલ બિન-તેલ સંપત્તિ પણ સમાપ્ત થઈ શકે છે તેમ ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ રિપોર્ટમાં જણાવાયું છે.

આઈએમએફનાં મિડલ ઈસ્ટ અને મિડલ એશિયા વિભાગનાં ડાયરેક્ટર જિહાદ અજુરે કહ્યું હતું કે આ દેશોએ દીર્ઘકાલીન અને વ્યૂહાત્મક વિચારવાની જરૂર છે કેમ કે તેલ બજારમાં માંગ અને સપ્લાય પક્ષ સંરચનાત્મક રૂપથી બદલાઈ રહ્યા છે. કેટલાક દેશોમાં પહેલેથી ચાલી રહેલા આર્થિક સુધારાને વેગ આપવાની જરૂર છે, એમ તેમણે જણાવ્યું હતું.. તેઓએ કહ્યું હતું કે વિકાસ યોજનાઓ અને રોજગાર સર્જનને સરકારીથી ખાનગી વ્યવસાયોમાં સ્થાનાંતરિત અને બિન તેલઆવક ધરાવતા સ્ત્રોતને વિકસિત કરવાની તાતી જરૂર છે.

જેહાદ અજુરે વધુમાં જણાવ્યું હતું કે ગલ્ફ કોઓપરેશનનાં દેશોએ પોતાની વર્તમાન સંપત્તિને જાળવી રાખવા માટે આર્થિક પરિવર્તનની ઝડપમાં આક્રમકતા લાવવી પડશે. વર્તમાન સુધારા પૂરતા નથી. આંતરરાષ્ટ્રીય તેલ કંપનીઓ અને ઉત્પાદક દેશોએ સ્વીકાર્યું છે કે વૈકલ્પિક ઉર્જાસ્ત્રોતોને કારણે તેલની માંગમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. આઈએમએફએ કહ્યું હતું કે સાઉદી અરેબિયા અને યુએઈ જેવા દેશો આવકનાં અન્ય સ્ત્રોત ઉભા કરી રહ્યા છે પણ તેમની ઝડપ ખુબ જ ધીમી છે.

આ વર્ષે તેલની કિંમતો ઘટી છે. વધુમાં ભૂરાજકીય તણાવ અને કોરોના વાઈરસને કારણે સ્થિતિ વધુ ગંભીર બની રહી છે.

જયપુરમાં કાશ્મીરી યુવકનું મારામારી દરમ્યાન મોતથી તંગદિલિ

ન્યુ દિલ્હી

જયપુરમાં થયેલા એક ઝઘડામાં ઈજાગ્રસ્ત બનેલા કાશ્મીરી યુવકનુ હોસ્પિટલમાં મોત નિપજ્યુ છે.

જમ્મુ કાશ્મીરમાં કુપવાડા જિલ્લામાં રહેતા બાસિત નામના યુવકના મોત બાદ હોસ્પિટલ બહાર બીજા કાશ્મીરી યુવાઓ એકઠા થયા હતા અને હંગામો કર્યો હતો.

પોલીસના કહેવા પ્રમાણે આ મામલામાં ત્રણ આરોપીઓ સામે ફરિયાદ નોંધાયી હતીયા પૈકી એક દિલ્હીના રહેવાસી આદિત્યની ધરપકડ થઈ છે. બીજા બે આરોપીઓની ઓળખ બાકી છે. આ યુવકો કેટરિંગ સર્વિસમાં કામ કરતા અને તેમની વચ્ચે અંદરો અંદર ઝઘડા બાદ મારામારી થઈ હતી. તેમાં કોઈ પ્રકારનો રાજકીય મુદ્દો સામેલ નહોતો.

ઘાયલ બાસિતને હોસ્પિટલમાં દાખલ કરાયો ત્યારે ડોક્ટરોએ ફૂડ પોઈઝિનિગંના કારણે બેહોશ થયો હોવાનુ કારણ આપ્યુ હતુ. બીજા દિવસે ડોક્ટરોને ખબર પડી હતી કે, તેને માથામાં ઈજા થવાથી તે બેહોશ થયો હતો. જોકે તેને બચાવી શકાયો નહોતો.

પ્રિન્ટ ઉપરાંત ડીજીટલ વિજ્ઞાપન પણ દાયરામાં આવી જશે

સાવધાનઃ દવાની ખોટી જાહેરાત કરનાર લોકો દંડાશે

ન્યુ દિલ્હી

ટીવી, અખબાર કે કોઈ વેબસાઈટના માધ્યમથી બિમારીઓના ઈલાજનો ખોટો દાવો કરવો કે ચમત્કારથી દર્દ ભગાડવાનો દાવો હવે મોંઘો પડશે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય ડ્રગ્સ એન્ડ મેજીક રેમેડીસ અધિનિયમ ૧૯૫૪માં સંશોધન કરવા જઈ રહ્યુ છે.

આ સંશોધન થકી કાનૂનના દાયરામાં પ્રિન્ટ મીડીયા ઉપરાંત ઈલેક્ટ્રોનીક અને ડીઝીટલ મિડીયાને પણ લાવવામાં આવશે. એલોપેથીક ઉપરાંત હોમિયોપેથ, આયુર્વેદ, યુનાની અને સિદ્ધ દવાઓને પણ કાનૂનના દાયરામાં લાવવામાં આવશે.

સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે બદલતા સમય અને ટેકનોલોજી સાથે તાલમેલ જાળવવા માટે સરકારે ડ્રગ્સ એન્ડ મેજીક રેમેડીસ અધિનિયમ-૧૯૫૪માં ફેરફાર કરવાનો નિર્ણય લીધો છે. પહેલીવાર દોષિત જણાશે તો બે વર્ષની કેદ સાથે ૧૦ લાખ સુધીનો દંડ ફટકારાશે. બાદમાં અપરાધ કરવા પર પાંચ વર્ષની કેદ અને ૫૦ લાખનો દંડ ફટકારાશે.



કનેક્ટ ઈન્ડિયન્સ www.connectindians.inમાં જોડાઈ નિયમ મુજબ કામ કરો અને સોળ વર્ષ જુના સમાચારપત્ર (news paper) જંગ એ ગુજરાત www.jungegujarat.inના
PRESS પ્રતિનિધિ બની સમાજમાં પ્રતિષ્ઠા સાથે સંપત્તિ કમાવા તાત્કાલિક વહેલા તે પહેલાંના ધોરણે નિયુક્તિ માટે સંપર્ક કરો. ૯૯૭૮૪૦૬૨૫૭

જોજો ચૂકી જતા આ મોકો

MARKET 4U ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૫૫૦/- ભરી શકે તેવા અને
પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા
૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને
મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો
(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને **જીતો**



MARUTI ALTO



HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રી ૧૫ ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિવસ

(શરતો લાગુ રહેશે)

9978406257

'આપની પ્રગતિ એજ અમારો નિર્ધાર'

શુ આપ **Market4u** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/-ભરાવી **Market4u**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **Market4u**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U** ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

અને હા જેને **PRESS** માં જોડાવામાં રસ હોય તેઓ પણ સંપર્ક કરી શકશે
PRESS પ્રતિનિધિ બનાવવામાં આવશે (નિયમ લાગુ રહેશે)

MARKET 4U **ફ્રેન્ચાઈઝી નીમવાના છે**

CEO Mrket4u, Dhananjay zaveri, Surat - Bharuch. 7575006850
www.jungegujarat.in

Market4u રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી
(રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

ઓફીસ એડ્રેસ

સુરત
Market4u
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ
Market4u
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ
જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U**નું નવું સાહસ
WWW.CONNECTINDIANS.IN

Market4uના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને **Market4u** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો
9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૫૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **Market4u**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **market4u** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૫૫૦/- ભરો અને અન્યોને **Market4u**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૫૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in • www.market4u.in
ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ *મોકલવાનો ખર્ચ રૂ.૧૦૦/- અલગથી ચૂકવવાનો રહેશે*

CONNECT INDIANS : MLM Plan Rs. 550
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટર:** ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૫૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ રૂપિયા ૧૦૦/- એમ કુલ ૬૫૦/- ટ્રાન્સફર કરો . ટ્રાન્જેક્સનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **Market4u**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.jungegujarat.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :
CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257
(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી સ્થાનેથી...

સંકટથી પણ આગળ

દેશમાં જળ સંકટ પર નીતિ આયોગના હાલના રિપોર્ટથી કેટલીક ખૌફનાક સ્થિતી સપાટી પર આવી ગઇ છે. જો કે એવા કોઇ સંકેત મળતા નથી કે સરકારની નીતિ પર અને પ્રાથમિકતા પર તેની કોઇ પ્રતિકુળ અસર થનાર છે. આવા જ કારણે એવી શંકા રહેલી છે કે આ રિપોર્ટ પર અગાઉના રિપોર્ટની જેમ જ થોડાક દિવસ ચર્ચામાં રહ્યા બાદ હવા થઇ જશે. દર વર્ષે આ પ્રકારના હેવાલ સપાટી પર આવતા રહે છે. રિસર્ચ અને અભ્યાસ હેવાલો સપાટી પર આવતા રહે છે. નીતિ આયોગના હેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે અમે ઇતિહાસના સૌથી ભીષણ જળ સંકટના દૌરમાંથી પસાર થઇ રહ્યા છીએ. શુદ્ધ પાણી ન મળવાના કારણે વાર્ષિક બે લાખ લોકોના મોત થઇ જાય છે. વર્ષ ૨૦૨૦ સુધી દેશના ૨૧ શહેર ભૂગર્ભ જળની કમીના કારણે મુશ્કેલનો સામનો કરી રહ્યા છે. વર્ષ ૨૦૩૦ સુધી દેશમાં પાણીની માંગ આના પુરવઠા કરતા બે ગણી થઇ જશે અને સમસ્યા વધારે વિકરાળ બની જશે. રિપોર્ટમાં અન્ય કેટલીક બાબતો પર ધ્યાન આપવામાં આવ્યુ છે. પાણીની આ કમીના જીડીપી પર પડનાર અસરને પણ ધ્યાનમાં લઇને રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે. તેના કહેવા મુજબ જળ સંકટના કારણે જીડીપીમાં છ ટકા સુધીનો ઘટાડો થઇ શકે છે. રિપોર્ટમાં દર્શાવાયેલી સ્થિતી તમામ લોકોની આંખો ખોલી નાંખે છે. જો કે આ બાબતને પણ નકારી શકાય નહી કે તે પહેલા પણ આવા હેવાલ આવતા રહ્યા છે. દર વર્ષે વરસાદની સિઝનની શરૂઆત થાય તે પહેલા કોઇને કોઇ જળ સાથે સંબંધિત સંસ્થા દ્વારા પાણીના સંકટને લઇને રિપોર્ટ જારી કરે છે. એટલે કે સરકાર અને નિષ્ણાંતો પરિસ્થિતીની ગંભીરતાથી સંપૂર્ણપણે વાકેફ છે. તેમ છતાં ઉદાસીનતા દર્શાવવામાં આવી રહી છે. સ્થિતીથી વાકેફ હોવા છતાં વરસાદના પાણીને બચાવવા, પારંપરિક જળ સ્ત્રોતની સુરક્ષા રાખવા અને ભૂગર્ભ જળને લઈ ચર્ચા રહી છે. આની તરફ ધ્યાન આપવામાં આવી રહ્યુ નથી. સરકારની પ્રાથમિકતામાં આ મુદ્દો દુર દુર સુધી દેખાતો નથી. પાણીની ચિંતા કર્યા વગર દરેક નાના મોટા શહેરમાં નવી નવી કોલોની બની રહી છે. આને વિકાસની જીવિત તસ્વીર તરીકે પણ ગણવામાં આવે છે. આ તમામ કોલોની સુધી પાણી કઇ રીતે પહોંચી જશે અને ગંદા પાણીનો નિકાલ કઇ રીતે કરવામાં આવનાર છે તેને લઇને કોઇ વ્યવસ્થા કે આયોજન સરકાર અથવા તો સંબંધિત લોકો દ્વારા કરવામાં આવતુ નથી. એકંદરે અમે આઇન્સટાઇનની ડાયરીના હવાલેતી આવેલી રિપોર્ટ પર ખરા ઉતરી રહ્યા છીએ. જેમાં કહેવામાં આવે છે કે ભારતીય ૧૫ મિનિટથી વધારે આગળ પાછળ વિચારવા માટેની શક્તિ ધરાવતા નથી. પાણીની ચિંતાને સરકારની પ્રાથમિકતામાં સામેલ કરવામાં આવશે તો જ નીતિ આયોગની સફળતાને યોગ્ય ગણી શકાશે. હાલમાં પાણીની સમસ્યા દિન પ્રતિદિન વધુને વધુ ગંભીર બની રહી છે. આ સમસ્યા વધારે ખતરનાક બનવાના સંકેત પણ દેખાઇ રહ્યા છે. નવા રિપોર્ટને ગંભીરતાની સાથે લઇને આગળ વધવામાં આવે તે જરૂરી છે. નવા જળ મંત્રાલયની રચના કરવામાં આવ્યા બાદ તેની સામે કેટલાક નવા પડકારો રહેલા છે.

ઇતિહાસના સૌથી ભીષણ જળ સંકટમાંથી પસાર થઇ રહ્યા હોવાનો રિપોર્ટમાં ધડાકો

ભારતમાં ૧૦ લાખથી વધુની વસ્તીવાળા ૫૦થી વધારે શહેરો છે

જળવાયુ પરિવર્તન : અમે કેટલા તૈયાર



કેટલાક શહેરો દરિયા અને નદીની પાસે હોવાથી જળવાયુ પરિવર્તન પ્રત્યે ખુબ સંવેદનશીલ બન્યા છે : શહેરો માટે વિકાસ સર્વોપરિ એજન્ડો જરૂરી

જળવાયુ પરિવર્તન પર અમે કેટલા તૈયાર છીએ તેને લઇને હમેંશા ચર્ચા રહે છે. જળવાયુ પરિવર્તનની અસરથી ભારતના તમામ શહેરો અને વિસ્તારો પ્રભાવિત થનાર છે. વર્ષ ૨૦૬૫ સુધી ભારતની વસ્તી ૧.૭ અબજ થઇ જશે. તેના મોટા ભાગના હિસ્સા શહેરી રહેનાર છે. તે વખતે રહેવાલાયક શહેરો માટે વિકાસ સર્વોપરીના એજન્ડાને આગળ વધારીને આગળ વધવાની જરૂર પડનાર છે. આ એજન્ડાને પાર પાડવાની બાબત ખુબ મુશ્કેલરૂપ રહેનાર છે. ભારતના નીતિ નિર્માતાઓને દેશના શહેરોની જળવાયુ અને ભૌગોલિક વિવિધતાને સમજવાની ખુબ જરૂર છે. અહીં ૧૦ લાખથી ઉપરની વસ્તીવાળા ઓછામાં ઓછા ૫૦ શહેર રહેલા છે. આમાંથી કેટલાક શહેરો જેમ કે ચેન્નાઇ, મુંબઇ જેવા શહેરો દરિયાઇ અથવા તો નદીની પાસે હોવાથી ખુબ સંવેદનશીલ છે. તેમ છતાં હાલના દિવસોસુધી શહેરના પ્લાનિંગ એજન્ડામાં જળવાયુ પરિવર્તન સામે મુકાબલો કરવા માટે કેટલાક સ્થાયી ઉપાયનો અભાવ દેખાય છે. મુંબઇ, સુરત અને કોલકત્તામાં એક સિરિઝની શરૂઆત કરવામાં આવી ચુકી છે. સરકારના સ્માર્ટ સિટી પ્લાન જળવાયુ પરિવર્તનનો મુકાબલો કરવા માટે આ દિશામાં એક નવી શરૂઆત છે. આ સ્માર્ટ સિટી પહેલ સ્વાગતયોગ્ય શરૂઆત તરીકે છે. આવી જ રીતે ઇન્ડિયા કુલિંગ એક્શન પ્લાનનો હેતુ ૨૦૩૮ સુધી કુલિંગ ડિમાન્ડને ૨૫ ટકા સુધી અને રફ્રીજરેન્ટની માંગને ૨૫-૩૦ ટકા સુધી ઘટાડી દેવાની રહેલી છે. કેટલાક શહેરોએ આંતરરાષ્ટ્રીય સહકારની પહેલ કરી છે. જો કે આ પ્રકારની પારસ્પિક સહકારની યોજનાઓ માટે રાજય અને કેન્દ્ર સરકારની મંજુરી અને નાણાંકીય સહાયતા પર નિર્ભર રહેવાની ફરજ પડે છે. કોઇ શહેરી ક્ષેત્રમાં જળવાયુ પરિવર્તનનો સામનો કરવા માટે લેવામાં આવેલા કોઇ પણ પગલા માટે જરૂરી છેકે તેને સ્થાનિક સ્તર પર તૈયાર કરીને તેને અમલી કરવામાં આવે . આની ખાતરી કરવા માટે સ્થાનિક સ્તર પર સશક્તિકરણની સાથે સાથે અમારા શહેરી વિકાસના દ્રષ્ટિકોણમાં ફેરફાર કરવાની જરૂર હોય છે. અમારા શહેરી વિકાસના દ્રષ્ટિકોણને બદલી નાંખવાની જરૂર છે. અસંતુલન યોગ્ય રીતે રાખવા માટે વિકાસ સર્વોપરીના દ્રષ્ટિકોણને જાળવી રાખવાની જરૂર છે. અમને પારસ્પિક લાભના દ્રષ્ટિકોણની જરૂર છે. જે બંને પક્ષોની લાભની વાત કરી શકે છે. આવા દ્રષ્ટિકોણને અપનાવવાની જરૂર છે જેના કારણે સંઘર્ષની સ્થિતી ઉભી થઇ શકતી ન હોય. આ પ્રકારના દ્રષ્ટિકોણથી વધારે સારી ઉર્જા પ્રાપ્ત થઇ શકે છે. એક અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે કોલકત્તા આશરે ચાર વર્ષની બે બેક અવધિના રોકાણ કરીને ૨૦૨૫ સુધી પોતાના કાર્બન ઉત્સર્જનને સરળતાથી ૨૧ ટકા ઘટાડી શકે છે. આ રોકાણથી થયેલી આવકને ફરી રોકાણ કરવાના કારણે શહેરી ક્ષેત્રો માટેકાર્બન ઉત્સર્જનમાં વધારે ઘટાડો થઇ શકે છે. જળવાયુ પરિવર્તનની યોજનાને લઇને ભારતની રાષ્ટ્રીય કાર્યયોજના ૨૦૦૮ના આ જ દ્રષ્ટિકોણને એકીકૃત તરીકે રજૂ કરે છે. જો કે આને જમીની સ્તર પર ઉતારવા માટે ખાસ ઉપાય કરવાની જરૂર દેખાઇ રહી છે. અમારા શહેરોને પ્રાથમિકતાના આધાર પર જળવાયુ પરિવર્તનનો સામનો કરવા માટે યોજના બનાવવા અને પહેલ કરવાની જરૂર દેખાઇ રહી છે. પાણી સોખી લેનાર માટી પર શહેર વસાવવા માટે અને કુદરતી પુરના મેદાનમાં નિર્માણને રોકવાની જરૂર દેખાઇ રહી છે. શહેરી તૈયારીઓમાં હિટવેવ્ય જેવી ઘટનાઓને લઇને યોજના બનાવવાની જરૂર દેખાઇ રહી છે. તે હવે જાહેર આરોગ્યની કોઇ સમસ્યા તરીકે રહી ગઇ નથી. સ્થાનિક એકમોને શ્રમ, પાણી, અને વીઝળી જેવા ક્ષેત્રોમાં સમન્વય કરવાની જરૂર દેખાઇ રહી છે. જળવાયુ પરિવર્તનની અસરથી દરેક ક્ષેત્ર જોરદાર રીતે પ્રભાવિત થઇ રહ્યા છે. ૨૦૬૫ સુધી ભારતની વસ્તી ૧.૭ અબજ સુધી પહોંચી જશે. તેનો મોટા ભાગનો હિસ્સો શહેરી રહેનાર છે. સમય રહેતા તૈયારી કરવાની જરૂર છે. ભવિષ્યમાં પર્યાવરણને લઇને સમસ્યા આવનાર છે.

કેટલાક શહેરોમાં એકથી વધારે વિમાનીમથક બનાવવાને મહત્વ

નવા એરપોર્ટ નિર્માણને પણ મહત્વ



વિમાનમાં મુસાફરી કરતા યાત્રીઓની સંખ્યામાં સતત વધારો થઇ રહ્યો છે : તમામ નાના પરંતુ વિકાસ તરફ વધતા શહેરોમાં એરપોર્ટ હશે

દેશમાં વિમાનીમથકોની સંખ્યા વધારી દેવાની જરૂરિયાત અનુભવાઇ રહી છે. કેટલાક મોટા શહેરોમાં તો આવનાર દિવસોમાં એક કરતા વધારે વિમાનીથક રહેનાર છે. કારણ કે દેશમાં વિમાની યાત્રા કરનાર લોકોની સંખ્યામાં રોકેટ ગતિથી વધારો થઇ રહ્યો છે. આ ઉપરાંત સરકાર દ્વારા પણ છેલ્લા છ વર્ષમાં ઉડ્ડયન ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે જુદા જુદા પગલા લેવામાં આવ્યા છે. આનાથી સીધો ફાયદો થયો છે. વર્ષ ૨૦૩૦ સુધી દેશના ઓછામાં ઓછા ૨૦ શહેરોમાં ત્યાં રહેલા વિમાનીમથક ઉપરાંત એક વધુ વિમાનીમથકની જરૂર પડનાર છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા આ મુજબની વાત કરવામાં આવી છે. આ શહેરોમાં મુંબઇ, દિલ્હી, ગોવા, વિશાખાપટ્ટનમ, જયપુર, પુણે, કોલકત્તા અને બેંગલોરનો સમાવેશ થાય છે. એક અભ્યાસમાં આ મુજબન વાત સપાટી પર આવી છે. આ હેઠળ આ બાબતની તપાસ કરવામાં આવી રહી છે કે કયા શહેરમાં વિમાનીમથક ક્યારે પોતાની ક્ષમતાને હાંસલ કરી લેશે. અલબત્ત ક્ષમતા પૂર્ણ થયાના પાંચ વર્ષ પહેલા જ નાગરિક ઉડ્ડયન મંત્રાલય જુદા જુદા રાજયોની સરકારોને વિમાનીમથક માટે જમીન આપી દેવા માટે અપીલ કરશે. કેટલાક મોટા વિમાનીમથકોથી તેમની ક્ષમતા કરતા વધારે યાત્રી મુસાફરી કરી રહ્યા છે. દિલ્હી દાખલા તરીકે લઇ શકાય છે. ગયા વર્ષે દિલ્હી વિમાનીમથકથી આશરે સાઢા છ કરોડ પ્રવાસીઓએ યાત્રા કરી હતી. આ સંખ્યા આ વર્ષે સાત કરોડ સુધી પહોંચે તેવી શક્યતા છે. આ ગતિથી આ વિમાનીમથક પર યાત્રી બોજ તેની ક્ષમતા કરતા ખુબ વધારે થઇ જશે. ક્ષમતા પૂર્ણ કરી ચુકેલા વિમાનીમથકોના વિસ્તરણ માટેની યોજના તૈયાર કરવામાં આવી રહી છે. કેટલાક વિમાનીમથક એવા પણ છે જે વિમાનીમથકના વિસ્તરણ માટે કોઇ સંભાવના રહેલી નથી. ભારતમાં ઉડ્ડયન નેટવર્ક જે ગતિથી વધી રહ્યુ છે તેને લઇને દુનિયા આશ્ચર્યજનક રીતે જોઇ રહી છે. હાલના વર્ષોમાં ભારતીય વિમાનન ક્ષેત્રની પ્રગતિ એશિયામાં સૌથી વધારે રહી છે. તેની ગતિ ૧૩.૩ આંકવામાં આવી હતી.જ્યારે ચીનન પ્રગતિ ૮.૩ ટકા આંકડાવામાં આવી હતી. દક્ષિણ કોરિયા ૮.૧ ટકાની સાથે ત્રીજા સ્થાને રહ્યુ હતુ. ઇન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિએશનના અંદાજમાં કહેવામાં આવ્યુ છે કે વર્ષ ૨૦૨૫ સુધી ભારત બ્રિટનને પાછળ છોડીને વિશ્વના ત્રીજા સૌથી મોટા નેટવર્ક તરીકે ઉભરી આવશે. હકીકત એ છે કે ભારતમાં મધ્યમ વર્ગમાં ઝડપથી વધારો થયો છે. તેમની ખરીદી શક્તિમાં વધારો થયો છે. સાથે સાથે તેમની દેશન અંદર અવરજવર પણ વધી ગઇ છે. મધ્યમ વર્ગના લોકો તેમની યાત્રા પર વધારે ખર્ચ કરવા માટે તૈયાર દેખાઇ રહ્યા છે. જેથી નાના નાના શહેરોમાં પણ વધારે વિમાની યાત્રી જોવા મળી શકે છે. ખાનગીકરણ બાદ કેટલીક વિમાની કંપનીઓ લો કોસ્ટ સેવા શરૂ કરી ચુકી છે. જેથી આ સેક્ટરનુ કદ વધી રહ્યુ છે. આવી સ્થિતીમાં યાત્રીઓની વધતી જતી સંખ્યા વચ્ચે વિમાનીમથકોની ક્ષમતાને વધારી દેવાની જરૂર છે. સ્થાનિક યાત્રીઓની સાથે સાથે વિદેશી પ્રવાસીઓ માટે પણ અમારા વિમાનીમથકોને ટેકનિકની દ્રષ્ટિએ વધારે પ્રોફેશનલ બનાવી દેવાની જરૂર છે. એર ટ્રાફિક મેનેજમેન્ટને લઇને પણ કેટલીક બાબતોને ધ્યાનમાં લેવાની જરૂર છે. મોદી સરકાર વારંવાર કહી રહી છે કે દેશમાં હવાઇ ચંપલ પહેરનાર વ્યક્તિ વિમાની યાત્રા કરી શકે તે માટે યોજના તૈયાર કરવામાં આવી રહી છે. નવા નવા વિમાનોના ઓર્ડર આપવામાં આવીરહ્યા છે. દેશમાં વિશ્વાસનો માહોલ છે. સાથે સાથે ઉડ્ડયન ક્ષેત્રમાં તેજી આવી રહી છે જેની સીધી અસર જોવા મળી રહી છે. એરપોર્ટ પર ક્ષમતાને સુધારી દેવા માટે આગામી દિવસોમાં ઝડપથી કામ થાય તેવી શક્યતા દેખાઇ રહી છે. આના માટેના આદેશ જારી કરવામાં આવી ચુક્યા છે.

વધતી વયને છુપાવવામાં ભૂમિકા અદા કરે છે

દ્રાક્ષ અનેક રીતે ઉપયોગી છે

આધુનિક સમયમાં મોટા ભાગના લોકો વયને છૂપાવવા માટે બનતા તમામ પ્રયાસો કરે છે. આ બાબતની નોંધ લઇને મહાકાય કોસ્મેટિક કંપનીઓ દ્વારા બજારમાં એવી દવાઓ ઉતારવામાં આવી છે જે દવાઓના ઉપયોગથી તાજગી દેખાય છે. સાથે સાથે ખૂબસુરતીમાં પણ વધારો થાય છે. પોતાની જે વય છે તે કરતાં નાની વય દેખાવવા માટે તમામ લોકોના પ્રયાસો હોય છે. હવે તાજેતરમાં જ કરવામાં આવેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દ્રાક્ષ વધારે પડતી વહેલી તકે મોટી વય દેખાવાથી રોકવામાં ભૂમિકા અદા કરે છે. નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે આ ફ્રૂટ સ્કીન કેન્સર સામે રક્ષણ પણ આપે છે. સાથે સાથે મોટી વય નિર્ધારિત સમય કરતા વહેલી તકે દેખાતા પણ રોકે છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે આ ફ્રૂટમાં કેટલાક એવા ઘટક તત્વો છે જે અલ્ટ્રા વોયલેટ રેડીએશનથી સેલનું રક્ષણ કરે છે. સૂર્યના તાપના કારણે અલ્ટ્રા વોયલેટ રેડીએશન નીકળે છે જેનાથી સ્કીન ઉપર માઠી અસર થાય છે. આનાથી સ્કીન કેન્સર થવાનું સંકટ પણ રહે છે. બ્રિટનના જાણીતા અખબાર ડેલી મેઇલે અહેવાલ આપતા જણાવ્યું છે કે અલ્ટ્રા વોયલેટ (યુવી) રિયેક્ટિવ ઓક્સિજન પ્રતિકૂળતાના સ્તરને વધારે છે જે સ્કીનમાં સેલને નુકશાન કરી શકે છે. યુનિવર્સિટી ઓફ બાર્સેલોના અને સ્પેનીંશ નેશનલ રિસર્ચ કાઉન્સિલના વૈજ્ઞાનિકોએ અભ્યાસ બાદ શોધી કાઢ્યું છે કે દ્રાક્ષની અંદર એવા ઘટક તત્વો છે જે મોટી વય દેખાતા રોકવામાં ભૂમિકા ભજવે છે. આ ઘટક તત્વો એવા સેલના ફેલાવાને રોકે છે જે વય વધવા માટે જવાબદાર રહે છે. આ અભ્યાસના પરિણામને ધ્યાનમાં લેવામાં આવ્યા બાદ આગામી દિવસોમાં તેનો સીધો ફાયદો થઈ શકે છે. હજુ વધુ અભ્યાસ હાથ ધરવામાં આવનાર છે.



ભારતીય મહિલાઓના આરોગ્યને લઇને ફરી નવી ચર્ચા છેડાઇ...

મહિલાઓમાં વિટામિન ડીની કમી છે

ભારતીય મહિલાઓના આરોગ્યને લઇને ફરી એકવાર નવી ચર્ચા છેડાઇ ગઇ છે. આનુ મુખ્ય કારણ હાલમાં જારી કરવામાં આવેલા એક રિપોર્ટના તારણને ગણવામાં આવે છે. જેમાં કહેવામાં આવ્યુ છે કે ભારતમાં કુલ ૭૪ ટકા મહિલાઓમાં વિટામિન ડીની કમી રહેલી છે. વિટામિન ડીની કમીના કારણે અનેક પ્રકારની બિમારીઓને આમંત્રણ મળે છે. આ મામલામાં ઉત્તર ભારતમાં રહેતી મહિલાઓની સ્થિતી સૌથી ખરાબ હોવાનુ સપાટી પર હવે આવ્યુ છે. વિટામિન ડી શરીર માટે ખુબ ઉપયોગી છે. આવી સ્થિતીમાં વિટામિન ડીની કમી હોવાની સ્થિતીમાં મહિલાઓને જુદી જુદી તકલીફ થાય છે. જેમાં ઓસ્ટિયોપોરોસિસ, ડાયાબિટીસ, જોડમાં પીડા અને પગમાં સોઝા જેવી બાબતનો સમાવેશ થાય છે. દિલ્હી મેડિકલ એસોસિએશન ના પૂર્વ અધ્યક્ષ અને સિનિયર ફિજિશિયન ડોક્ટર અનિલ બંસલ કહે છે કે ભારતીય મહિલાઓમાં વિટામિન ડીની કમીનુ મુખ્ય કારણ એ હોય છે કે દેશમાં મોટા ભાગની મહિલાઓ સાડી, સલવાર કુરતા પહેરે છે. જેના કારણે તેમના શરીરવિટામિન ડી બનાવનાર મુખ્ય સ્ત્રોત સુરજની કિરણોને પૂર્ણ રીતે ઢાકી દે છે. હજુ સુધી સ્થાનિક મહિલાઓમાં જ અથવા તો ઘરમાં રહેતી મહિલાઓમાં વધારે પ્રમાણમાં વિટામિન ડીની કમી રહેતી હતી. કારણ કે નોકરી કરતી મહિલાઓ પણ વધારે સમય સુધી ઓફિસમાં રહે છે. જેથી સુર્ય પ્રકાશથી વંચિત રહે છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે કુદરતી રીતે શરીરમાં વિટામિન ડીની કમીને રોકવા માટે સૌથી શ્રેષ્ઠ સાધન તરીકે સુર્યની રોશની છે. જો સવારે અથવા તો સાંજે આશરે એક કલાક સુધી સુર્યની સામે રહેવામાં આવે તો વિટામિન ડીની કમીથી બચી શકાય છે. વિટામિન ડી સપ્લીમેન્ટ પણ લઇ શકાય છે. વિટામિન ડી ઇન્ડાના પીળા હિસ્સામાં હોય છે.તાજેતરમાં જ કરવામાં આવેલા એક વ્યાપક અને રસપ્રદ અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, વિટામિન ડીના ઓછા પ્રમાણના કારણે ઘણી તકલીફો ઉભી થઇ શકે છે. વિટામિન ડીની અછત હાર્ટ સાથે સંબંધિત રોગ માટે પણ જવાબદાર છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, વિટામિન ડીનું પૂરતુ પ્રમાણ અતિ જરૂરી છે. ઓછુ પ્રમાણ ઘાતક બિમારીઓને આમંત્રણ આપી શકે છે. ૧૦ હજારથી વધુ દર્દીઓને આવરી લઇને કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, વિટામિન ડીની અછત ૭૦ ટકા લોકોમાં જોવા મળી છે અને તેમનામાં હાર્ટ સાથે સંબંધતિ રોગનો ખતરો વધારે રહે છે. વિટામિન ડીની અછત ધરાવનાર લોકોના મોતનો ખતરો પણ વધારે રહે છે. આ અછતને દૂર કરવાની બાબત જરૂરી પોષકતત્વોને લઇને જોડાયેલી છે. પોષકતત્વો સાથે અછતને દૂર કરવાથી મોતનો ખતરો ૬૦ ટકા ઘટી જાય છે. યુનિવર્સિટી ઓફ કન્સાસ દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, હાર્ટ સાથે સંબંધિત રોગ અને વિટામિન ડીની અછત વચ્ચે સીધો સંબંધ છે. આ સંબંધ પણ ખૂબ જ મજબૂત છે. યુનિવર્સિટી ઓફ કન્સાસ હોસ્પિટલ એન્ડ મેડિકલ સેન્ટરના કાર્ડિયોલોજિસ્ટ પ્રોફેસર ડૉ. જેમ્સે કહ્યું છે કે, અપેક્ષા કરતા પણ વધુ નક્કર પુરાવા મળ્યાં છે. વિટામિન ડીની અછત ઘણાં રોગો સાથે સંબંધ ધરાવે છે. દર્દીઓને ધ્યાનમાં લઇને જરૂરી દવાના સૂચન પણ કરવામાં આળ્યાં છે. કાર્ડિયોલોજીસ્ટોનું કહેવું છે કે, વિટામિન ડીની અછત ધરાવતા લોકોમાં ડાયાબિટીસ થવાનો ખતરો બે ગણો રહે છ. આ ઉપરાંત હાઈ બ્લડ પ્રેશર થવાનો ખતરો ૪૦ ટકા વધુ રહે છે અને કાર્ડિયો થવાનો ખતરો ૩૦ ટકા વધારે હોય છે. એકંદરે વિટામિન ડીની અછત ધરાવતાં લોકોમાં કોઈપણ કારણસર મૃત્યુનો ખતરો ત્રણ ગણો વધારે છે. અભ્યાસમાં આ બાબત સાબિત થઈ શકી નથી. વિટામીન ડીની અસર શુ થાય છે. અગાઉના સંસોધનોમાં સૂચન કરવામાં આવ્યું હતું કે, મોટાભાગના અમેરિકનોના શરીરમાં પુરતા પ્રમાણમાં વિટામિન ડીની સપાટી નથી. નવેસરના નેશનલ હેલ્થ એન્ડ ન્યુટ્રીશનના સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે, ૨૫થી ૫૭ ટકા પુખ્ત વયના લોડોમાં ડીનું અપુરતુ પ્રમાણ છે. અન્ય અભ્યાસ સુચવે છે કે, વિટામિન ડીની અછત ઘાતક છે. વિટામીન ડીની અછતથી ઘણી તકલીફો ઉભી થઈ શકે છે. તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસથી આ બાબત સાબિત થઈ ચુકી છે. વિટામીન ડીના પ્રમાણને વધારવા પોષકતત્વો બજારમાં ઉપલબ્ધ છે. જેમાં ઓઈલી ફિશ, ઈંડા અને દૂધ પેદાશોનો સમાવેશ થાય છે. સૂર્ય પ્રકાશથી પણ વિટામીન ડી મેળવી શકાય છે. ઓછામાં ઓછા ૨૦ મિનિટ સુધી સૂર્ય પ્રકાશમાં ગરમીની સિઝનમાં રહીને વિટામીન ડી મેળવી શકાય છે. જાણકાર નિષ્ણાતોનું કહેવું છે કે, સૂર્યમાંથી વિટામીન ડી ઉપલબ્ધ થાય છે. આશરે ૯૦ ટકા વિટામીન ડી સૂર્યમાંથી જ મળે છે. આશરે ૧૦ ટકા વિટામીન ડી ખાદ્ય ચીજવસ્તુઓમાંથી મળે છે.

ફિલ્મી ગપસપ...

ચેમ્બુરમાં સુરિન્દર કપૂર ચોકનું ઉદ્ઘાટન, સોનમનાં દાદાના નામ પરથી થયું નામકરણ

મુંબઈ


કપૂર પરિવારે ગુરુવારે મુંબઈમાં ચેમ્બુરમાં સુરિન્દર કપૂર ચોકનું ઉદ્ઘાટન કર્યું. બોની કપૂર, અનિલ કપૂર અને સંજય કપૂરના પિતા સુરિન્દર કપૂરના નામ પરથી આ ચોકનું નામ રાખવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ત્રણેય ભાઈઓની સાથે તેમના છોકરાઓ સોનમ કપૂર, અર્જુન કપૂર, જાન્હવી કપૂર વગેરે પણ હાજર રહ્યા હતા. પરિવારે પહેલાં પૂજા કરી હતી. અર્જુન કપૂર, સોનમ કપૂરે સોશિયલ મીડિયા પર આ ઈવેન્ટના ફોટો અને વીડિયો પણ શેર કર્યા હતા.

અર્જુન કપૂરે ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ શેર કરતાં લખ્યું કે, 'તેઓ આ શહેરમાં મારા દાદી સાથે આવ્યા હતા અને તેમને ખબર ન હતી કે ભવિષ્ય કેવું હશે. કદાચ તેઓ આ ઈન્ડસ્ટ્રી માટે આઉટસાઈડર હતા પણ તેમણે મુગલ એ આઝમમાં અસિસ્ટન્ટ બની કામ શરૂ કરીને પોતાની જગ્યા બનાવી, તેમના બાળકો અને પૌત્ર પૌત્રીઓ તેમની લેગસી અને પરિવારનું નામ આગળ વધાર્યું. ચેમ્બુરના લોકોનો આભાર આ ચોકને હકીકત બનાવવા માટે. અમારો પરિવાર તમને ઈન્ટરટેઈન કરવા માટે છે કારણકે મારા દાદાએ આ પ્રોફેશન નક્કી કર્યું હતું. આજે અમે નસીબદાર છીએ અને હા કદાચ જાણીતી અટક પણ છે અમારી પાસે પણ અમારા પરિવારે મુંબઈમાં મારા દાદા સાથે શરૂઆત કરી હતી.'



આદિત્ય રોય કપૂર અને દિશા પટ્ટણી સ્ટારર ફિલ્મ મલંગ ૭ ફેબ્રુઆરીએ રીલિઝ થઈ ગઈ છે. ફિલ્મને સોશિયલ મીડિયા પર ખુબજ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. આ પહેલા ૬ તારીખે ફિલ્મની સ્પેશિયલ સ્ક્રીનિંગ રાખવામાં આવી હતી. સ્ક્રીનિંગમાં ફિલ્મની સ્ટારકાસ્ટ ટાઈગર શ્રોફ, કેટરીના કૈફ, ચંકી પાન્ડે, હુમા કુરેશી, સોનમ કપૂર જેવા સ્ટાર જોવા મળ્યા હતા.

અમિતાભ બચ્ચનના ટ્વિટર પર અધધધ...૪૦ મિલિયન ફોલોઅર્સ..!!



મુંબઈ

અમિતાભ બચ્ચનના ટ્વિટર પર ૪૦ મિલિયન ફોલોઅર્સ થઈ ગયા. ટ્વિટર પર અમિતાભ બચ્ચન ઘણાં જ એક્ટિવ રહે છે. તેઓ ટ્વિટર ઉપરાંત ફેસબુક તથા ઈન્સ્ટાગ્રામ પર પણ છે. આટલું જ નહીં બિગ બી પોતાનો પર્સનલ બ્લોગ પણ ધરાવે છે.

હાલમાં પીએમ નરેન્દ્ર મોદીના ટ્વિટર પર પર મિલિયન ફોલોઅર્સ છે. ભારતમાં ટ્વિટર પર સૌથી વધુ ફોલોઅર્સ પીએમ મોદીના છે. પીએમ મોદી બાદ જો ટ્વિટર પર સૌથી વધુ ફોલોઅર્સ હોય તો તે અમિતાભ બચ્ચનના છે. આ લખાય છે ત્યારે અમિતાભના ટ્વિટર પર ૪૦,૦૦૬,૩૫૪ ફોલોઅર્સ હતાં. શાહરુખ ખાનના ટ્વિટર પર ૩૯.૮ મિલિયન ફોલોઅર્સ છે. ભારતમાં પ્રિયંકા ચોપરાના ઈન્સ્ટાગ્રામ પર સૌથી વધુ ૪૯.૪ ફોલોઅર્સ છે.

અમિતાભ બચ્ચનના ૨૭.૯ મિલિયન ફોલોઅર્સ ફેસબુક પર તથા ઈન્સ્ટાગ્રામ પર ૧૪.૨ મિલિયન ફોલોઅર્સ છે. વર્કફ્રન્ટની વાત કરવામાં આવે તો અમિતાભ બચ્ચનની આ વર્ષે ચાર ફિલ્મ રિલીઝ થશે. ૭૭ વર્ષની ઉંમરમાં પણ અમિતાભ બચ્ચન ફિલ્મ તથા બ્રાન્ડ શૂટમાં વ્યસ્ત રહે છે. આ વર્ષે અમિતાભ બચ્ચનની 'ચેહરે', 'ગુલાબો સિતાબો', 'ઝુંડ' તથા 'બ્રહ્માસ્ત્ર' રિલીઝ થશે.

રણવીર સિંહે 'જયેશભાઈ જોરદાર'નું શૂટિંગ પૂરું કર્યું



મુંબઈ

'યશ રાજ પ્રોડક્શન' હેઠળની રણવીર સિંહ સ્ટારર ફિલ્મ 'જયેશભાઈ જોરદાર'નું શૂટિંગ પૂરું થઈ ગયું છે. ફિલ્મ ગુજરાતમાં સેટ છે અને તેમાં હ્યુમર ભરપૂર માત્રામાં છે. આ ફિલ્મને ડેબ્યુ રાઈટર અને ડિરેક્ટર દિવ્યાંગ ઠક્કરે લખી અને ડિરેક્ટ કરી છે. દિવ્યાંગ ઠક્કર અગાઉ 'કેવી રીતે જઈશ' અને 'બે યાર જેવી' સુપરહિટ ગુજરાતી ફિલ્મોમાં અભિનય કરી ચૂક્યો છે. આ ફિલ્મના પ્રોડ્યૂસર મનીષ શર્મા છે. ફિલ્મના પ્રોડ્યૂસર મનીષ શર્માએ 'બેન્ડ બાજા બારાત' ફિલ્મ ડિરેક્ટ કરી હતી. આ ફિલ્મમાં તેમણે રણવીર સાથે બીજી વખત કામ કર્યું છે. રણવીરે ટીમ સાથેનો ફોટો સોશિયલ મીડિયા પર શેર કરી લખ્યું કે, 'ઈટ્સ અ રેપ. મનીષ સર, બેન્ડ બાજા બારાતથી જયેશભાઈ જોરદાર સુધી તમારા માર્ગદર્શન હેઠળના ૧૦ વર્ષ અદભુત રહ્યા. દિવ્યાંગ, તું પ્રેમ અને પોઝિટિવ એનર્જીનો ભંડાર છે. આભાર મને તારો જયેશ બનાવવા માટે.'

ફિલ્મમાં રણવીર ગુજરાતી વ્યક્તિ જયેશભાઈના રોલમાં છે. રણવીર સિંહે અગાઉ સંજય લીલા ભણસાલીની 'રામલીલા' ફિલ્મમાં પણ એક ગુજરાતીનો રોલ પ્લે કર્યો હતો. ત્યારબાદ હવે 'જયેશભાઈ જોરદાર' ફિલ્મમાં બીજી વખત તે ગુજ્જુના રોલમાં જોવા મળશે. 'જયેશભાઈ જોરદાર' ફિલ્મમાં રત્ના પાઠક શાહ રણવીરની માતાના રોલમાં છે જ્યારે બોમન ઈરાની તેના પિતાના રોલમાં છે. ફિલ્મની લીડ એક્ટ્રેસ 'અર્જુન રેડ્ડી' ફેમ શાલિની પાંડે છે.

'તાનાજી'એ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી, કમાણી ૨૫૦ કરોડને પાર

અભિનેતા અજય દેવગનની ફિલ્મ તાન્હાજી તેના માટે ખુબ ખાસ છે કારણ કે આ તેની ૧૦૦મી ફિલ્મ છે. તેણે 'ફૂલ ઓર કાંટે'થી પદાર્પણ કર્યું હતું અને ત્યારથી પાછુ વળીને જોયું નથી. તેની લેટેસ્ટ ફિલ્મ પણ દર્શકોને ખુબ પસંદ આવી રહી છે. ફિલ્મને ઓમ રાઉતે ડાયરેક્ટ કરી છે. ફિલ્મમાં તેની સાથે કાજોલ, સેફ અલી ખાન, નેહા શર્મા અને શરદ કેલકર પણ મુખ્ય ભૂમિકામાં છે. એક રિપોર્ટ અનુસાર ફિલ્મએ ચોથા વીકમાં કુલ ૧૮.૫૦ કરોડની કમાણી કરી છે. રિપોર્ટમાં તે જણાવવામાં આવ્યું છે કે ફિલ્મએ અત્યાર સુધી ૨૫૦ કરોડ રૂપિયાની કમાણી કરી લીધી છે અને અત્યાર સુધીની ૧૨મી સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની ગઈ છે.

રણબીર કપૂર અને આલિયા ભટ્ટ ડિસેમ્બરમાં પરણી જશે..!!

મુંબઈ

રણબીર કપૂર તથા આલિયા ભટ્ટ વચ્ચે છેલ્લાં બે વર્ષથી સંબંધો છે. ચર્ચા છે કે આ વર્ષે ડિસેમ્બરમાં આ બંને લગ્ન કરવાના છે. અયાન મુખર્જીની 'બ્રહ્માસ્ત્ર' ચાર ડિસેમ્બરે રિલીઝ થશે અને પછી બંને લગ્ન કરી લેશે, તેમ માનવામાં આવે છે.

સૂત્રોના મતે, કપૂર તથા ભટ્ટ પરિવારે લગ્નની તૈયારીઓ શરૂ કરી દીધી છે. આટલું જ નહીં બંને પરિવારે નિકટના સંબંધીઓને તારીખ પણ જણાવી દીધી છે. કપૂર પરિવારના ભાણેજ અરમાન જૈનના વેડિંગ રિસેપ્શનમાં આલિયા ભટ્ટ પ્રેમી રણબીર કપૂર તથા નીતુ સિંહ સાથે આવી હતી. નીતુ સિંહ તથા આલિયા ભટ્ટ વચ્ચે ખાસ બોન્ડિંગ જોવા મળ્યું હતું.

રણબીર કપૂરના પરિવારમાં આલિયા ભટ્ટ એકદમ હળીમળી ગઈ છે.

'થપ્પડ'માં પ્રોપર શોટ માટે ૭ વાર લાફા ખાધા : તાપસી પન્નુ

મુંબઈ

તાપસી પન્નુએ 'થપ્પડ' ફિલ્મના શૂટિંગ દરમ્યાનની રસપ્રદ વાત શેર કરી છે. ફિલ્મમાં તાપસી સાથે લીડ રોલમાં પવેલ ગુલાટી છે. એક થપ્પડના પરફેક્ટ શોટ માટે પવેલે તેને ૭ થપ્પડ મારી હતી. ફિલ્મમાં પવેલ તાપસીને થપ્પડ મારે છે અને આ શોટ પહેલાં તે ઘણો ગભરાયેલો હતો. ડર અને ચિંતાને કારણે પવેલ તાપસીને થપ્પડ મારવા માટે બે દિવસ સુધી તૈયાર ન હતો. તાપસીએ કહ્યું કે, 'અનુભવ સિન્હાએ કહ્યું હતું કે થપ્પડવાળો શોટ સટીક હોવો જોઈએ, જેથી જ્યારે ઓડિયન્સ આને ૬૦ એમએમના પડદા પર જુએ તો ઈમ્પેક્ટફુલ લાગે. જોકે, પવેલ તે સમયે એટલો ગભરાયેલો હતો કે તેણે મને થપ્પડ મારવા માટે તૈયાર થવામાં બે દિવસ લીધા હતા.' તાપસીના જણાવ્યા મુજબ, 'સાચું કહું તો પવેલે મને સલાહ આપી હતી કે હું તેને થપ્પડ મારું જેથી તે શોટ દરમ્યાન ખરાબ ફીલ ન કરે. ક્યારેક તે મને ગળા પર મારતો તો ક્યારેક કાન પર. પછી મેં તેને કહ્યું કે કઈ ન વિચાર બસ મને એક જોરથી થપ્પડ માર અને શોટ પૂરો કર.'

રમત જગત વિશેષ

ડોપિંગ બદલ ગ્રેન્ડ સ્લેમ ટેનિસ ચેમ્પિયન સ્પિઅર્સ પર બાવીસ મહિનાનો પ્રતિબંધ



પેરિસ

ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસની મિશ્ર ડબલ્સ હરીફાઈની અમેરિકાની ભૂતપૂર્વ ચેમ્પિયન એબિગેલ સ્પિઅર્સ પર ડોપિંગની ટેસ્ટમાં નિષ્ફળ જવા બદલ ૨૨ મહિનાનો પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોવાની ઈન્ટરનેશનલ ટેનિસ ફેડરેશન (આઈ. ટી. એફ.)એ જાહેરાત કરી હતી.

૩૮ વર્ષની સ્પિઅર્સ ૨૦૧૯માં ન્યૂ યોર્કમાં યુ. એસ. ઓપનમાં તેની કરાયેલી ડોપિંગની તપાસણીમાં નિષ્ફળ ગઈ હતી. સ્પિઅર્સ પર ૭મી નવેમ્બર ૨૦૧૭ના દિવસથી પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો અને તેની મુદત ૨૦૨૧માં ૬ઠ્ઠી સપ્ટેમ્બરે પૂરી થશે. સ્પિઅર્સે તેની કારકિર્દીમાં ૨૧ ડબલ્સના વિજેતાપદ જીત્યા છે.

સવારે ૭:૩૦ વાગે સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક-હોટસ્ટાર પર મેચનું જીવંત પ્રસારણ

આજે ભારત માટે કરો યા મરોઃ ન્યૂઝીલેન્ડ સામે બીજી વન-ડે

ઓકલેન્ડ

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ૩ વનડે સીરિઝની બીજી મેચ આજે ઓકલેન્ડમાં રમાશે. જો ભારત આ મેચ હારે તો ન્યૂઝીલેન્ડ સામે ૬ વર્ષ પછી સીરિઝ ગુમાવશે. હેમિલ્ટન ખાતેની પ્રથમ વનડેમાં કિવિઝ ૪ વિકેટે મેચ જીત્યું હતું અને સીરિઝમાં ૧-૦થી આગળ છે. તેણે છેલ્લે જાન્યુઆરી ૨૦૧૪માં પોતાના ઘરઆંગણે ભારતને ૪-૦થી હરાવ્યું હતું.

હેમિલ્ટનમાં ભારતે ૫૦ ઓવરમાં ૪ વિકેટે ૩૪૭ રન કર્યા હતા. જવાબમાં કિવિઝે



૧૧ બોલ બાકી રાખીને મેચ જીતી હતી. તે સાથે જ તેમણે પોતાના ક્રિકેટ ઈતિહાસનો સૌથી મોટો ટાર્ગેટ ચેઝ કર્યો હતો. મેચમાં જંગી ટાર્ગેટ આપ્યા છતાં ભારતે હારનો સામનો કરવો પડ્યો હતો. કપ્તાન કોહલી બોલિંગમાં ફેરફાર કરી શકે છે. શાર્દુલ ઠાકુરની જગ્યાએ નવદીપ સૈનીને તક મળે તેવી સંભાવના છે.

શનિવારે ઓકલેન્ડમાં તાપમાન ૧૭થી ૨૩ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહેશે. મેચ દરમિયાન વાદળછાયું વાતાવરણ રહેશે. વરસાદની કોઈ સંભાવના નથી. પિચથી બેટ્સમેનને મદદ મળશે. ભારતે આ ગ્રાઉન્ડ પર ૯માંથી ૪ મેચ જીતી છે, તેટલી જ મેચ હારી છે, જ્યારે ૧ મેચમાં ટાઈ પડી હતી.

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે અત્યાર સુધીમાં કુલ ૧૦૮ વનડે રમાઈ છે. ભારતે ૫૫ મેચ જીતી છે અને ૪૭માં હારનો સામનો કર્યો છે. એક મેચ ટાઈ રહી છે અને ૫માં પરિણામ આવ્યું નથી. ન્યૂઝીલેન્ડમાં ભારત ૪૦માંથી ૧૪ મેચ જ જીત્યું છે. ૨૩માં હાર મળી, એકમાં ટાઈ પડી અને ૨માં રિઝલ્ટ નહોતું આવ્યું. ભારતે કિવિઝ સામેની ૧૪માંથી ૮ સીરિઝ પોતાના નામે કરી છે, ૪માં હારનો સામનો કર્યો છે અને ૨ ડ્રો રહી હતી.

ભારતઃ વિરાટ કોહલી (કપ્તાન), મયંક અગ્રવાલ, પૃથ્વી શો, કેએલ રાહુલ, શ્રેયસ ઐયર, મનીષ પાંડે, ઋષભ પંત (વિકેટકીપર), શિવમ દુબે, કુલદીપ યાદવ, યુઝવેન્દ્ર ચહલ, રવિન્દ્ર જાડેજા, જસપ્રિત બુમરાહ, મોહમ્મદ શમી, નવદીપ સૈની , શાર્દુલ ઠાકુર અને કેદાર જાધવ

ન્યૂઝીલેન્ડઃ ટોમ લેથમ (કેપ્ટન), હેમિશ બેનેટ, ટોમ બ્લેંડલ, કોલિન ડી ગ્રાન્ડહોમ, માર્ટિન ગુપ્ટિલ, માર્ક ચેપમેન, કાયલ જેમિસન, સ્કોટ કુગલન, જિમ્મી નીશમ, હેનરી નિકોલ્સ, મિશેલ સેન્ટનર, ઈશ સોઢી, ટિમ સાઉથી અને રોસ ટેલર

કોરોના વાયરસને કારણે ભારતીય મહિલા હોકી ટીમનો ચીનનો પ્રવાસ રદ



ન્યુ દિલ્હી

કોરોના વાયરસને કારણે ભારતીય મહિલા હોકી ટીમે પોતાનો ચીનનો પ્રવાસ રદ કરવો પડ્યો છે. હવે હોકી ઈન્ડિયાની સામે ઓલિમ્પિકની તૈયારી માટે વૈકલ્પિક પ્રવાસના આયોજન કરવાનો કઠિન પડકાર છે. ભારતીય ટીમે ૧૪થી ૨૫ માર્ચ સુધી ચીનના પ્રવાસ પર જવાનું હતું પરંતુ આ બીમારીને કારણે પ્રવાસ રદ કરવો પડ્યો છે.

ભારતીય કેપ્ટન રાનીએ કહ્યું, 'અમારે ચીન જવાનું હતું, પરંતુ વાયરસને કારણે પ્રવાસ રદ થયો છે. અન્ય બીજી ટીમો પણ ઉપલબ્ધ નથી કારણ કે તે પ્રો હોકી લીગ રમી રહી છે.' તેણે કહ્યું, 'હોકી ઈન્ડિયા અને અમારા કોચ વ્યવસ્થા કરી રહ્યાં છે.' ઓલિમ્પિકની તૈયારી માટે મોટી ટીમો સાથે રમવું જરૂરી છે.

ઉલ્લેખનીય છે કે આ વાયરસના ચેપને કારણે ચીનમાં ઘણા લોકોના મોત થયા છે તો અન્ય દેશોમાં પણ તેનો ચેપ ફેલાયો છે. ભારત તેના પર નજર રાખી રહ્યું છે, જ્યારે ભારત સરકારે પોતાના ૬૪૦ વિદ્યાર્થીઓને સમય રહેતા ચીનથી ખાસ વિમાન દ્વારા સ્વદેશ વાપસી કરાવી છે.

ઓસ્ટ્રેલિયન ક્રિકેટર લબુશેન મને પોતાની યાદ અપાવે છેઃ તેંદુલકર



ન્યુ દિલ્હી

ઓસ્ટ્રેલિયાના યુવા બેટ્સમેન માર્નસ લાબુશેને ખૂબ ટૂંકા જ સમયમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પોતાનું સ્થાન બનાવ્યું છે. તેની રમત સાથે તેણે વિશ્વના ઘણા ભૂતપૂર્વ મહાન ખેલાડીઓને તેના ચાહકો બનાવ્યા છે.

ભારતીય ક્રિકેટના પૂર્વ મહાન સચિન તેંદુલકરનો પણ તેમાં સમાવેશ થાય છે. તે કાંગારુ ટીમના આ યુવા બેટ્સમેનની રમતથી ખૂબ પ્રભાવિત થયા છે.

આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વિશ્વ રેકોર્ડ નોંધાવનારા સચિન તેંદુલકરે ઓસ્ટ્રેલિયન ક્રિકેટર લબુશેનની બેટિંગ અને રમવાની શૈલીને જોઈને પ્રશંસા કરી છે. તેમણે એમ પણ કહ્યું કે લબુશેન તેને પોતાની યાદ અપાવે છે.

ઓસ્ટ્રેલિયાના યુવા બેટ્સમેન માર્નસ લબુશેને અત્યાર સુધીમાં માત્ર ૧૪ ટેસ્ટમાં ૧૪૫૯ રન બનાવ્યા છે. આ સમય દરમિયાન તેણે ચાર સદી અને આઠ અડધી સદી ફટકારી છે. ટેસ્ટ ક્રિકેટમાં લબુશેનની સરેરાશ ૬૩.૪૩ છે. જ્યારે તેણે ત્રણ વનડેમાં ૧૦૦ રન પણ બનાવ્યા છે. તેણે ગયા વર્ષે પાકિસ્તાન સામે ટેસ્ટ ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું હતું.

ચેતેશ્વર પૂજારાના ગુરુને થાપામાં ફ્રેક્ચર, ચાર્ટર્ડ પ્લેનમાં રાજકોટ લવાયા

રાજકોટ

ક્રિકેટર ચેતેશ્વર પૂજારાના ગુરુ અને ગોંડલ રામજી મંદિરના મહંત હરિચરણદાસ બાપુ અયોધ્યામાં પડી જતા તેને થાપામાં ફ્રેક્ચર થયું છે. ત્યાંના તબીબોએ પ્રાથમિક તપાસ કરતાં થાપાના ભાગમાં ઈજા થઈ હોય ઓપરેશન કરાવવાનું જણાવતાં ત્વરીત અયોધ્યાથી રાજકોટ સારવાર



માટે ચાર્ટર્ડ પ્લેન મારફત ખસેડવામાં આવ્યા હતા.

હરિચરણદાસજી બાપુ બે દિવસ પહેલા ઈન્દોર (અયોધ્યા) પહોંચ્યા હતા. દરમિયાન તેઓ બાથરૂમમાં સ્નાન કરવા જતાં પડી ગયા હતાં. આ બાબતની જાણ થતા ભાવિકો દોડી ગયા હતા. પ્રાથમિક તપાસમાં તબીબોએ થાપાના ભાગમાં ઈજા પહોંચી હોવાનું અને ઓપરેશન કરવાનું જણાવ્યું હતું. સ્પેશિયલ ચાર્ટર્ડ ફ્લાઈટમાં બપોરે રાજકોટ લાવવામાં આવ્યા હતા. એરપોર્ટથી તેઓને એમ્બ્યુલન્સમાં વોકહાર્ટ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. વોકહાર્ટ હોસ્પિટલમાં ડો.ચિરાગ માત્રાવડીયા, ઓર્થોપેડીક સર્જન ડો.અવિનાશ મારૂ, ડો.શ્યામ ગોહેલ અને ફેમીલી ડો.વિદ્યુત ભટ્ટ બાપુની સારવાર કરશે.

વાયુસેનાએ ૨૦૨૦ માટે ન્યૂયર કેલેન્ડર જાહેર કર્યું: બાલાકોટ એર સ્ટ્રાઈકના ફોટા દર્શાવ્યા

ન્યુ દિલ્હી

ભારતીય વાયુસેનાએ વર્ષ ૨૦૨૦ માટે તેનું સત્તાવાર ન્યુયર કેલેન્ડર જારી કર્યું છે. વાયુસેનાનું આ વખતનું કેલેન્ડર વિશેષ છે કારણ કે ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ પાકિસ્તાનના બાલાકોટમાં કરવામાં આવેલી એર સ્ટ્રાઈકના ફોટા આ ન્યુયર કેલેન્ડરમાં દર્શાવ્યા છે. કેલેન્ડરમાં મિરાજ-૨૦૦૦ ફાઈટર જેટ સ્પાઈસ-૨૦૦૦ બોમ્બ આતંકવાદીના અડ્ડાઓ પર વરસાવવાતા દેખાય છે. પુલવામામાં સીઆરપીએફના જવાનો પર જૈશ-એ-મોહમ્મદના આતંકવાદીઓએ હુમલો કર્યો તેના જવાબમાં ભારતે પાકિસ્તાનના બાલાકોટ સ્થિત આતંકવાદી અડ્ડાઓ પર એર સ્ટ્રાઈક કરી હતી. આ એર સ્ટ્રાઈકમાં મોટી સંખ્યામાં આતંકવાદીઓ માર્યા ગયા હતા. આ ઘટના બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો બગડી ગયા હતા. ભારતે પાકિસ્તાનમાં બાલાકોટમાં આતંકવાદી અડ્ડાઓ પર એર સ્ટ્રાઈક કર્યા બાદ પાકિસ્તાન ખૂબ જ ગુસ્સે ભરાયું હતું અને તેણે અમેરિકી બનાવટના લડાકુ વિમાન એફ-૧૬નો ઉપયોગ કરી ભારત પર હુમલો કર્યો હતો. જોકે ભારતીય સરહદમાં ઘુસેલા પાકિસ્તાનના લડાકુ વિમાનોને ભારતીય વાયુસેનાએ હાકી કાઢ્યાં હતા. આ ઘટનામાં વિંગ કમાન્ડર અભિનંદને મિગ ૨૧ વિમાનથી એફ-૧૬ વિમાનને તોડી પાડ્યું હતું. જોકે વિંગ કમાન્ડર અભિનંદનનું વિમાન પણ પાકિસ્તાનની સરહદમાં તૂટી પડ્યું અને બાદમાં પાકિસ્તાન સેનાએ તેની અટકાયત કરી હતી.

પટિયાલા હાઉસ કોર્ટે દોષિતોનો ડેથ વોરન્ટ જાહેર કરવાનો ઈનકાર કર્યો

ન્યુ દિલ્હી

પટિયાલા હાઉસ કોર્ટે દોષિતોનું ત્રીજુ ડેથ વોરન્ટ જાહેર કરવાની તિહાર જેલની અરજી ફગાવી દીધી છે. કોર્ટે કહ્યું છે કે, જ્યારે કાયદો દોષિતોને જીવતા રહેવાની મંજૂરી આપે છે ત્યારે તેમને ફાંસી આપવી પાપ છે. કોર્ટે દિલ્હી હાઈકોર્ટના આદેશનો પણ ઉલ્લેખ કર્યો, જેમાં દોષિતોને કાયદાકીય વિકલ્પનો ઉપયોગ કરવા માટે એક સપ્તાહનો સમય આપ્યો છે. પટિયાલા કોર્ટે તિહાર જેલની અરજી ફગાવતા એવું પણ કહ્યું છે કે, માત્ર અટકળો અને અનુમાનના આધારે ડેથ વોરન્ટ જાહેર ન કરી શકાય.

નિર્ભયા કેસના ચારેય દોષિતોના નવા (ત્રીજા) ડેથ વોરન્ટ માટે તિહાર જેલ પ્રશાસને પટિયાલા હાઉસ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. તેમાં સીઆરપીસીની કલમ ૪૧૩ અને ૪૧૪ અંતર્ગત ફાંસીની તારીખ નક્કી કરવાની માંગણી કરવામાં આવી હતી. એડિશનલ જજ ધર્મેન્દ્ર રાણાએ આ વિશે ચારેય દોષિતોને શુક્રવાર સુધી જવાબ આપવાનો આદેશ આપ્યો હતો. આ અરજી વિશે કોર્ટમાં આજે સુનાવણી કરવામાં આવી હતી.



ફોટામાં ઈરાકના બગદાદ, તાહિરિર ચોકમાં નઝાફ વિરોધીઓ પર લશ્કરી હુમલોની નિંદા કરવા વિરોધ પ્રદર્શન દરમિયાન વિદ્યાર્થીઓનાં મોઢા પર પટ્ટી મારી વિરોધ દર્શવ્યો હતો.

સુપ્રિમ કોર્ટે તમામ દોષિતોને નોટિસ ફટકારી નિર્ભયાના દોષીઓની ફાંસી મામલે સુપ્રિમ ૧૧ ફેબ્રુઆરીએ સુનાવણી કરશે

ન્યુ દિલ્હી

નિર્ભયાના ચાર દોષીઓને અલગ-અલગ ફાંસી આપવા વાળી કેન્દ્રની અરજી પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી મુલતવી રાખવામાં આવી છે. આ કેસમાં હવે આગામી સુનાવણી ૧૧ ફેબ્રુઆરીએ બપોરે ૨ વાગ્યે કરવામાં આવશે. સુપ્રીમ કોર્ટે દોષિતોને નોટિસ ફટકારી છે કે તેઓએ તેમના કાનૂની વિકલ્પોનો વહેલી તકે ઉપયોગ કરવો જોઈએ. બે દિવસ પહેલા દિલ્હી હાઈકોર્ટે નિર્ભયાના દોષીઓને અલગ-અલગ ફાંસી આપવા પર કેન્દ્ર સરકારની માંગને ફગાવી દીધી હતી. આ પછી કેન્દ્રએ અરજી દાખલ કરીને સુપ્રીમ કોર્ટમાં હાઈકોર્ટના નિર્ણયને પડકાર્યો હતો. આ અગાઉ એડિશનલ સોલિસિટર જનરલ કે.એમ.નટરાજે કેન્દ્રની તરફેણ કરીને ન્યાયમૂર્તિ એન.વી. રમણા, જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ ક્રિષ્ના મુરારીની ખંડપીઠ સમક્ષ તાત્કાલિક સુનાવણી માટે અરજીની સૂચના આપવા વિનંતી કરી હતી. નટરાજાએ કોર્ટને કહ્યું હતું કે જેલ પ્રશાસન આ કેસમાં દોષીતોને ફાંસી લગાડવામાં અસમર્થ છે જ્યારે તેમની પુનર્વિચારણા અરજીઓ ફગાવી દેવામાં આવી હતી અને તેમાંના ત્રણની સુધારાત્મક અરજીઓ અને દયા અરજીઓને પણ ફગાવી દેવામાં આવી હતી.

દિલ્હી હાઈકોર્ટે બુધવારે કહ્યું હતું કે ચારેય દોષીતોને એક સાથે ફાંસી આપવામાં આવશે, અલગથી નહીં. જ્યારે અદાલતે તેમને બાકીના કાનૂની વિકલ્પોનો ઉપયોગ કરવા માટે એક અઠવાડિયાની સમયમર્યાદા આપી.

બાકી રકમની ચૂકવણી કરવા એચડીઆઈએલની સંપત્તિઓનું વેચાણ કરવાનું હતું

પીએમસી બેંક ખાતાધારકોને સુપ્રિમે આપ્યો ઝટકો: બોમ્બે હાઈકોર્ટના આદેશ પર સ્ટે

ન્યુ દિલ્હી

પંજાબ એન્ડ મહારાષ્ટ્ર કો-ઓપરેટિવ (પીએમસી) બેંકના થાપણદારો માટે એક માઠા સમાચાર છે. સુપ્રીમ કોર્ટે નાણાંકીય કટોકટીનો સામનો કરી રહેલી પીએમસી બેંકના બાકી રકમની ચૂકવણી કરવા માટે રિયલ એસ્ટેટ કંપની હાઉસિંગ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ (એચડીઆઈએલ)ની સંપત્તિઓનું વેચાણ કરવાના બોમ્બે હાઈકોર્ટના આદેશ ઉપર સુપ્રીમ કોર્ટે આજે સ્ટે ઓર્ડર મૂકી દીધો છે.

ચીફ જસ્ટિસ એસએ બોબડે, ન્યાયાધીશ બીઆર ગવઈ અને જજ સૂર્યકાંતની ખંડપીઠે આ સ્ટે ઓર્ડરનો ચૂકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે સરોઝ દમાનિયા સહિત અન્ય વ્યક્તિઓને નોટિસ બજાવી છે, જેમણે પીએમસી બેંકના ખાતાધારકોને બાકી રકમની ચૂકવણીની ખાતરી કરવા માટે બોમ્બે હાઈકોર્ટના દરવાજા ખટખટાવ્યા હતા.

આ પહેલા પીએમસી બેંકના ખાતાધારકોને બાકી રકમની ચૂકવણી માટે બોમ્બે હાઈકોર્ટે ત્રણ સભ્યોની એક સમિતિની રચના કરી હતી, જેની જવાબદારી એચડીઆઈએલની સંપત્તિઓનું વેચાણ અને તેનું મૂલ્યાંકન કરવાનું હતું.

ઉલ્લેખનિય છે કે, ગત ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ આરબીઆઈએ છ મહિના માટે પીએમસી બેંક ઉપર વ્યાવસાયિક કામગીરી કરવા પ્રતિબંધ મૂક્યો હતો. આ કેસમાં એક પછી એક નવી ચોંકાવનારી માહિતી બહાર આવી છે. બેંકની આંતરિક તપાસ ટીમે કહ્યું કે, પીએમસી બેંકના રેકોર્ડમાંથી કુલ ૧૦.૫ કરોડ રૂપિયાની રકમ ગાયબ છે.

પ.બંગાળમાં સીએએ સમર્થનમાં રેલી કરનાર ભાજપ નેતાઓની અટકાયત

કોલકાત્તા

સંશોધિત નાગરિકતા કાયદાના સમર્થનમાં રેલી કરી રહેલા ભારતીય જનતા પાર્ટીના અનેક નેતાઓને કલકત્તામાં ધરપકડ કરાયા છે. આ તમામ નેતા શહેરના ટોલીગંજ વિસ્તારમાં સીએએના સમર્થનમાં રેલી કરી રહ્યા હતા. પ્રાપ્ત વિગતો મુજબ જોઈએ તો, પશ્ચિમ બંગાળ ભાજપના પ્રભારી કૈલાસ વિજયવર્ગીયની પણ ધરપકડ થઈ છે. આ તમામ ભાજપના નેતાઓ કલકત્તામાં સીએએ સમર્થનમાં રેલી કાઢવાની તૈયારી કરી રહ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર ભાજપના નેતા પોલીસની મંજૂરી વગર કથિત રીતે રેલીનું આયોજન કરી રહ્યા હતા. જેને લઈ પોલીસે ભાજપના નેતાઓની ધરપકડ કરી છે. તેમને પોલીસ વેનમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ ધરપકડ કરી લઈ ગયા છે. કૈલાસ વિજયવર્ગીયએ ટ્વીટ કરી જણાવ્યું હતું કે, કલકત્તામાં આજે સીએએ સમર્થનમાં મારી રેલી હતી.

કેબમાં સીએએ વિરુદ્ધ વાતો કરતા મુસાફરને ડ્રાઈવરે પોલીસને સોંપી દીધો...!!

મુંબઈ

નાગરિકતા સંશોધન કાયદા વિરુદ્ધ જયપુરના એક એક્ટિવિસ્ટને મોબાઈલ પર વાત કરવી ભારે પડી છે. મુંબઈમાં યોજાયેલા એક કાર્યક્રમમાં ભાગ લઈ પરત ફરતી વખતે ઉબર કેબમાં એક્ટિવિસ્ટ મોબાઈલ પર તેના સાથી સાથે વાતચીત કરતો હતો. તે સમય દરમિયાન દેશમાં થઈ રહેલા વિવિધ વિરોધ પ્રદર્શનને લઈ ચર્ચા કરતો હતો. કેબના ચાલકે તેની વાત સાંભળીને પોલીસને બોલાવી હતી. ત્યારબાદ એક્ટિવિસ્ટને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો અને તેની વધુ પૂછપરછ કરવામાં આવી હતી. આ સાથે તેના મોબાઈલની પણ તપાસ કરવામાં આવી હતી.

હકીકતમાં જયપુરના એક કવિ અને એક્ટિવિસ્ટ બપ્પદિત્ય સરકાર ૩ ફેબ્રુઆરીને મુંબઈમાં એક કાર્યક્રમમાં ભાગ લેવા ગયા હતા. ત્યાંથી બુધવારે રાત્રે લગભગ ૧૧ વાગે જુહુ સિલ્વરથી કુર્લા માટે એક ઉબર કેબ બુક કરાવી હતી. માર્ગમાં તેના મિત્ર સાથે નાગરિકતા કાયદાના વિરોધમાં શાહીન બાગ સહિત દેશભરમાં થઈ રહેલા વિરોધ પ્રદર્શન અંગે વાતચીત કરી રહ્યો હતો. આ સાથે વિરોધ પ્રદર્શનને જયપુરમાં કેવી રીતે વધારે અસરકારક બનાવી શકાય તે અંગે તે ચર્ચા કરતો હતો. આરોપ છે કે આશરે ૨૦ મિનિટ બાદ ચાલક રોહિત સિંહે સાંતાક્રુઝ પોલીસ સ્ટેશનની બહાર કેબ અટકાવી હતી.

કોરોના વાયરસ: ઓસ્ટ્રેલિયાના મૂળ ભારતીયે રસી શોધવાના પ્રયત્નો શરૂ કર્યા

સિડની

કોરોના વાઈરસને લીધે વિશ્વભરમાં ભય ફેલાઈ રહ્યો છે. તેનાથી ચીનમાં ૬૦૦થી વધારે લોકો મૃત્યુ પામ્યા છે જયારે હજારો લોકો ચેપિત બન્યા છે. ભારતમાં પણ વાઈરસના ૩ પોઝિટિવ કેસ સામે આવ્યા છે અને અનેક શંકાસ્દ કેસો સામે આવ્યા છે. તેવામાં ઓસ્ટ્રેલિયાના મૂળ ભારતીય વૈજ્ઞાનિક એસ એસ વસને તેની રસી બનાવવા માટે લેબોરેટરીમાં પ્રથમ બેચનું ગઠન કર્યું છે.

આ બેચમાં હાઈ સિક્યોરિટી લેબ કોમનવેલ્થ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિચર્સ ઓર્ગેનાઈઝેશનમાં તૈયાર કરવામાં આવી છે. સિક્યોરિટી લેબ કોમનવેલ્થ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિચર્સ ઓર્ગેનાઈઝેશન ઓસ્ટ્રેલિયાની અગ્રણી સાયન્ટિફિક એજન્સી છે. લેબમાં કોરોના વાઈરસની રસી શોધવા માટે રિસર્ચ કરવામાં આવશે. વસનની ટીમને એક મોટી સફળતા મેલબર્નની ડોહર્ટી ઈન્સ્ટિટ્યૂટમાં મળી હતી. લેબમાં વૈજ્ઞાનિકોએ કોરોના વાઈરસનું નવું સેમ્પલ વિકસાવ્યું હતું. આ ઈન્સ્ટિટ્યૂટમાં વસનની ટીમને હ્યુમન સેમ્પલ્સમાંથી વાઈરસને અલગ કરવામાં સફળતા મળી હતી. આ રિસર્ચનો હેતુ કોરોના વાઈરસ ડેવલપ થવામાં કેટલો સમય લગાડે છે અને તે રેસ્પિરેટરી સિન્ડ્રોમ સિસ્ટમ પર કેવી અસર કરે છે અને તે કેવી રીતે ફેલાય છે તેના વિશે માહિતી મેળવવાનો છે.

તિહાર જેલમાં એક કેદીએ ફાંસી લગાવી આત્મહત્યા કરી

ન્યુ દિલ્હી

દેશની સૌથી સુરક્ષિત તિહાર જેલમાં એક કેદીએ ફાંસી લગાવી આત્મહત્યા કરી લીધી છે. પ્રાપ્ત વિગોત મુજબ જોઈએ તો, તિહારમાં જેલ નંબર ત્રણની આ ઘટના છે. ગગન નામના કેદીએ બાથરૂમમાં ચાદર લગાવી ફાંસીએ લટકી ગયો છે. ગગન નામનો આ શખ્સ ચોરીના આરોપમાં સજા ભોગવી રહ્યો હતો.

જણાવી દઈએ કે, તિહારમાં જેલ નંબર ત્રણમાં જ નિર્ભયાના ચારેય દોષીતો-મુકેશ, પવન, અક્ષય અને વિનયને રાખવામાં આવ્યા છે. કોર્ટે આ ચારેય દોષીતોને ગેંગરેપ અને હત્યાના આરોપમાં દોષીત ઠેરવતા ફાંસીની સજા સંભળાવી છે. આ તમામ આરોપીઓ સાત વર્ષથી જેલમાં કેદ છે.

દિલ્હી દંગલ
પહેલા પાનાથી ચાલુ

ધરાશે. આપ પાર્ટી અને ભાજપે બહુમતિ માટે જરૂરી એવી ૩૬ બેઠકો કરતાં વધારે બેઠકોનો દાવો કર્યો છે. જો કે આખરી નિર્ણય મતદારો આજે કરશે. ૬૬૮ ઉમેદવારોમાંથી હાલમાં સત્તાધીશ આપ પાર્ટી દ્વારા મહિલાઓને ૮, ભાજપે ૬ અને કોંગ્રેસે ૧૦ મહિલાઓને મેદાનમાં ઉતાર્યા છે.

૩ મુખ્ય પક્ષો ઉપરાંત બસપા, આરજેડી, એનસીપીએ પણ ઉમેદવારો ઉભા રાખ્યા છે. દિલ્હીના વર્તમાન સીએમ કેજરીવાલ સામે નવી દિલ્હી બેઠક પરથી કોંગ્રેસે રોમેશ સભરવાલ, ભાજપે સુનિલ યાદવને ઉમેદવાર બનાવ્યા છે. દિલ્હી પોલીસ દ્વારા કુલ ૭૮ હજાર સુરક્ષાકર્મીઓનો કાફલો ચૂંટણી વ્યવસ્થા માટે ઉતારવામાં આવ્યો છે. કુલ મતદાન મથકોમાંથી ૫૪૫ મતદાન મથકોને અતિસંવેદનશીલ જાહેર કરાયા છે અને આ મતદાન મથકો પર વધારાની સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ૭૮ હજારમાંથી ૪૦ હજાર પોલીસ જવાનો, ૧૯ હજાર હોમગાર્ડ અને ૧૯ હજાર પેરા મિલીટરી જવાનોને તૈનાત કરવામાં આવ્યાં છે.

૨૦૧૫માં ભાજપને ૭૦માંથી માત્ર ૩ જ બેઠકો મળી શકી હતી. મુખ્ય મુકાબલો આપ અને ભાજપ વચ્ચે છે. આ ચૂંટણીમાં અન્ય મુદ્દાઓની સાથે શાહિનબાગનો વિરોધ પણ એક મુદ્દો બન્યો છે. નોંધનીય છે કે નાગરિકતા કાયદા, એનપીઆર અને એનઆરસીના મુદ્દે દિલ્હીના શાહિનબાગ વિસ્તારમાં સેંકડો મહિલાઓ ધરણાં પર બેઠી છે.

ભાજપ સૂત્રોએ અતિમ તબક્કામાં કહ્યું હતું કે, પાર્ટીના બંને ગૃહોના ૩૭૦ સાંસદોએ દિલ્હીમાં ચૂંટણી પ્રચાર કર્યો છે. હાલમાં બજેટ સત્ર ચાલી રહ્યું છે ત્યારે સંસદની કાર્યવાહી પછી રોજ રાતે સંસદની કાર્યવાહી પૂરી થયા પછીતેઓ વિવિધ વિસ્તારોમાં જઈને ભાજપનો પ્રચાર કર્યો હતો. ભાજપે ૨૩ દિવસમાં ૪૫૦૦ નુક્કડ સભા કરી હતી. તેમાં સમગ્ર દેશના સાંસદો દિલ્હીની આ નુક્કડ સભામાં જોડાયા હતા. આ પહેલાં પાર્ટીએ ૯ કેન્દ્રીય મંત્રીઓ, ૩૫ પદાધિકારી, ૬ મુખ્યમંત્રી, ૩ પૂર્વ મુખ્યમંત્રી, ૮ સાંસદ, ૩૮ પૂર્વ મંત્રી-સાંસદો પ્રચારમાં જોડ્યા હતા.

આમ આદમી પાર્ટી મુખ્યમંત્રી કેજરીવાલના નામે ચૂંટણી લડી રહી છે. ત્યારપછી ઉપમુખ્યમંત્રી મનીષ સિસોદિયા અને સાંસદ સંજય સિંહ મુખ્ય ભૂમિકામાં રહ્યા છે..

ભાજપમાં રાજ્ય અધ્યક્ષ મનોજ તિવારી સક્રિય રહ્યા, પરંતુ ચૂંટણીની સંપૂર્ણ કમાન અમિત શાહના હાથમાં રહી. ભાજપે મુખ્યમંત્રી પદના ઉમેદવાર જાહેર કર્યા નથી. કોંગ્રેસે પણ કોઈને સીએમના ચહેરા તરીકે જાહેર કર્યા નથી. પૂર્વ સીએમ શીલા દીક્ષિતના નિધન પછીથી કોંગ્રેસ પાસે દિલ્હીમાં કોઈ ચહેરો નથી.

રાહુલના ડંડાવાળા
પહેલા પાનાથી ચાલુ

બંન્ને વચ્ચે ઉગ્ર દલીલબાજી શરૂ થઈ હતી. તો ભાજપના સાંસદો વેલમાં આવી ગયા અને કોંગ્રેસના સાંસદ મનીકમ ટેગોરને પકડી લીધા અને ધક્કા-મુક્કી શરૂ થઈ હતી.

આ પહેલા સંસદમાં બન્યુ એમ હતુ કે, રાહુલ ગાંધીએ પોતાના મત વિસ્તારમાં મેડિકલ કોલેજ અંગે સવાલ કર્યો ત્યારે તેનો જવાબ આપતા પહેલા સ્વાસ્થ્ય મંત્રી ડો.હર્ષવર્ધને કહ્યુ હતુ કે, જવાબ આપતા પહેલા હું પીએમ પર તેમણે આપેલા આપત્તિજનક નિવેદનની નિંદા કરૂ છું. આવુ સાંભળતા જ કોંગ્રેસી સાંસદોએ પિત્તો ગુમાવ્યો હતો. ભાજપે વિપક્ષી સાંસદોના આ વ્યવહારને ગુંડાગીરી ગણાવી હતી અને આરોપ મુકયો હતો કે રાહુલ ગાંધીના ઈશારે હર્ષવર્ધન સાથે ઝપાઝપીનો પ્રયાસ થયો હતો.

લોકસભામાં થયેલા હંગામા બાદ ડૉક્ટર હર્ષવર્ધને કહ્યુ કે, મને આશ્ચર્ય છે કે રાહુલ ગાંધીના પિતા ખુદ દેશના વડાપ્રધાન હતા તો આવી ટિપ્પણી તે કઈ રીતે કરી શકે છે, લોકો પીએમને ડંડાથી મારશે અને દેશની બહાર ફેકી દેશે. અમારે તેમની નિંદા કરવી જોઈએ.

ભાજપ સાંસદ જગદંબિકા પાલે કહ્યુ કે કેન્દ્રીય મંત્રી ડૉક્ટર હર્ષવર્ધન કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીના નિવેદન પર લોકસભામાં બોલી રહ્યા હતા ત્યારે કોંગ્રેસ સાંસદ મનિકમ ટૈગોર તેમની પર આરોપ લગાવવા લાગ્યા હતા. તે બાદ વિપક્ષે હંગામો શરૂ કર્યો હતો. આ લોકતંત્ર માટે એક દુર્ભાગ્યપૂર્ણ ઘટના છે. રાહુલ ગાંધીના નિવેદનને લઈને સદનમાં થયેલા હંગામાને લઈને ભારતીય જનતા પાર્ટીએ લોકસભા અધ્યક્ષને ફરિયાદ કરી છે.

એલઆરડી
પહેલા પાનાથી ચાલુ

મહિલાઓએ સૂત્રોચ્ચારો કરીને વિરોધ કર્યો હતો. જેથી એસ.પી. પરત ફરવુ પડ્યું હતું.

યુવાનોએ રસ્તાઓ ઉપર ટાયરો પણ સળગાવીને પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો. જેને પગલે વાહન વ્યવહાર પ્રભાવિત થયો હતો. અને રોડ પર ટ્રાફિકજામના દ્રશ્યો જોવા મળ્યા હતા. જોકે પોલીસે સ્થળ પર પહોંચીને વાહન વ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો.

છોટાઉદેપુર જિલ્લામાં બંધને પગલે સાવચેતીના ભાગરૂપે બોડેલી અને છોટાઉદેપુર ડેપો દ્વારા બસની તમામ ટ્રીપો બંધ રાખવામાં આવી છે. જેને પગલે અનેક મુસાફરો અટવાઈ ગયા હતા. આ ઉપરાંત છોટાઉદેપુર જિલ્લાની શાળાઓમાં ધો.૧૧ અને ૧૨ની પરીક્ષા પણ મોકૂફ રાખવામાં આવી છે.

છોટાઉદેપુર જિલ્લાના આદિવાસી રાઠવા સમાજ દ્વારા પછાત જ્ઞાતિના દાખલાને લઈને છેલ્લા ઘણા સમયથી લડત ચલાવવામાં આવી રહી છે. લાંબા સમયથી રાઠવા જ્ઞાતિના આગેવાનોની માંગ છે કે, રાઠવાની આગળ કોળી શબ્દ રાખવામાં આવ્યો છે. અને તે વહીવટી ભૂલના કારણે બન્યું છે. અને તે ભૂલ સુધારીને રાઠવા સમાજના યુવાનોને નોકરીથી વંચિત ન રાખવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે. જોકે કોઈ ન્યાય નહીં મળતા હવે આદિવાસી રાઠવા સમાજે આંદોલનનું સ્વરૂપ ધારણ કર્યું છે.

આસામ શાંતિ
પહેલા પાનાથી ચાલુ

જણાવ્યું કે, 'આજે જે ઉત્સાહ, ઉમંગ હું તમારા ચહેરાઓ પર જોઈ રહ્યો છું, તે અહીંના આરોનાઈ અને ડોખોનાના રંગારંગ માહોલ કરતા પણ વધુ સંતોષ પ્રદાન કરી રહ્યો છે. આઝાદી બાદ આ સૌથી મોટી રાજકીય રેલી છે. મે મારા રાજકીય જીવનમાં આવી રેલી નથી જોઈ.' પીએમે કહ્યું આજનો દિવસ એ હજારો શહીદોને યાદ કરવાનો છે, જેમણે દેશ માટે પોતાના કર્તવ્ય પથ પર જીવનનું બલિદાન આપી દીધું. આસામમાં હવે હિંસા નહીં થાય. વડાપ્રધાને સંબોધનમાં જણાવ્યું કે ૨૧મી સદીમાં આસામમાં નવો સૂરજ ઉગ્યો છે જે નવી પ્રેરણાને વેલકમ કરવા માટે છે. હવે આસામના અનેક સાથીઓએ શાંતિ અને અહિંસાનો માર્ગ સ્વીકારી લીધો છે. આ ઉપરાંત લોકશાહીને સ્વીકારી છે. ભારતના બંધારણને સ્વીકાર્યું છે. હું બોડો લેન્ડ ચળવળનો ભાગ રહેલા તમામ લોકોનું રાષ્ટ્રની મુખ્યધારામાં સામેલ થવા પર તેમનું સ્વાગત કરું છું. પાંચ દાયકા બાદ સંપૂર્ણ સૌહાર્દ સાથે બોડો લેન્ડ ચળવળ સાથે સંકળાયેલા તમામ સાથીઓની અપેક્ષાઓ તેમજ આંકાક્ષાઓને સમ્માન મળશે. પીએમ મોદીએ જણાવ્યું કે, 'આસામ એકોર્ડ અંતર્ગત મૂછ્ઢમાં આવતા ક્ષેત્રોની હદ નક્કી કરવા માટે કમિશન બનાવાશે. આ ક્ષેત્રને ૧,૫૦૦ કરોડનું વિશેષ વિકાસ પેકેજ મળશે, જેનો લાભ કોકરાઝાર, ચિરાંગ, બક્સા અને ઉદાલગુડિ જેવા જિલ્લાઓને મળશે. હવે સરકારનો પ્રયાસ છે કે આસામ એકોર્ડની કલમ-૬ને પણ ટૂંકમાં લાગુ કરવામાં આવે. હું આસામને આશ્વસ્ત કરવા માંગુ છું કે આ મામલે કમિટી રિપોર્ટ આવ્યા બાદ કેન્દ્ર સરકાર ત્વરિત પગલાં લેશે.' પૂર્વોત્તરમાં હિંસાને લીધે જે હજારો લોકો પોતાના જ દેશમાં શરણાર્થી તરીકે વસવાટ કરી રહ્યા છે, હવે તેઓ અહીં સંપૂર્ણ સમ્માન અને મર્યાદા સાથે રહેવા નવી સુવિધાઓ આપવામાં આવશે. અમે પૂર્વોત્તરના અલગ-અલગ ભાવનાત્મક પાસાંઓને સમજ્યા, તેમની અપેક્ષાઓ સમજી, અહીં રહેતા લોકો સાથે પોતિકાપણા સાથે, તેમને પોતાના ગણીને સંવાદ કર્યો હતો. અગાઉ પૂર્વોત્તરની ઓળખ દિલ્હીથી ઘણા દૂર પ્રદેશ તરીકેની હતી આજે દિલ્હી સ્વંય તમારા દરવાજે આવી છે, તેમ વડાપ્રધાન મોદીએ સંબોધનમાં જણાવ્યું હતું.

ચૂંટાયેલા પ્રતિનિધિઓના કામોને અગ્રતાક્રમ આપવા જિલ્લા કલેક્ટરોને આદેશ

બુલેટ ટ્રેન પ્રોજેકટ : ખેડૂતોને ૨૧૦૦ કરોડની ચુકવણી કરાઈ

સચિવાલયના સ્વર્ણિમ સંકુલ-૧ના નર્મદા હોલ ખાતે મળેલી કલેકટર કોન્ફરન્સમાં બુલેટ ટ્રેનના મુદ્દે ખાસ ચર્ચા કરવામાં આવી હતી. જેમાં બુલેટ ટ્રેન જે જિલ્લામાંથી પસાર થઈ રહી છે તે તમામ જીલ્લામાંથી જમીન સંપાદનનું કામ કેટલે સુધી પહોંચ્યું અને ખેડૂતોને કેટલું ચુકવણું કરવામાં આવ્યું તે બાબતને લઈ રાજ્યના મહેસૂલ પ્રધાન કૌશિક પટેલે જણાવ્યું હતું કે ૮૦ ટકા જેટલી જમીન બુલેટ ટ્રેન માટે સંપાદન કરવામાં આવી છે. જ્યારે ૨૦ ટકા જમીન હજુ પણ જંત્રીના ભાવ અને બજારભાવ આ બંને વચ્ચે અટવાયો છે. અત્યાર સુધીમાં ૮૦ ટકા જેટલી જમીન બુલેટ ટ્રેન માટે સંપાદન કરવામાં આવી છે. જેમાં ૨૧૦૦ કરોડ રૂપિયાની ચૂકવણી કરી દેવામાં આવી છે.

કલેકટર કોન્ફરન્સમાં લીધેલ મહત્વના નિર્ણયોઃ-

૧. રાજ્યમાં ખેડૂતોની જમીનમાં દસ્તાવેજમાં સાત-બારનો ઉતારો મહત્વનો હોય છે તેના બદલે હવે રાજ્ય સરકાર પ્રોપર્ટી કાર્ડ આપશે જે પ્રોપર્ટીકાર્ડ ૩૦ જૂન સુધી તમામ ખેડૂતોને આપવામાં આવશે.

૨ રાજ્યમાં સરકારી જમીન પર અનેક દબાણો જોવા મળી રહ્યા છે. જેમાં સરકારે તમામ કલેક્ટરોને સરકારી જમીન પરના દબાણનો રેકોર્ડ તૈયાર કરવાની સૂચના આપવામાં આવી છે. રેકોર્ડ તૈયાર થયા બાદ રાજ્યમાં તમામ સરકારી જગ્યા પરથી ટુંક સમયમાં દબાણ દૂર કરવામાં આવશે.

૩. જાહેર જનતાને મકાન, પ્રોપર્ટીના દસ્તાવેજ બનાવવા માટે સબ રજીસ્ટરને ત્યાં જવું પડતું હતું અને ટોકન લઈને બેસવાનો વારો આવતો હતો પણ હવે ટોકન લેવા માટે ઓનલાઈન અરજી કરવી પડશે જેથી સમયનો વ્યવ ન થાય. આ પાયલોટ પ્રોજેકટ ૧૭ ફેબ્રુઆરીથી શરૂ કરવામાં આવશે.

ગાંધીનગર

ગુજરાતના જિલ્લાઓ તેમજ મહેસૂલ વિભાગમાં સંસદસભ્યો તેમજ ધારાસભ્યોના કામો નહીં થતાં હોવાની ફરિયાદને ધ્યાને લઈને રાજ્યના મહેસૂલ મંત્રી કૌશિક પટેલે પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓના કામોને અગ્રતાક્રમ આપીને તેનું નિરાકરણ લાવવા જિલ્લા કલેક્ટરો તેમજ મહેસૂલ વિભાગના અધિકારીઓને આદેશ આપી પેડીંગ કામોનો સત્વરે નિકાલ લાવવા કહ્યું છે.

ગાંધીનગરમાં રાજ્યના ૩૩ જિલ્લા કલેક્ટરોની યોજાયેલી કોન્ફરન્સમાં મહેસૂલ વિભાગના પેડીંગ ઈસ્યુ, ઓનલાઈન સેવાઓ તેમજ સરકારી પડતર જમીન અંગેના વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટેની ચર્ચા થઈ હતી. આ કોન્ફરન્સમાં મહેસૂલ મંત્રી કૌશિક પટેલ અને મહેસૂલ વિભાગના અધિક મુખ્યસચિવ પંકજકુમારે જિલ્લા કલેક્ટરો સાથે પડતર પ્રશ્નોની યાદી માગી તેના ઝડપી નિકાલ માટેનું ટાઈમટેબલ બનાવવા સૂચન કર્યું છે.

આ કોન્ફરન્સમાં નક્કી થયા પ્રમાણે રાજ્યભરમાં જમીન અને મિલકતોના દસ્તાવેજ તેમજ રજીસ્ટ્રેશનને પણ ઓનલાઈન કરી દેવામાં આવ્યું છે. અરજદારે ઓનલાઈન એપોઈન્ટમેન્ટ લઈને દસ્તાવેજોના રજીસ્ટ્રેશન તેમજ દસ્તાવેજ કરવાનું ફરજીયાત બનાવ્યું છે પરંતુ એ પહેલાં આ નવી સિસ્ટમ રાજ્યની આઠ સબ રજીસ્ટ્રાર કચેરીઓએ લાગુ કરવાનું કહેવાયું છે.

કૌશિક પટેલે કહ્યું હતું કે રાજ્યના આઠ સ્થળોએ બીજી માર્ચ ૨૦૨૦થી દસ્તાવેજ તેમજ રજીસ્ટ્રેશન માટે ઓનલાઈન એપોઈન્મેન્ટ લેવાની રહેશે. આ પ્રોજેક્ટ સફળ થયા પછી આખા રાજ્યમાં તેનું અમલીકરણ કરાશે. રાજ્યમાં મહેસૂલ વિભાગમાં વધી ગયેલા ભ્રષ્ટાચારને અટકાવવા માટે ૨૧ પ્રકારની સેવાઓ ઓનલાઈન કરી ૧૯ સેવાઓનો અમલ શરૂ કરી દેવામાં આવ્યો છે.

મહેસૂલ મંત્રીએ કહ્યું હતું કે કોઈ પણ પક્ષકાર પોતાના દસ્તાવેજની નોંધણી માટે મહેસૂલ વિભાગની 'ગરવી' વેબસાઈટ પર ઓનલાઈન એપોઈન્ટમેન્ટ શિડ્યુલર મેનુ મારફતે તેઓનો જીલ્લો, સબરજીસ્ટ્રાર કચેરી, અવેજની રકમ, નામ, સરનામું, મોબાઈલ નંબર, ઈ-મેઈલ આઈડી તથા દસ્તાવેજના પ્રથમ પાનાનો ફોટો જેવી વિગતો ભરી દસ્તાવેજ નોંધણી માટે પોતાની અનુકુળતા મુજબનો સમય મેળવી શકશે. જિલ્લા કલેક્ટરોની કોન્ફરન્સમાં કચ્છના ગાંધીધામમાં નવી સિટી સર્વેની કચેરી શરૂ કરવા તેમજ કંડલા પોર્ટ ટ્રસ્ટની ગાંધીધામ તેમજ આદીપુરના વિસ્તારની ૨૬૦૦ એકર જમીનના ૩૦,૦૦૦ લીઝધારકોને દસ્તાવેજના આધારે પ્રોપર્ટી કાર્ડ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. એ ઉપરાંત સરકારી જમીન પર થયેલા દબાણો તેમજ લેન્ડ બેંક અંગેની ચર્ચા પણ આ કોન્ફરન્સમાં થઈ હતી. ખાસ કરીને રાજ્યના સાંસદો તેમજ ધારાસભ્યો તરફથી જિલ્લા કલેક્ટરોને મળેલી રજૂઆતોનો ત્વરીત નિકાલ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

'કેમ છો ટ્રમ્પ' માટે તૈયારીઓ શરૂ, CP સહિત પોલીસકર્મીઓએ સ્ટેડિયમનું નિરિક્ષણ કર્યું

અમદાવાદ

અમેરિકન પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પની અમદાવાદ વિઝિટ ફાઈનલ થઈ છે અને વ્હાઈટ હાઉસથી લીલી ઝંડી મળી છે. ત્યારે આગામી ૨૪થી ૨૭ ફેબ્રુઆરી વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ટ્રમ્પ અમદાવાદ આવશે. ત્યારે તેમની સ્ટેડિયમના કાર્યક્રમને લઈને અમદાવાદ પોલીસે અને એસપીજી સહિતની એજન્સીઓએ સ્ટેડિયમનું નિરિક્ષણ કર્યું હતું અને સમીક્ષા કરી હતી.

અમદાવાદ પોલીસ કમિશનર આશીષ ભાટીયા અને સ્પે. સીપી અજય તોમરે મોટેરા સ્થિત સરદાર પટેલ સ્ટેડિયમ પહોંચીને નિરિક્ષણ કર્યું હતું. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમને લઈને પોલીસ અધિકારીઓ દ્વારા સમીક્ષા કરવામાં આવી હતી. દરમિયાન તેમની સાથે એસપીજીની ટીમ અને સુરક્ષા એજન્સીઓ પણ હાજર રહી હતી.

મોટેરા ખાતે નવા બનેલા સરદાર પટેલ સ્ટેડિયમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ હાજર રહેશે અને એક લાખની જનમેદનીને સંબોધન કરશે. મોટેરા સ્ટેડિયમ ઉપરાંત સાબરમતી ખાતેના ગાંધી આશ્રમની પણ બન્ને મહાનુભવો મુલાકાત લેશે. મોટેરા સ્ટેડિયમનો કાર્યક્રમ દિવસનો નક્કી કરવામાં આવી રહ્યો છે. ઈન્ટરનેશનલ પ્રોટોકોલ મુજબ ટ્રમ્પ માટે હોટલ બુકિંગની પ્રક્રિયા પણ શરૂ કરાઈ છે. એરપોર્ટ ખાતેની તાજ ઉમેદ અથવા વસ્ત્રાપુરની હયાત હોટલ આખેઆખી બુક કરાવાશે તેમ સત્તાવાર સૂત્રોનું કહેવું છે.

મોટેરા સ્ટેડિયમમાં ટ્રમ્પ આવવાના હોવાથી અહીં બે હેલિપેડ પણ તૈયાર કરવામાં આવી રહ્યાં છે. રોડ માર્ગે તેઓ ન આવે તો એરપોર્ટથી હેલિકોપ્ટર મારફતે મોટેરા સ્ટેડિયમ ખાતે આવશે. અહીં એક કલાકથી વધુ સમયનો કાર્યક્રમ નક્કી કરવામાં આવી રહ્યો છે.

ચોરીનો આરોપ મુકી યુવાનને પાઈપથી ઢોર માર મારી ૬ શખ્સોએ પતાવી દીધો

ગોંડલ

ઔદ્યોગિક ઝોન તરીકે ઉભરી રહેલા ભુણાવા-ભરૂડી ગામ પાસે હત્યા કરાયેલી હાલતમાં શંકરરામ નામના યુવાનનો મૃતદેહ મળી આવતાં તાલુકા પોલીસ, એલસીબી સહિત જિલ્લાભરની પોલીસે દોડી જઈ તપાસ હાથ ધરી હતી. જેમાં પોલીસ ગણતરીની કલાકોમાં જ ભેદ ઉકેલી નાંખ્યો છે. હત્યા પાછળ ગોંડલ નગરપાલિકા બે સદસ્યો રાષ્ટ્રીય વિકાસ ઝુંબેશ પાર્ટીમાંથી પાલિકાની ચૂંટણી જીતી ભાજપનો ખેસ ધારણ કરનાર રવિ કાલરીયા જે નગરપાલિકા વીજળી શાખાનો ચેરમેન બન્યો હતો, સિક્યુરિટી ઈન્ચાર્જ અને સરદારધામ ગોંડલ તાલુકાના પ્રમુખ શૈલેષ ફૌજી, અક્ષય ઉર્ફે ભાણો, વિનોદ, અશોક રૈયાણી, આશીષ ટીલવાના નામ ખુલ્યા છે. યુવાન પર ચોરીની શંકા કરી પ્લાસ્ટિકના પાઈપ વડે ઢોર માર મારી હત્યા નિપજાવી હતી. જેમાં અક્ષય, વિનોદ અને આશિષની ધરપકડ કરવામાં આવી છે.

શંકરરામની હત્યા નીપજ્યા બાદ નગરસેવકો સહિતનાઓએ ચા-નાસ્તાની મિજબાની માણી હતી. મૃતદેહને સગેવગે કરવા પ્રયત્નો હાથ ધરી સીસીટીવી ફૂટેજ ડીલીટ કર્યા હતા. ઉલ્લેખનીય છે કે પાંચ વર્ષ પહેલાં પણ પાલિકાના એક સદસ્યએ અન્ય શખ્સો સાથે ગેરકાયદેસર મંડળી રચી એક સાધુની હત્યા નીપજાવી હતી અને હાલ ફરી પાલિકાના બે સદસ્યો એક યુવાનની હત્યામાં સંડોવાતા ચર્ચાનો વિષય બન્યો છે.

પોલીસે મૃતદેહ પાસે મોબાઈલ ફોન તેમજ પાણીની બોટલ મળી આવતા તેને કબ્જે કરી હતી. શંકરરામની ઉંમર આશરે ૩૫થી ૪૦ વર્ષની જણાઈ હતી. પોલીસને પ્રથમ નજરે યુવાનની પીઠ, ડાબો હાથ તેમજ બેઠકના ભાગે ઈજાના નિશાનો જણાયા હતા. અજાણ્યા યુવાનની ઓળખ મેળવવા પોલીસે તપાસ હાથ ધરી હતી.

પત્ર મળ્યા બાદ વડોદરા કોર્ટમાં ચેકિંગ કરાયું, કંઈ શંકાસ્પદ ન મળ્યું

ન્યાયાલયને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા પોલીસબેડામાં દોડધામ મચી

વડોદરા

વડોદરાના દિવાળીપુરા ખાતે આવેલી એશિયાની સૌથી મોટી કોર્ટ એવી વડોદરા કોર્ટના બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતાં ખળભળાટ મચી જવા પામ્યો છે. કોઈ અજાણ્યા શખ્સે પોલીસ કંટ્રોલ રૂમમાં પત્ર લખીને કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપી હતી. ધમકીભર્યો પત્ર મળતાં જ પોલીસબેડામાં દોડધામ મચી ગઈ હતી અને ક્રાઈમબ્રાન્ચ, એસઓજી સહિતનો પોલીસકાફલાને જાણ કરી દેવામાં આવી છે.

વડોદરામાં ૧૩૦ કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવેલી કોર્ટ એશિયાની સૌથી મોટી કોર્ટ છે. અને કોઈ અસામાજિક તત્વેએ પોલીસ કંટ્રોલ રૂમમાં પત્ર લખીને કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપી હતી. અજાણ્યા શખ્સે હિન્દી ભાષામાં આ ધમકીભર્યો પત્ર લખ્યો હતો. ધમકીભર્યો પત્ર મળતાં જ પોલીસબેડામાં દોડધામ મચી ગઈ હતી.

ધમકીભર્યા પત્ર મામલે ગોત્રી પોલીસ, ક્રાઈમ બ્રાન્ચ અને એસઓજીને જાણ કરી દેવામાં આવી છે. બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતાં કોર્ટ સંકુલની સુરક્ષામાં પણ વધારો કરી દેવામાં આવ્યો છે. તો કોઈ શંકાસ્પદ વ્યક્તિ અને વસ્તુ કોર્ટની અંદર ન જાઈ તે માટે પોલીસે તકેદારીનાં તમામ પગલાં લઈ લીધા છે. તો આ પત્ર કોઈ ટીખણખોર દ્વારા લખાયો છે કે કેમ તે અંગે પણ પોલીસ તપાસ કરી રહી છે. પોલીસ આ પત્રને ગંભીરતાથી લઈ તપાસ કરી રહી છે. અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટેનાં તમામ પ્રયાસો કરી રહી છે.

અમદાવાદ, નડિયાદ અને વડોદરા કોર્ટને ઉડાવી દેવાની ધમકી બાદ વડોદરા કોર્ટમાં ગુરૂવારે રાત્રે ચેકિંગ કરાયું હતું. પીસીબી, એસઓજી, અને ક્રાઈમ બ્રાંચની ટીમે કોર્ટ પરિસરમાં તપાસ કરી હતી. પરંતુ કોઈ પણ શંકાસ્પદ વસ્તુ મળી નહોતુ. જેથી પોલીસે હાશકારો અનુભવ્યો હતો. જોકે પોલીસ દ્વારા કોર્ટમાં એલર્ટ રહેવા માટે જણાવાયુ હતું.

રીક્ષામાં મુસાફરોને બેસાડીને સામાનની ચોરી કરતી ગેંગનો પર્દાફાશઃ એકની ધરપકડ

વડોદરા

રીક્ષામાં વયોવૃદ્ધ મુસાફરો બેસાડીને તેઓની નજર ચૂકવી તેમના સામાનની ચોરી કરતી ટોળકીનો નવાપુરા પોલીસે પર્દાફાશ કર્યો છે. આ ટોળકીનો ચાર દિવસ પૂર્વે ભોગ બનેલી વાઘોડીયા રોડની મહિલાને મુસાફર તરીકે બેસાડી તેઓના ગળામાંથી સોનાની ચેઈન સેરવી લેનાર ટોળકીના એક સાગરીતને પોલીસે દબોચી લીધો છે. જ્યારે બે મહિલા સહિત ત્રણ સાગરીતોને વોન્ટેડ જાહેર કરીને ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

પી.આઈ. એચ.વી. ચૌધરીએ જણાવ્યું હતું કે, વાઘોડિયા રોડ ઉપર આવેલા ઉકાજીના વાડીયામાં રહેતી એક મહિલા ૩ જાન્યુઆરીના રોજ ખંડેરાવ માર્કેટ ચાર રસ્તા પાસેથી વાઘોડિયા રોડ પોતાના ઘરે જવા માટે બેઠી હતી. દરમિયાન રિક્સામાં અગાઉથી જ બેઠેલી બે મહિલા અને બે પુરૂષોએ મહિલાની નજર ચૂકવીને તેઓના ગળામાંથી ૮ ગ્રામની રૂપિયા ૨૦,૦૦૦ કિંમતની સોનાની ચેઈન સેરવી લીધી હતી. આ બનાવની ફરિયાદ નવાપુરા પોલીસ મથક નોંધાઈ હતી.

૪ સાવજોએ ૮૦થી વધુ ઘેટા-બકરા ફાડી ખાતા અરેરાટી વ્યાપી

ગીર-સોમનાથ

બગસરા પંથકમાં દીપડાઓએ આતંક મચાવ્યો હતો. માનવભક્ષી દીપડાઓએ બગસરા પંથકમાં ૬ લોકોનો ભોગ લીધો હતો. દીપડા બાદ હવે સિંહોનો આતંક વધ્યો છે. ગત મોડી રાત્રે ૪ સિંહો બગસરાના ખારી ગામમાં ઘૂસ્યા હતા. સિંહોએ વાડામાં રહેલા ૮૦થી વધુ ઘેટા-બકરાને ફાડી ખાતા ગ્રામજનોમાં ફફડાટ વ્યાપી ગયો છે. ઘટનાને પગલે વન વિભાગની ટીમ ગામમાં દોડી આવી છે અને સિંહોની શોધખોળ હાથ ધરી છે. વન્ય પ્રાણીઓને આ વિસ્તારમાંથી દૂર કરવા ગ્રામજનોમાં માંગ ઉઠી છે. ગીરગઢડાના ખિલાવડ ગામની એક વાડી વિસ્તારમાં સિંહ પરિવાર આવી ચડ્યો હતો વાડીના રસ્તા પર સિંહ પરિવાર ટહેલતા જોવા મળ્યો હતો. આ દ્રશ્યો કોઈએ પોતાના મોબાઈલમાં કેદ કરી સોશિયલ મીડિયામાં વીડિયો વાઈરલ કર્યા છે.

LRD મહિલાઓનું ૧૭ દિવસથી આમરણાંત ઉપવાસ આંદોલનઃ ત્રણની તબિયત લથડી

ગાંધીનગર

અનામત પરિપત્ર મામલે ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે બે મહિનાથી એલઆરડીની મહિલા પરીક્ષાર્થીઓ ઉપવાસ પર ઉતરી છે. જેમાંની ત્રણ મહિલાની તબિયત લથડતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. આ અંગે ટ્વિટર યુઝરે ટ્વિટ કરી એક વીડિયો પોસ્ટ કર્યો છે. ૬૦ દિવસથી ચાલતું આંદોલન, જે છેલ્લા ૧૭ દિવસથી આમરણાંત ઉપવાસ પર મહિલાઓ, ઉની તબિયત લથડતાં હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ. આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર આમરણાંત ઉપવાસ પર ઉતરેલી ત્રણ મહિલાઓની ગાંધીનગર સિવિલમાં સારવાર ચાલી રહી છે. આ ત્રણ મહિલાઓમાંથી એક જામનગરની રહેવાસી એવી હેતલબહેન ધારાવડીયાની તબિયત લથડી છે.

રાજકોટ જિલ્લા પંચાયતનાં ૨૪.૪૭ કરોડનાં બજેટ પર મંજૂરીની મહોર લાગી

રાજકોટ

રાજકોટ જિલ્લા પંચાયતના વર્ષ ૨૦૨૦-૨૧ના રૂ.૨૪.૪૭ કરોડના અંદાજપત્ર પર મંજૂરીની મહોર લગાવવામાં આવી છે. પોત પોતાના વિસ્તારોમાં વિકાસકામ માટે સભ્યોની ગ્રાંટમાં ૪૦ લાખનો વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજકોટ જિલ્લા પંચાયતની જનરલ બોર્ડમાં સભ્યોને સ્વભંડોળમાંથી ફાળવવામાં આવતી ગ્રાંટમાંથી ૫૦ લાખની ગ્રાંટ ફાળવવાની માંગણી કરવામાં આવી હતી. લાંબી ચર્ચાના અંતે સભ્યોને ચાલુ વર્ષમાં ૨૨ લાખ અને વધારાના ૧૫ લાખ મળી કુલ ૩૭ લાખની ગ્રાંટ મંજુર કરવામાં આવી છે. આમ છતા સભ્યોને વધારાના ૩ લાખ આપવા સહમતી દર્શાવવામાં આવી છે.

તેમજ રાજકોટ જિલ્લા પંચાયત હેઠળના ૫ ગામોને રાજકોટ શહેરમાં ભેળવવા માટેનો ઠરાવ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત રાજકોટ જિલ્લા પંચાયતના ઈન્ચાર્જ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.મિતેશ ભંડેરી સામે તમામ સદસ્યોએ રોષ વ્યક્ત કર્યો હતો અને હેતલબેન ગોહિલે આરોગ્ય અધિકારીને સરકારમાં પરત મોકલવવા માટે પ્રસ્તાવ રજૂ કર્યો હતો. જેને તમામ સદસ્યોએ ટેકો આપતા ઠપકો આપતો ઠરાવ બહુમતીથી પસાર કરવામાં આવ્યો હતો.

આંગડીયા કર્મી લૂંટ વિથ મર્ડર કેસઃ ગેંગનો સુત્રધાર ૭.૫૮ લાખના મુદ્દામાલ સાથે ઝડપાયો

હિંમતનગર

પંદરેક દિવસ પહેલા ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ખેડબ્રહ્માની આંગડીયા પેઢી કર્મીના લૂંટ વિથ મર્ડર કેસ નોંધાયો હતો. ખેડબ્રહ્મા બજારમાં મુખી માર્કેટમાં આવેલી એન.માધવલાલ આંગડીયા પેઢીમાં કામ કરતા કર્મચારી પેઢીના કામે રોકડ રકમ લઈ ખેડબ્રહ્મા પેટ્રોલપંપ બસ સ્ટેશન તરફ જવાના રસ્તે બપોરના સમયે જઈ રહ્યા હતા ત્યારે એક સ્વિફ્ટ ડિઝાયર ગાડીમાં આવેલા અજાણ્યા ઈસમોએ તેમના ઉપર પિસ્તોલ/રિવોલ્વર જેવા હથિયારથી ફાયરિંગ કરી જીવલેણ હુમલો કરી ચાકુના ઘા મારી મોતને ઘાટ ઉતાર્યો હતો અને તેમની પાસે રહેલી નાણાની બેગની લૂંટ કરી જતા રહ્યાં હતાં.

સાબરકાંઠા પોલીસે વિવિધ ટીમો બનાવી ટેક્નિકલ સર્વેલન્સ, સી. સી. ટી. વી. ફુટેજ, હ્યુમન ઈન્ટેલીજન્સ તથા ગુજરાતના વિવિધ પો.સ્ટે.માંથી એમ. ઓ. બી. નો રેફરન્સ મેળવી ખૂબ ઉંડાણપૂર્વકની તપાસમાં દરમિયાન હ્યુમન ઈન્ટેલિજન્સ તથા મોડસ ઓપરેન્ડીના આધારે ગુન્હામાં સંડોવાયેલી ગેંગનો એક સુત્રધાર પ્રાંતિજથી પસારથતો હોવાની બાતમી મળી હતી. ગઇ તા.૨૧/૦૧/૨૦૨૦ના રોજ પોતાને હનિફભાઇ ઉર્ફે સબીરભાઇ ઇમામભાઇ બેલીમ રહે.સમી તથા જયેશ નામના માણસે હિંમતનગર જવા માટે ગાડી સાથે બોલાવતાં પકડાયેલો ઈસમ પોતાની ઈકો ગાડી લઇ હિંમતનગર થઈ ખેડબ્રહ્મા ગયેલાની હકીકત જણાવી તે દિવસે રસ્તામાં તેઓ બંને મોડાસા નજીકના મેઢાસણ ગામે રહેતા મહેશ સંદીપ શર્માને મેઢાસણથી મહાવીરસિંહ જોધા બાપુની સ્વિફ્ટ ગાડી લઇ બોલાવેલી હોવાની વાતો કરતા હોવાનું અને હિંમતનગર પહોચતાં એક સફેદ કલરની સ્વિફ્ટ ડિઝાયર ગાડી ત્યાં આવેલી હોવાની અને તેઓ ખેડબ્રહ્મા ગયેલા અને તેને પછીથી બોલાવતાં તે પણ ખેડબ્રહ્મા ગયેલો અને તેઓને મળેલો, તે વખતે ખેડબ્રહ્મા ખાતે ફાયરિંગ કરી આંગડીયા વાળાની લૂંટનો બનાવ બનેલો પછી આ લોકો સ્વિફ્ટ ડિઝાયર ગાડી લઇ ત્યાંથી નિકળી ગયેલ હોવાનું અને પોતે પણ ત્યાંથી જતો રહેલો હોવાની હકીકત જણાવી ગુનાની કબુલાત કરી હતી.

દૂધના ટેક્કરમાંથી ૫૦૦૦ વિદેશી દારૂની બોટલ સાથે એકની ધરપકડ

રાજકોટ

રાજકોટમાં ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે દારૂની પેટીઓ ને પેટીઓ લઈ જતું એક ટેક્કર પકડી પાડ્યું છે અને ટેક્કરની સાથે તેના ડ્રાઈવરની ધરપકડ કરી આગળની તપાસ શરૂ કરી છે. રાજકોટ ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે, રાજકોટમાં દૂધની ટેક્કરમાં દારૂની હેરાફેરી કરવામાં આવી રહી છે. બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવીને ઉભી હતી. તે સમયે કાલાવડ રોડ પાસે નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ પરથી કટારિયા ચોકડીથી વાવડી તરફ જવાના રસ્તા પર ઉભેલા દૂધના ટેક્કરને ઝડપી પાડ્યું હતું. ટેક્કરમાંથી ક્રાઈમ બ્રાન્ચે ૫૦૦૦થી વધુ વિદેશી દારૂની બોટલ એટલે કે ૧૫ લાખથી પણ વધુનો દારૂનો જથ્થો ઝડપી પાડયો છે. દૂધની ટેક્કરના ડ્રાઈવર બુધારામ બિસનોઈ કે જે રાજસ્થાનનો રહેવાસી છે તેની પણ ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી છે.

પોલીસ પકડમાં ફક્ત ડ્રાઈવર જ હાથ લાગ્યો છે. આ ટેક્કરને તૈયાર કરનાર ભેજું હજુ પોલીસ પકડથી દૂર છે. હાલ પોલીસે આ મામલે ડ્રાઈવરની આકરી પુછપરછ શરૂ કરી છે. જો ટેક્કરનાં બનાવટની વાત કરીએ તો દૂધનું ટેક્કર ખાસ રીતે બનાવડાવ્યું હતું. આ ટેક્કરને બહારથી જોતાં તે અસલ દૂધનાં ટેક્કર જેવું જ લાગે. દૂધના ટેક્કરમાં હોય તેવાં તમામ લોગો આ ટેક્કરમાં ચોંટાડવામાં આવ્યા હતા. દૂધ કાઢવા માટે વાલ્વ સહિતની વસ્તુઓ પણ એકદમ તેના સ્થાને જ લગાવવામાં આવી હતી. પણ ટેક્કરની અંદર દૂધની જગ્યાએ દારૂની હેરાફેરી કરવા માટે એક ખાસ ચોરખાનું બનાવવામાં આવ્યું હતું. પોલીસને ચોરખાનાની ખબર ન પડે તે માટે તેના પર એક પાઈપ પણ ફીટ કરવામાં આવી હતી.

સંવેદનશીલ સરકારમાં પાટનગર પણ અસલામત..? જવેલર્સની દુકાનમાં ફાયરિંગની ઘટના

ગાંધીનગર

ગુજરાતમાં દિવસે ને દિવસે ચોરીઓ,લૂંટ તેમજ બળાત્કાર જેવી ઘટનાઓ વધતા પ્રમાણમાં જોવા મળી રહી છે, ત્યારે હવે ગુજરાતનું પાટનગર પણ સલામત નથી રહયુ, ગાંધીનગર કુડાસણ વિસ્તારમાં આવેલી આદિશ્વર જવેલર્સ નામની દુકાનમાં ફાયરિંગની ઘટના બની હતી તેમાં જેવેલર્સના માલિકને ઈજા પોહચી હતી, આ લૂંટારુઓ બાઈક ઉપર ત્રણ સવારી આવ્યા હતા જેવેલર્સમાં ગ્રાહક બની આવેલ હતા ત્યારબાદ લૂંટના ઈરાદે ગયેલ ત્રણ ઈસમો દુકાનદારના માલિક સાથે ઝપાઝપી કરતા જોવા મળે છે, ઝપાઝપીમાં એક ઈસમ દુકાનદાર ઉપર ગોળી ચલાવે છે,ત્યારબાદ દુકાનદાર ઘાયલ થઈ જાય છે,તેમનો લૂંટનો ઈરાદો સફળ ના રહેતા તેઓ ત્યાથી પલાયન થઈ ગયા હતા,ત્યારબાદ સ્થળ ઉપર તત્કાલ પોલીસ પોહચી તપાસ હાથ ધરવામાં આવી હતી, પોલીસ દ્વારા સીસીટીવી કેમેરાને આધારે તપાસ હાથ ધરી છે, ત્રણ લૂંટારુઓમાંથી એકે હેલ્મેટ પહેર્યું છે જ્યારે બીજા બે ઈસમના બે ચહેરા સાફ દેખાય છે, ત્યારે જિલ્લા વડા મયુર ચાવડાએ ૧૨ ટિમો બનાવી લૂંટારુઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે, ઘટના જોતા સવાલો ઘણા ઉદ્ભવ છે લૂંટારુઓ લૂંટના ઈરાદે આવ્યા હતા ..? કે પછી કોઈ અંગત અદાવત હતી..? જે સ્થળ ઉપર લૂંટની ઘટના બની તેના થોડે દુર અંતરે જ પીસીઆર વાનો ઉભી રહેતી હોય છે ત્યારે સુત્રોથી એવી માહિતી આવી રહી છે કે પીસીઆર ગાડીઓને હોલ્ટ આપી દેવામાં આવ્યો હતો ત્યારે હવે પોલીસના સઘન પેટ્રોલિંગની પોલ આ ઘટના ખોલી રહી હોય તેવું લાગી રહ્યું છે, આ લૂંટારુઓ કોણ હતા..? કયાના હતા..? કયા ઈરાદે આવ્યા હતા.?, આ તમમાં સવાલના જવાબો હવે લૂંટારુઓ ઝડપાય ત્યારે જ મળશે..?

સરકાર કોઈ ખોટા આદિવાસીને પ્રમાણપત્ર નહીં આપે : ગણપત વસાવા

અમદાવાદ

એલઆરડી ભરતી મામલે જાતિ પ્રમાણપત્રને મુદ્દે વિવાદ મામલે આદિજાતિ મંત્રી ગણપત વસાવાએ આંદોલનકારીઓને આશ્વાસન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, આદિવાસીઓના જાતિ પ્રમાણપત્ર અંગે બાંધછોડ કરવામાં આવસે નહીં. સરકાર કોઈ ખોટા આદિવાસીને પ્રમાણપત્ર નહીં આપે. સરકાર આદિવાસીઓના હકનું રક્ષણ કરશે.

આ સાથે જ તેમણે આરોપ લગાવ્યો હતો કે, કેટલાંક પક્ષો આદિવાસીઓને ગેરમાર્ગે દોરો છે. આ અંગે મુખ્યંત્રી વિજય રૂપાણીએ ચીફ સેક્રેટરીને સૂચના આપી દીધી છે. વસાવાએ કોંગ્રેસ પર પણ કેટલાંક આક્ષેપો લગાવ્યા હતા.

વસાવાએ કહ્યું કે આદિવાસીઓના જાતિ પ્રમાણપત્ર અંગે બાંધછોડ કરવામાં આવશે નહીં. ૨,૩૨૨ ઉમેદવારોના જાતિપત્ર ચકાસણીનું કામ આપ્યું છે. સુપ્રીમ કોર્ટે ટીમ બનાવી હતી તેને ચકાસણી કરી છે. ૨,૧૦૦ ઉમેદવારોની ખરાઈ કરી લીસ્ટ ગૃહવિભાગને આપ્યું છે.

વસાવાએ કહ્યું હતું કે, ગીરમાં વસવાટ કરતાં ચારણ, ભરવાડ, રબારી આદિવાસી છે. ૧૯૫૬માં આદિવાસીમાં સમાવેશ અંગેના પુરાવા છે. ખોટા પ્રમાણપત્રો પર કાર્યવાહી કરવામાં આવશે. કોંગ્રેસ જવાબ આપે કે કોણે ચારણ, રબારી, ભરવાડને આદિવાસી બનાવ્યા. કોંગ્રેસની સરકારે ખોટા પ્રમાણપત્રો આપ્યા હતા. જ્ઞાતિ ચકાસણીનો કાયદો ભાજપ સરકાર લાવી છે. એલઆરડી વિવાદમાં કેસ ટુ કેસ ચકાસણી તપાસ માટે અમે તૈયાર છીએ. ૧૯૫૬માં ૪૮૦ પરિવારોને આદિજાતી પ્રમાણપત્ર અપાયા હતા.

આશ્રમમાં બાળકોને ગોંધી રાખવા મામલે પ્રાણપ્રિયા અને પ્રિયતત્વાના શરતી જામીન મંજૂર

અમદાવાદ

હાથીજણ ખાતેના નિત્યાનંદ આશ્રમમાં બાળકોને ગોંધી રાખવા મામલે બે સાધ્વીઓના શરતી જામીન મંજૂર થયા છે. મિર્ઝાપુર કોર્ટે પ્રાણ પ્રિયા અને પ્રિયતત્વાને શરતી જામીન આપ્યા છે.

હાથીજણ ખાતેના આશ્રમની સંચાલિકા છે. બે બાળકોના અપહરણ કરી તેમને આશ્રમની બહાર ગોંધી રાખવામાં પ્રિયતત્વાની ભૂમિકા બહાર આવી હતી. બાળકોને ગોંધી રાખ્યા ત્યારે તેની દેખરેખ રાખવાની જવાબદારી પ્રિયતત્વાને સોંપાઈ હતી. નિત્યાનંદના હાથીજણ આશ્રમની મુખ્ય હેડની જવાબદારી પ્રાણપ્રિયાને સોંપાઈ હતી. નિત્યાનંદની સૂચનાથી બાળકોને તેના વાલીને આશ્રમમાં ચાલતી પ્રવૃત્તિઓ વિશે કંઈપણ કહેવાની મનાઈ ફરમાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આ પહેલા ૨૦ નવેમ્બરના રોજ હાથીજણ પાસે આવેલા નિત્યાનંદ આશ્રમની સંચાલિકા પ્રાણપ્રિયા અને પ્રિયતત્વાની ગ્રામ્ય પોલીસે ધરપકડ કરી હતી. બન્ને પર બાળકોનું અપહરણ કરીને પુષ્પક સિટીમાં ગોંધી રાખ્યાના પુરાવા મળ્યા હતા. આશ્રમમાં બાળકો કામ ન કરે અથવા તેમના વાલીને મળવાનું કહે તો પ્રાણપ્રિયા અને પ્રિયતત્વા તેમને ગુરુદ્રોહ અને કાલભૈરવના શ્રાપની ધમકી આપી ડરાવતા હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું.

અન્ય રાજ્યોના માછીમારો હવેથી ગુજરાતનાં દરિયાકાંઠે માછીમારી નહિ કરી શકે

પોરબંદર

રાજ્યના માછીમારો માટે એક સારા સમાચાર મળી રહ્યા છે. હવેથી ગુજરાતના દરિયા કિનારે ગુજરાતના જ માછીમારો માછીમારી કરી શકશે. અન્ય રાજ્યોના માછીમારો ગુજરાતમાં હવેથી માછીમારી નહીં કરી શકે. ગુજરાત વિધાનસભા બજેટ સત્રમાં માછીમારોને રક્ષણ આપતું બિલ લાવવામાં આવશે, જેના કારણે મહારાષ્ટ્ર પેટર્નથી ગુજરાતના માછીમારોને રક્ષણ આપતો કાયદો રાજયના માછીમારોને લાગૂ પડશે. અને અન્ય રાજ્યોના માછીમારો અહીં આવીને માછીમારી કરી શકશે નહીં.

પરંતુ જો કોઈ માછીમાર અન્ય રાજ્યમાંથી આવેલો હશે અને ગુજરાતમાં માછીમારો કરતો પકડાશે તો એક લાખ રૂપિયા સુધીના દંડની જોગવાઈ કરવામાં આવી છે. જેના કારણે અન્ય રાજ્યોના માછીમારો સામે આકરા દંડની જોગવાઈ કરવામાં આવશે. એટલે કે એવું કહી શકાય કે માછીમાર પાસેથી પકડાયેલ માછલીની કિંમતનો ૫ ગણો દંડ વસૂલવામાં આવશે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, ગુજરાતના દરિયા કિનારે રાજ્યના જ માછીમારો માછીમારી કરી શકશે. મહારાષ્ટ્ર પેટર્નથી ગુજરાતના માછીમારોને રક્ષણ આપતો કાયદો ગુજરાત વિધાનસભામાં પસાર કરવામાં આવશે. ગુજરાત વિધાનસભામાં બજેટ સત્ર દરમ્યાન ગુજરાતના માછીમારોને રક્ષણ આપતું બિલ લાવવામાં આવશે. અને તેમાં ગુજરાતમાં માછીમારોને રક્ષણ આપતો કાયદો લાવવામાં આવશે.

શ્વાનનળીમાં શિંગનો દાણો ભરાતા બાળક ફૂટબોલની જેમ ફૂલ્યો, સિવિલમાં સફળ સર્જરી

એશિયાની સૌથી મોટી હોસ્પિટલ સિવિલમાં એક પછી એક સફળ સર્જરી કરીને પોતાની ખ્યાતનામના વધારી રહી છે. ત્યારે હાલ એક એવો કિસ્સો સામે આવ્યો છે, જેણે સાંભળી હૃદય કંપી જાય તેમ છે. અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ત્રણ વર્ષનું બાળક ફૂટબોલની માફક ફૂલીને આવ્યુ હતું. ત્યારબાદ બાળકની સિવિલ હોસ્પિટલમાં સફળ સર્જરી કરવામાં આવી હતી. આ બાળક સર્જીકલ એમ્ફેસીમા નામના રોગથી પીડાતુ હતુ. આ ઘટનામાં જાણવા મળી રહ્યું છે કે, બાળકની શ્વાનનળીમાં શિંગનો દાણો જતા રહેતા બાળક ફૂટબોલની જેમ ફૂલતું જતું હતું. બાળકના હૃદય અને ફેંફસાની પાસે હવા ભરાઈ ગઈ હતી.

પ્રિન્ટિંગ મશીનમાં હાથ આવી જતાં મજૂરનું મોત નીપજ્યું

જેતપુર

જેતપુર શહેરના પાંચપીપળા રોડ પર આવેલા સાડીના કારખાનામાં ઓટોમેટિક પ્રિન્ટીંગ મશીનમાં કામ કરતી વેળાએ એક પરપ્રાંતિય મજૂર મશીનમાં આવી જતા તેનો હાથ ખંભેથી કપાઈ જતા તેનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી.

શહેરના પાંચપીપળા રોડ પર આવેલ જય ભગવતી ડાઈંગ નામના સાડીના કારખાનામાં બપોરના સમયે ઓટોમેટિક મશીનમાં સાડીઓ છપાતી હતી તે વેળાએ ત્યાં કનૈયાનંદ કુશાવહા નામનો કારીગર જે દેવરીયા ઉત્તરપ્રદેશનો વતની છે. તેણે ગરમ કોટ પહેરેલો હોય તે કોટ મશીનમાં આવી ગયો હતો, જેને મશીનમાંથી ખેંચવા જતા કારીગરનો હાથ મશીનમાં ખભા સુધી આવી જતા તેણે ચીસાચીસ કરી મૂકી હતી. અન્ય સાથી કારીગરો મશીન બંધ કરીને તેને ખેંચીને બહાર કાઢતા એક હાથ કોણીએથી કપાઈ ગયો હતો અને અને છાતીનો ભાગ દબાઈ જવાથી તેનું બનાવ સ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

કાલુપુર રેલવે સ્ટેશન પર બેગેજ સ્કેનર મૂકાયા, મુસાફરોના માલ-સામાનનું સ્કેનિંગ કરાશે

અમદાવાદ

કાલુપુર રેલવે સ્ટેશન પર રોજની ૧૦૦થી વધુ ટ્રેનોની ઉપડે છે. જેમાં બે લાખથી વધુ મુસાફરો આવતા-જતા હોય છે. ત્યારે સુરક્ષાના ભાગરૂપે તેમજ નશીલા પદાર્થોની હેરાફેરી અટકાવવા માટે કાલુપુર રેલવે સ્ટેશન પર બે બેગેજ સ્કેનર મુકવામાં આવ્યા છે. પ્લેટફોર્મ નંબર-૧ ઉપર ગેટ નંબર-૨ અને ૪ પર આ મશીનો મુસાફરોના બેગ-થેલાઓ તેમજ માલ-સામાનનું ચેકિંગ કરશે. સમગ્ર ગુજરાતમાં અમદાવાદમાં પ્રથમ છે જ્યાં આ પ્રકારના બેગેજ સ્કેનર મુકવામાં આવ્યા છે.

રેલવેના અધિકારીએ જણાવ્યા મુજબ એરપોર્ટ પર જોવા મળતા આ પ્રકારના સ્કનેર હવે રેલવે મુસાફરોની સલામતી માટે ઉપયોગમાં લેવાશે. હાલ સ્ટાફને બેગેજ સ્કેનિંગની તાલીમ આપવાની સાથે મુસાફરોના સરસામાન પણ ચેક કરવામાં આવી રહ્યો છે. ભવિષ્યમાં પણ આવા વધુ બેગેજ સ્કેનર વસાવવામાં આવશે. નોંધનીય છે કે, અગાઉ અમદાવાદ રેલવે સ્ટેશન પર આતંકીઓ દ્વારા બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો. તેવામાં આ પ્રકારના બેગેજ સ્કેનર વધુ અસરકારક સાબિત થશે.

જેલના કમ્પાઉન્ડમાં સેલોટેપ વીંટેલો દડો પડ્યોઃ અંદરથી બે મોબાઈલ-ચાર્જર, તમાકુ નીકળ્યા

રાજકોટ

ગુરૂવારે મધરાત્રે જેલ કમ્પાઉન્ડમાં જેલ સહાયક તરીકે ફરજ બજાવી રહેલા હરપાલસિંહ સોલંકી જેલની અંદર રાઉન્ડમાં હતા ત્યારે સેલો ટેપ વિંટાળેલા દડાનો ઘા આવ્યો હતો. આ દડો તેમણે તુરંત હસ્તગત કરી નાઈટમાં રહેલા અધિકારી બળદેવભાઈ રાવળને સોંપ્યો હતો. સવારે જેલ ખુલવાના સમયે આ દડો તેમણે જેલર સમક્ષ રજૂ કરી સૌની વચ્ચે ખોલ્યો ત્યારે અંદરથી સેમસંગ કંપનીનો સ્લીમ પીએસઆઈ મોબાઈલ, જી-૫ કંપનીનો રેડ એન્ડ બ્લેક કંપનીનો મોબાઈલ, બે ચાર્જર, ૨૦૦ ગ્રામ બુધાલાલ તમાકુ અને તમાકાવાળા ૪ મસાલા નીકળ્યા હતા. અધિકારીએ પ્રતિબંધીત વસ્તુ તરીકે કબ્જે કરી તમામ વસ્તુ એફએસએલમાં મોકલી આપી હતી.

આ અંગે જેલર કે.એમ. સાધુએ પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનમાં વિધિવત ફરીયાદ નોંધાવી આ વસ્તુઓ જેલમાં રહેલા તેના સંલગ્ન કેદીને પહોંચાડવાની કોશિષ કરનાર અજાણ્યા શખ્સ સામે ફરીયાદ નોંધાવતા ગુનો નોંધી તપાસ PSI એમ.બી. ગોસ્વામીએ હાથ ધરી છે.

૨૪મીએ ગાંધીનગર ખાતે વિધાનસભાનો ખુલતા સત્રમાં જ ઘેરાવો કરવાની ચીમકી

GADનો પરિપત્ર રદ કરવાની માંગ સાથે SC, ST અને OBCનું જનકાંતિ આંદોલન

મહેસાણા

રાજ્ય સરકારના જાહેર વહિવટી વિભાગ દ્વારા ભરતી બાબતે ઓગસ્ટ ૨૦૧૮માં કરાયેલા પરિપત્ર એસસી, એસટી અને ઓબીસીને અન્યાયકર્તા હોવાથી તેના વિરોધમાં શુક્રવારે સવારે ૧૦ વાગ્યે તોરણવાળી ચોકમાં જનક્રાંતિ આંદોલન યોજાયું હતું. બંધારણીય અધિકાર આંદોલન સમિતિના નેજા હેઠળ જનક્રાંતિ આંદોલનમાં મોટી સંખ્યામાં મહિલાઓ, યુવાઓ અને સમાજના કર્મશીલો ઉમટ્યા હતા. મહેસાણાથી શરૂ થયેલું આંદોલન રાજ્ય વ્યાપી બનાવવાનો આંદોલન કારીઓએ નિર્ધાર વ્યક્ત કર્યોછે. સરકાર ભરતી બાબતના જીએડીના પરિપત્રને લઈને ભીંસમાં મૂકાઈ છે. જેમાં બંધારણીય અધિકાર આંદોલન સમિતિના સદસ્યોએ જનક્રાંતિ આંદોલન સભા યોજી છે. રાજ્યમાં એકપછી એક જિલ્લામાં જનસભા કાર્યક્રમ થકી રાજ્યવ્યાપી બનશે અને આમ છતા સરકાર જીએડીનો પરિપત્ર રદ નહીં કરે તો ૨૪મીએ ગાંધીનગર ખાતે વિધાનસભાનો ખુલતા સત્રમાં જ ઘેરાવો કરવાની ચીમકી સમિતિના કાર્યકરોએ વ્યક્ત કરી હતી.

વિરમગામ શહેર સહિત પંથકમાં ભગવાન વિશ્વકર્મા જન્મ જયંતીની ઉજવણી કરાઈ



વિરમગામના વિશ્વકર્મા ધામ ખાતે વિશ્વકર્મા ભગવાનનું પુજન, આરતી, પ્રસાદ સહિતના કાર્યક્રમ યોજાયા

વંદના નીલકંઠ વાસુકિયા
વિરમગામ દ્વારા

મહા સુદ તેરસે સમગ્ર દેશમાં ભગવાન વિશ્વકર્માની જન્મ જયંતી તરીકે ઉજવવામાં આવે છે ત્યારે વિરમગામ, માંડલ, દેત્રોજ તાલુકા સહિત જિલ્લાભરમાં ગજજર સુથાર, લુહાર સુથાર, શિલ્પી, સમાજના ઈષ્ટદેવ સૃષ્ટિના શિલ્પકાર ભગવાન વિશ્વકર્માની જન્મ જયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. વિરમગામના વિશ્વકર્મા ધામ ખાતે વિશ્વકર્મા ભગવાનનું પુજન, આરતી, પ્રસાદ સહિતના કાર્યક્રમ યોજાયા હતા. શહેરના લુહાર પંચાલ સમાજ દ્વારા વિરમગામ શહેરના રાજમાર્ગો પર વિશ્વકર્મા ભગવાનની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનિય છે કે ભગવાન વિશ્વકર્માએ પોતાના પુત્રો મનુ, મય, ત્વષ્ટા, શિલ્પી અને દેવજ્ઞને પૃથ્વી પર મોકલી સર્જન કાર્ય કરવા આદેશ આપ્યો હતો. ભગવાન કૃષ્ણની ઈચ્છા પ્રમાણે વિશ્વકર્માએ સમુદ્રની મધ્યમાં દ્વારકા નગરીનું નિર્માણ કર્યું હતું. મહા સુદ તેરસને સમગ્ર દેશમાં ભગવાન વિશ્વકર્માની જન્મ જયંતી તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે ભગવાન વિશ્વકર્માના વંશજો જેમને માનવામાં આવે છે તેવા મનુ (લુહાર), મય (સુથાર), ત્વષ્ટા (કંસારા), શિલ્પી અને દેવજ્ઞ (સોની) સમાજના લોકો પોતાના પૂર્વજ એવા ભગવાન વિશ્વકર્માની પૂજા અર્ચના કરી કૃતજ્ઞ બને છે. ભગવાન વિશ્વકર્માને શાસ્ત્રોમાં સર્જનના દેવ તરીકે વર્ણવામાં આવ્યા છે.

વિરમગામમાં સમધારાના સાધકો દ્વારા મિશન ઈન્દ્રધનુષ ૨.૦ ની જાણકારી આપતો પપેટ શો રજુ કરવામાં આવ્યો



વિરમગામના કન્સ્ટ્રકશન સાઈટ ઝૂપડપટ્ટી જેવા દુર્ગમ વિસ્તારોમાં સાંજના સમયે સઘન રસીકરણ ઝુંબેશ મિશન ઈન્દ્રધનુષ ૨.૦ ની વિસ્તૃત જાણકારી અપાઈ

વંદના નીલકંઠ વાસુકિયા
વિરમગામ

અમદાવાદ જીલ્લાના વિરમગામ તાલુકા હેલ્થ ઓફિસ સંલગ્ન અર્બન હેલ્થ સેન્ટર વિરમગામના સેવા વિસ્તારમાં કન્સ્ટ્રકશન સાઈટ ઝૂપડપટ્ટી જેવા દુર્ગમ વિસ્તારોમાં સાંજના સમયે સઘન રસીકરણ ઝુંબેશ મિશન ઈન્દ્રધનુષ ૨.૦ ની વિસ્તૃત જાણકારી આપતો પપેટ શો સમધારાના સાધકો દ્વારા રજુ કરવામાં આવ્યો અને રસીકરણ માટે લાભાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.આ ઉપરાંત રસીકરણથી વંચીત બાળકો અને સગર્ભા બહેનોને રસી આપવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે તાલુકા હેલ્થ ઓફિસર ડો.વિરલ વાઘેલા, ડો.જીગર દેવીક, નીલકંઠ વાસુકિયા, જયેશ પાવરા, છાયા મકવાણા, કાજલ પઢીયાર, કરૂણા પરમાર, સોનલ રાઠોડે જહેમત ઉઠાવી હતી. અત્રે ઉલ્લેખનિય છે કે, અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકામાં શૂન્યથી બે વર્ષના બાળકો રોગ પ્રતિકારક રસીઓથી વંચિત હોય તેવા તમામ બાળકોને અને સગર્ભા માતાઓને રસીઓથી રક્ષિત કરવાનો કાર્યક્રમ સઘન રસીકરણ ઝુંબેશ મિશન ઈન્દ્રધનુષ ૨.૦ ચાલી રહ્યો છે ત્યારે માતાઓ અને બાળકોને અપાતી રસીની કામગીરીનું તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામની ટીમ દ્વારા નીરીક્ષણ કરવામાં આવી રહ્યુ છે. સઘન રસીકરણ ઝુંબેશ મિશન ઈન્દ્રધનુષ ૨.૦ અંતર્ગત તમામ બાળકોનું સંપુર્ણ રસીકરણ સુનિશ્ચિત કરવાનું અભિયાન મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. શિલ્પા યાદવના માર્ગદર્શન હેઠળ હાથ ધરાયું છે. વિરમગામ તાલુકાના દુર્ગમ વિસ્તારોમાં રસીકરણ સેશન યોજીને શૂન્યથી બે વર્ષ સુધીના બાળકોને રસીઓથી રક્ષિત કરવામાં આવી રહ્યા છે. બાળકો ઉપરાંત સગર્ભા માતાઓને પણ રસીઓ આપવામાં આવે છે ત્યારે વિરમગામના દુર્ગમ વિસ્તારોમાં રસીકરણ અંગે જનજાગૃતિ માટે "પપેટ શો" રજુ કરવામાં આવ્યો હતુ. જે લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યુ હતુ.

'કોરોના'ની ડાયમંડ બાદ ટેક્સટાઈલ ઉદ્યોગમાં પણ અસર, ચીનથી સ્ટોનની આયાત બંધ

સુરત

ચીનમાં કોરોના વાઈરસે હાહાકાર મચાવ્યો છે. કોરાના વાઈરસની અસર હવે સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગ પર પણ પડી છે. ચીનથી આવતા સામાન પર બ્રેક લાગતા કપડા વેપારીઓ મુશ્કેલીમાં મૂકાયા છે. સુરતમાં સાડી અને ચોલીમાં લગાવવામાં આવતા સ્ટોન ચીનથી જ આવે છે. સાડી અને ચોલીમાં ૧ એમએમથી લઈને ૧૦ એમએમ સુધીના સ્ટોનનો ઉપયોગ કરવામાં આવે છે. જે કોરાના વાઈરસના કારણે અટકી ગયા છે.

છેલ્લા એક અઠવાડિયાથી સ્ટોન ન આવવાના કારણે સ્ટોનના ભાવમાં દોઢ ગણો વધારો થઈ ગયો છે. સુરતના કાપડ માર્કેટમાં સ્ટોનવાળી સાડી, ચોલીઓ મોંઘા ભાવે વેચાય છે. ચીનના ૯૯ ટકા સ્ટોનનો ઉપયોગ સુરતમાં કરવામાં આવે છે. વેપારી જે સમય પર પેમેન્ટ કરી છે તેને કોઈ મુશ્કેલી નથી. જોકે, લેટ પેમેન્ટ કરનાર વેપારીની હાલત ખરાબ થઈ ગઈ છે. વેપારીઓને સ્ટોન મળી રહ્યા નથી. ચીનથી ઝડપથી સ્ટોન ન આવે તો વેપારીઓની હાલત વધુ ખરાબ થવાની શક્યતાઓ સેવવામાં આવી રહી છે. વર્ક કરેલા કપડાની કિંમત વધી જશે. કાપડ વેપારીએ જણાવ્યું હતું કે, સુરતમાં બનતી મોંઘી સાડી, ચોલી, બ્લાઉઝ અને ડ્રેસમાં ૮૦ ટકા સ્ટોન લગાવાય છે. સ્ટોન લગાવ્યા વિના કપડાનો લૂક સારો ન થતા વેચાણ પણ ઓછું થાય છે. સુરતના કાપડ માર્કેટમાં સ્ટોનવાળા કપડાની વધુ ડિમાન્ડ હોય છે.

નો પાર્કિંગમાં પાર્ક કરેલી કારને લોક મારતા ટ્રાફિક પોલીસ અને સ્થાનિકો વચ્ચે બબાલ



સુરત

વરાછા વિસ્તારમાં ટ્રાફિક પોલીસ દ્વારા નો પાર્કિંગમાં પાર્ક કરાયેલી કારને લોક મારવામાં આવ્યું હતું. જેને લઈને રહિશો અને ટ્રાફિક પોલીસ વચ્ચે બબાલ સર્જાઈ હતી. પોલીસ ત્રાણની અટકાયત કરી વરાછા પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા. જેથી મોટી સંખ્યામાં સ્થાનિક લોકો વરાછા પોલીસ મથકે દોડી ગયા હતા.

વરાછા વિસ્તારમાં આવેલી ત્રિકમનગર-૧ ખાતે નો પાર્કિંગમાં પાર્ક કરેલી કારને લોક મારતા મામલો ગરમાયો હતો. રહિશો અને ટ્રાફિક પોલીસ વચ્ચે બબાલ સર્જાઈ હતી. ટ્રાફિક પીએસઆઈ એકે પટેલ સાથે ઝપાઝપી પણ થઈ હતી. જેથી પોલીસે ત્રાણની અટકાયત કરી વરાછા પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા અને મોટી સંખ્યામાં સ્થાનિક લોકો વરાછા પોલીસ મથકે દોડી ગયા હતા.

નેશનલ હાઈવે પર કેમિકલ ભરેલું ટેન્કર પલટી ખાતા સર્જાયો ટ્રાફિકજામ

વડોદરા

ગાંધીધામથી હાલોલ તરફ જતી જવલનશિલ આઈસો બ્યુટાઈલ બેન્ઝીન કેમિકલ ભરેલુ ટેક્કર દેણા ચોકડી પાસે સવારે ૬:૩૦ વાગ્યાની આસપાસ પલટી ખાઈ ગયુ હતું. જેને પગલે ટેક્કરમાંથી કેમિકલ લીકેજ થવા લાગ્યું હતું. ટેક્કરનો ડ્રાઈવર ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ દરજીપુરા ફાયર સ્ટેશનની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી. અને ૧૫ જેટલા કર્મચારીઓની ટીમે સતત ફર્મનો મારો ચલાવવાનું શરૂ કરી દીધુ હતું. અને અમદાવાદથી સુરત તરફનો રસ્તો પર બંધ કરાવી દીધો હતો. જોકે ટેક્કરને સીધુ કર્યા બાદ ફરીથી અમદાવાદ-સુરત તરફનો વાહન વ્યવહાર શરૂ કરી દેવામાં આવ્યો છે. હાલ ધીમી ગતિએ વાહન વ્યવહાર શરૂ થયો છે.



ફાયર બ્રિગેડ દ્વારા ૧૫ જેટલા ટેક્કર ફર્મનો મારો ચલાવવામાં આવ્યો હતો. જેને પગલે દુર્ઘટના ટળી હતી. જોકે ટ્રાફિકજામને પગલે જેને પગલે વાહનચાલકો અટવાઈ ગયા હતા. અમદાવાદથી આવતા વાહનોને વડોદરા શહેર તરફ ડાઈવર્ટ કરવામાં આવ્યા હતો. જેથી વડોદરા શહેરના સમા-સાવલી રોડ ઉપર પણ ટ્રાફિકજામ સર્જાયો હતો.

નેશનલ હાઈવે પરથી ટેક્કરને હટવવા માટે ૬ ક્રેનોને કામે લગાવવામાં આવી હતી. ટેક્કર પલટી ખાઈ ગયુ હોવાથી તેને સીધુ કરવા માટે પ્રયાસ કરવામાં આવ્યા હતા. પરંતુ આઈસો બ્યુટાઈલ બેન્ઝીન કેમિકલ પડેલુ હોવાથી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. અને ભારે જહેમત બાદ ટેક્કરને સીધી કરવામાં આવી હતી.

સુરતીઓ આનંદો..!! સુરતને મળ્યું એશિયાના ૩૦ રિલાયન્સ સિટીમાં સ્થાન

સુરત

સુરત શહેર શિખરોનાં નવા સોપાનો સર કરતું જાય છે. ત્યારે સુરતીવાસીઓ માટે વધુ એક આનંદના સમાચાર છે. સુરતને એશિયાના ૩૦ રિલાયન્સ સિટી (કોઈ પણ મોટી કુદરતી આપત્તિ સામે લડી હિંમત હાર્યા વગર ઊભરી આવનાર પાવરફુલ સિટી)માં સ્થાન મળ્યું છે. આ લિસ્ટમાં સુરત એશિયામાં ૮મા સ્થળે છે. આ યાદીમાં પસંદગી થતાં સુરતને હવે વૈશ્વિક મદદ સરળતાથી મળી રહેશે અને શહેરની સુખાકારી અને વિકાસના કામોને વેગ મળશે.

સિંગાપોરની ટેમાસેક ફાઉન્ડેશન દ્વારા આ યાદી બહાર પડાઈ છે. ટેમાસેક ફાઉન્ડેશન દ્વારા શહેરીકરણ માટે શહેરોને સુવિધા પૂરી પાડવા પૂરતી નાણાકીય જરૂરિયાત મળી રહે એ માટે એશિયાનાં શહેરો પાસેથી અરજીઓ મંગાવાઈ હતી. જેમાં સુરત મ્યુનિસિપલ કોર્પોરેશને પણ અરજી કરી હતી. આ યાદીમાં સુરતની ૮મા ક્રમે પસંદગી થતાં હવે એસએમસીને હવા, જમીન અને પાણીના પર્યાવરણલક્ષી ૩૦ હજાર કરોડના પ્રોજેક્ટ માટે ટેક્નિકલી અને ફન્ડિંગની મદદ વિશ્વમાંથી પ્રાપ્ત થઈ શકશે.

આમ આ યાદીમાં પસંદગી થતાં બંછાનિધિ પાનીએ જણાવ્યું કે, સુરત પાલિકા ભવિષ્યમાંજે ૩૦ હજાર કરોડના પ્રોજેક્ટો માટે ઈન્વેસ્ટમેન્ટ કરી રહી છે તેના માટે જે ટેક્નિકલ સપોર્ટ તથા મોટા પ્રોજેક્ટો હોય તેના માટે જરૂરી તમામ મદદ કરશે. તાપી શુદ્ધિકરણ, ક્લિન એર, રીસાઈકલ વોટર, પર્યાવરણના પ્રત્યેક પ્રોજેક્ટ અંગે જરૂરિયાત દર્શાવી સંકલનમાં રહીને કેવી રીતે વિશ્વમાંથી ફંડિંગ એરેજમેન્ટ કરી શકાય તેની માહિતી, ફંડિંગ અને ટેક્નિકલી મદદ મળી રહેશે.

ચોરી કર્યા બાદ તસ્કરો તાપણું કરવા બેઠા, પોલીસ આવી જતા માલ છોડી ફરાર

સુરત

વાપીમાં ફરી વખત તસ્કરોએ તરખાટ મચાવ્યો છે. મોડી રાત્રે તસ્કરો વાપીના છીરી વિસ્તારના મોતીકલા એપાર્ટમેન્ટમાં આવેલ મોનાલી જ્વેલર્સની દુકાનને નિશાન બનાવી અંદરથી સોના,ચાંદી અને મિશ્ર ધાતુઓની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. બુકાનીધારી તસ્કરો દુકાનમાં લગાવેલા ૬ તાળા તોડ્યા વગર ગ્રીલ તેમજ અંદર લગાવેલા કાચને તોડી અંદર પ્રવેશી ગયા હતા. અંદરથી ૧.૯૩ લાખના મુદ્દામાલની ચોરી કરી ફરાર થનારા પાંચેય તસ્કરો દુકાનમાં લગાવેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયા હતા.

ઘટનાની જાણ ડુંગરા પોલીસને કરતા પોલીસની ટીમ સ્થળ ઉપર પહોંચી હતી. બનાવ અંગે દુકાન માલિક હલદરેએ ડુંગરા પોલીસ મથકમાં અજાણ્યા ઈસમો સામે ચોરીની ફરિયાદ નોંધાવતા પોલીસે દુકાન સહિત આજુબાજુમાં લગાવેલા સીસીટીવી ફૂટેજના આધારે વધુ તપાસ હાથ ધરી છે. જોકે, આ કેસમાં પાંચ પૈકી ત્રણ આરોપી ગણદેવી તાલુકામાં પોલીસની નાકાબંધી દરમિયાન પકડાઈ ગયા હોવાની ચર્ચા ખૂબ ચાલી હતી. પરંતુ પોલીસ પાસેથી મળેલી માહિતી મુજબ આરોપીઓ મુદ્દામાલ છોડી અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયા હતા.

પ્રદુષણ વધવાથી સમગ્ર માનવજગત પર ખતરો મંડરાય છે: કમ્બોજે

પદમડુંગરી ખાતે ઈકો ક્લબ ટીચર ઈન્ચાર્જ તાલીમ શિબિર યોજાઈ

વ્યારા

ગીર ફાઉંડેશન ગાંધીનગર, નાયબ વનસંરક્ષકની કચેરી અને જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી તાપીના સયંક્ત ઉપક્રમે એ ન.જી.સી. (નેશનલ ગ્રીનકોપ્સ) કાર્યક્રમ હેઠળ ઈકો ટુરિઝમ સેન્ટર પદમડુંગરી ખાતે ગીરે ફાઉન્ડેશન ગાંધીનગરના અધિક મુખ્ય વન સંરક્ષક અને નિયામક આર.ડી.કમ્બોજની અધ્યક્ષતામાં ઈકો ક્લબ ટીચર ઈન્ચાર્જની એક દિવસીય તાલીમ શિબીર નું આયોજન કરવામાં આવ્યું હતુ.

આ પ્રસંગે પ્રેરક ઉદબોધન કરતા શ્રી કમ્બોજે જણાવ્યું હતુ કે, પર્યાવરણ સમતુલાનો પ્રશ્ન આજે એક વૈશ્વિક સમસ્યા બની ગયો છે. સતત પ્રદૂષણ વધવાથી તેના વિપરીત પરિણામોએ સમગ્ર માનવ જાતને ખતરામાં મુકી દીધી છે. ત્યારે પર્યાવરણ અંગે જાગૃતિ કેળવે પર્યાવરણ સુધારણા અને રક્ષણ માટે પાયાના સ્તરેથી પગલા લેવા શાળાના બાળકોને સાંકળી ઈકો કલબની સ્થાપના માટે ભારત સરકાર દ્વારા નેશનલ ગ્રીને કોપ્સ એન.જી.સી. કાર્યક્રમની વર્ષ ૨૦૦૧થી શરૂઆત કરવામાં આવી હતી. જે અંતર્ગત રાજ્યમાં જિલ્લા દીઠ ૨૫૦ શાળાઓમાં ઈકો કલબની સ્થાપના કરવામાં આવી છે. આજે સમગ્ર દેશમાં ૧.૫૦ લાખ ઉપરાંત ઈકો કલબ છે. તેમ જણાવી દેશના ભાવિ એવા આજના વિદ્યાર્થીઓમાં પાયાના જ્ઞાન સાથે જ પર્યાવરણ જાળવણીની જાગૃતિ કેળવવા આવા કાર્યક્રમો ચોક્કસ મદદરુપ થશે તેમ જણાવ્યું હતુ.

નાયબ વનસરંક્ષકશ્રી આનંદકુમારે કુદરતી પર્યાવરણના ઘટકો સમતુલિત રીતે જળવાઈ રહે તે જોવાની જવાબદારી આપણા સૌની છે તેમ જણાવી દેશના ભવિષ્ય એવા આજના વિદ્યાર્થીઓમાં પાયાના જ્ઞાન સાથે પર્યાવરણ સંરક્ષણ અંગે જાગૃતિ લાવવાની લોકોમાં ખાસ કરીને યુવાનોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવામાં આવા કાર્યક્રમો ચોક્કસ ઉપયોગી પુરવાર થશે એવી આશા વ્યક્ત કરી હતી.

પર્યાવરણ અને શિક્ષકો વિષય પર પ્રેરક પ્રવચન આપતા સુરતના મુખ્ય વનસંરક્ષક શ્રીસી.કે.સોનવણે આજે પર્યાવરણના પડકારો સામે બાળકોને સુસજજ બનાવવામાં એક માત્ર શિક્ષકો જ મહત્વની ભુમિકા અદા કરી શકશે તેમ જણાવી પ્રકૃતિના રક્ષણ માટે પ્રાપ્ય કુદરતી સંસાધનના સમુચિત ઉપયોગની જરૂરિયાત પર ભાર મુક્યો હતો.

આ પ્રસંગે જિલ્લા શિક્ષણધિકારી જે.બી.પટેલ અને પ્રાથમિક શિક્ષણાધિકારી જયેશ પટેલે પ્રાસંગિક પ્રવચનમાં બાળકો આપણું ભવિષ્ય છે ત્યારે તેમના દ્વારા આપણા ભાવી સમાજના અભિગમમાં ફેરફાર લાવી શકાય. નિસ્વાર્થ બાળકોના મનમાં નવા વિચારો સહેલાઈથી રેડી શકાય છે. દરેક બાળક પોતાના કુટુંબમાં ચોક્કસ અસર ઉપજાવી શકે છે.આ બાબતને ધ્યાનમાં રાખીને ભારત સરકાર દ્વારા દેશના તમામ જિલ્લાઓમાં નેશનલ ગ્રીન કોર્પસ કાર્યક્રમનો અમલ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. તાપી જિલ્લામાં આજે ૨૫૦ શાળાઓમાં નેશનલ ગ્રીન કોર્પસ કાર્યક્રમનો અમલ થઈ રહ્યો છે. આગામી દિવસોમાં જિલ્લાની તમામ શાળાઓને આવરી લેવામાં આવશે. નાયબ નિયામક અને ડી.એફ.ઓ શ્રી ડી.સી.મહેતાએ ઈકો કલબની કામગીરી બાબતે વિસ્તૃત માર્ગદરશન પુરુ પાડ્યુ હતુ.

કાર્યક્રમમાં સહાયક માહિતી નિયામક આર.આર.તડવી, તકેદારી અધિકારી એચ.એલ. ગામીત, ગીર ફાઉન્ડેશન તાપીના કો.ઓર્ડીનેટર યોગેશ પટેલ સહિત સબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. શિબિરમાં ૨૫૦ જેટલા શિક્ષક ભાઈ-બહેનોએ હાજર રહીને પર્યાવરણ જાળવણી અંગે વિસતૃત માર્ગદર્શન મેળવ્યું હતુ.

સુરતમાં મંદી : વાહનોના વેચાણમાં ધરખમ ઘટાડો નોંધાયો, મનપાની આવકને ફટકો

સુરત

સુરતમાં ઓટો સેક્ટરમાં મંદીની અસર જોવા મળી રહી છે. ગત વર્ષ કરતાં આ નાણાકીય વર્ષમાં વાહનોના વેચાણમાં મોટી ઘટાડો નોંધાયો છે. જેથી સુરત મનપાને વ્હીકલ ટેક્સમાં ૧૪.૯૭ કરોડની ઓછી આવક થતાં ઓટો સેક્ટરમાં મંદીના માહોલનો અંદાજ છે. ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે ૩૬૨૧૫ વાહનો ઓછા ખરીદાયા છે જેના કારણે વ્હીકલ ટેક્સની આવકમાં પણ ઘટાડો થયો છે.

સુરત મનપા સુરત શહેરમાં વાહનોની ખરીદી થાય તેના પર ટુવ્હીલની શો રૂમ કિંમત પર ૨ ટકા અને થ્રી અને ફોર વ્હીલ વાહનોની કિંમત પર ૨.૫૦ ટકા વ્હીકલ ટેક્સની વસૂલાત કરે છે. આ રીતે સરેરાશ ૨.૨૫ ટકા ટેક્સ ગણવામા આવે તો ગત વર્ષે ૬ ફેબ્રુઆરી સુધીમાં ૭૯.૩૧ કરોડ રૂપિયાની વ્હીકલ ટેક્સની આવક થઈ હતી. આ આંકડા જોતાં ગત વર્ષે ૩૫૨૪ કરોડના વાહનોનું વેચાણ થયું હતું. તેની સરખાણીમાં આ વર્ષે ૬ ફેબ્રુઆરી સુધીમાં મનપાને વ્હીકલ ટેક્સ પેટે ૬૪.૩૪ કરોડ રૂપિયાની આવક થતાં ૨૮૫૯ કરોડના વાહનો ખરીદાયા છે. આ સંખ્યા જોતાં આ વર્ષે સુરતમાં ૬૬૫ કરોડની કિંમતના ઓછા વાહન ગત વર્ષની સરખાણીમાં ખરીદાયા છે. મનપાના વ્હીકલ ટેક્સના આંકડાના આધારે ઓટો સેક્ટરમાં મંદી આવી હોવાનું સ્પષ્ટ જણાઈ રહ્યું છે.

છેલ્લા ઘણ સમયથી ડાયમંડ અને ટેક્સટાઈલ ઉદ્યોગમાં મંદીનો માહોલ છવાયો છે. જેની અસર વાહનોની ખરીદી પર પડી હોવાનું લાગી રહ્યું છે. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે વાહનોની ખરીદી ઓછી થઈ છે. ગત વર્ષે ૧૬૫૮૧૨ વાહનોનું વેચાણ થયું હતું અને આ વર્ષે ૧૨૯૫૬૭ વાહનોનું વેચાણ થયું છે. સૌથી વધુ વેચાણ થતા મોપેડમાં પણ વર્ષે ધરખમ ઘટાડો થયો છે.

રિક્ષામાં સવાર મુસાફરના ખિસ્સામાંથી ૨૫ હજાર ચોરાયા

વરાછા રોડ કાળીદાસ નગરથી વસંત ભીખાની વાડી પાસેથી પસાર થતા ઓટોરિક્ષામાં મુસાફરી કરતા એક વેપારીના ગજવામાંથી ૨૫ હજાર કાઢી લઈ બે અજાણ્યા ઈસમો ફરાર થઈ ગયા હોવાનો બનાવ વરાછા પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર રાજકોટના મૂળ વતની અને હાલમાં વરાછા મહેશ્વર સોસાયટી પાસે રહેતાં દિપ અનડકટ ગતરોજ વરાછા કાળીદાસ નગરથી વસંત ભીખાની વાડી તરફ ઓટોરિક્ષામાં બેસી જતા હતા. ત્યારે અંદર બેઠેલા મુસાફરોએ તેઓને આગળ પાછળ બેસાડી નજર ચૂકવી ગજવામાંથી રૂા.૨૫ હજાર કાઢી લઈ ફરાર થઈ ગયા હતા. વરાછા પોલીસે રોકડ ચોરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

અમરોલીમાં સન્ડે રેસીડેન્શીમાં રોડ બંધ કરી દેવાતા મારામારી

અમરોલી-સાયણ રોડ પર સન્ડે રેસીડેન્શી ખાતે રોડ બંધ કરી દેવા બાબતે ઝઘડો થતા બે ઈસમોએ હીરા કાર્ટીંગનું કામ કરતા એક યુવકને તમાચાઓ મારી ફરાર થઈ ગયા હોવાનો બનાવ અમરોલી પોલીસ મથકમાં નોંધાયો હતો. પોલીસે મારામારીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર અમરોલી-કોસાડ આવાસ ખાતે રહેતા મોતીભાઈ વણજારા હીરા કાર્ટીંગનું કામ કરે છે. ગતરોજ રાજુભાઈ રબારી તથા પાનનો ગલ્લો ચલાવતા એક ઈસમે તેઓને રોડ બંધ કરી દેવાની વાત જણાવી તમાચાઓ મારી બિભત્સ ગાળો આપી ફરાર થઈ ગયા હતા. અમરોલી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

લીંબાયત આસ્તિકનગરમાં મજૂરને ચપ્પુના ઘા મરાયા

લીંબાયત આસ્તિકનગર ખાતે નજીવી બાબતે ઝઘડો કરી ચાકુ વડે બે આરોપીઓએ છુટક મજૂરી કરતા મજૂર પર હુમલો કરી ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હતા. લીંબાયત પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ યુપીના વતની અને હાલમાં લીંબાયત આસ્તિકનગર ખાતે શનિ ઉમેશ મોહનવાલ રહે છે. ૧૮ વર્ષનો આ યુવક છુટક મજૂરી કરે છે. ગતરોજ રાત્રિના સુમારે આરોપી અક્કુ ઉર્ફે બોબડોએ તેમની મોટર સાયકલ ઉભી રાખી બિભત્સ ગાળો દીધી હતી. ગાળો બોલવાની આરોપીને ના પાડતા ઉશ્કેરાઈ જઈ અક્કુ ઉર્ફે બોબડાએ ચાકુ વડે હુમલો કરી શરીરના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

રવિવારે માસ્ટર ટ્રેનરો માટે એક દિવસનો વર્કશોપ યોજાશે

નવસારી

આગામી તા. ૯ મી ફેબ્રુઆરી-૨૦૨૦ ના રોજ નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે સુભાષ પાલેકર પ્રાકૃતિક ખેતી અંતર્ગત તાલીમ પામેલ દક્ષિણ ગુજરાતના ૪૦૦૦ માસ્ટર ટ્રેનર માટે માન. રાજયપાલશ્રીના અધ્યક્ષસ્થાને ક દિવસીય તાલીમ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત નવસારી કલેકટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લા કલેકટર શ્રીમતી આદ્રા અગ્રવાલે સંબંધિત અધિકારીઓ સાથે કામગીરીના સુચારુ આયોજન અંગે સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી.

આ પ્રસંગે કલેકટર શ્રીમતી આદ્રા અગ્રવાલે જણાવ્યું હતું કે, માન. રાજયપાલશ્રીના અધ્યક્ષસ્થાને યોજાનારા સુભાષ પાલેકર પ્રાકૃતિક ખેતી કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ટ્રેનરો ઉપસ્થિત રહેનાર છે. કાર્યક્રમના આયોજન, વાહન પાર્કિંગ સહિત અન્ય આનુષાંગિક કામગીરી વહીવટીતંત્ર અને પોલીસવિભાગના માર્ગદર્શન હેઠળ કરવા સાથે દરેક વિભાગના અધિકારીઓને સોપવામાં આવેલી કામગીરી જવાબદારીપૂર્વક કરવા જણાવ્યું હતું.

આ પ્રસંગે નિવાસી અધિક કલેકટર શ્રી કે.જે.રાઠોડ, કૃષિ યુનિ. વરિષ્ઠ વૈજ્ઞાનિક ડા.સી.કે.ટીંબડીયા સહિત અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહયાં હતાં.

સોલાર રૂફટોપ યોજનાનો લાભ લેવા જનતાને અપીલ

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડની એક અખબારી યાદીમાં જણાવ્યાનુસાર ઘર વપરાશના વીજગ્રાહકો માટે સૂર્ય- ગુજરાત (સૂર્ય ઊર્જા રૂફટોપ યોજના) યોજના હેઠળ સોલર રૂફટોપ માટેની અરજી નોંધણી કરવાની છેલ્લીસ તારીખ ૨૮-૦૨-૨૦૨૦ મુકરર કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત લાભ લેવા ઈચ્છૂતા અરજદારોને પડતી મુશ્કેજલી નિવારવા માટે ડીજીવીસીએલ-૧૯૧૨૩ અને ટોરેન્ટ સુરત- ૧૯૧૨૮ ટોલ ફ્રી નંબર ઉપર ફરીયાદ નોંધાવી શકશે. ઈમ્પે નલ્ડય એજન્સીઅને લગતી રજુઆતો જેવી કે પોર્ટલ પર અરજી નોંધવામાં વિલંબ થવો, ભાવપત્રક ભરાયાથી ૧૨૦ દિવસમાં સોલર સીસ્ટગમ સ્થાવપનની કામગીરી ન કરી હોય વગેરે ફરીયાદો કરી શકાશે.



કોઝવેમાંથી માતા-દીકરીને જીવના જોખમે ડુબતા બચાવનાર બહાદુર પોલીસ કોન્સ્ટેબલ રામશીંગ રબારીનું કતારગામ ખાતે પ્રેમવતી શોસ્યલ ગ્રુપ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.



વિશ્વકર્મા જયંતી નિમિત્તે આજે સુરતના મજૂરાગેટ ખાતે આવેલા ભગવાન વિશ્વકર્મા મંદિરમાં ભગવાનને અન્નકૂટ ધરવામાં આવ્યો હતો. તસ્વીરમાં ભવ્ય અન્નકૂટના દર્શન થાય છે.

વિદેશની કંપનીમાંથી પ્રોફીટ ભારતમાં મળે તો ટેક્સ લાગુ પડે: મહેશ શાહ

ટેક્સેશન ઓફ નોટ રેસિડન્ટ વિષયે ચેમ્બરમાં સેશન યોજાયું

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને ડબ્લ્યુઆઈઆરસી ઓફ આઈસીએઆઈ, સુરત બ્રાન્ચના સંયુકત ઉપક્રમે ગુરૂવારે, છઠ્ઠી ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ સાંજે ૪:૩૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે 'ટેક્ષેશન ઓફ નોન રેસિડેન્ટ એન્ડ ઈશ્યુઝ ઇન ટ્રાન્સફર પ્રાઇસિંગ'વિષય ઉપર સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ઈન્કમ ટેક્ષ વિભાગના કમિશનર શ્રી મહેશ શાહ (આઇઆરએસ) અને જોઇન્ટ કમિશનર સુશ્રી ભાવના સિંઘ ઉપસ્થિત રહયા હતા. ઈન્કમ ટેક્ષ કમિશનર શ્રી મહેશ શાહ દ્વારા ઉદ્યોગકારો, પ્રોફેશનલ્સ તેમજ આયાતનિર્યાતકર્તાઓને મહત્વનું માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ સેશનની શરૂઆતમાં સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્બોધનમાં જણાવ્યુ હતુ કે, ગુજરાત હવે ઈમ્પોર્ટએક્ષપોર્ટ માટેનું હબ બની ગયુ છે ત્યારે આયાતકર્તા અને નિર્યાતકર્તાઓને ટેક્ષેશન બાબતે ઘણી મુંઝવણો છે. આથી આજના સેશનમાં ઈન્કમ ટેક્ષ કમિશનર તેઓને માર્ગદર્શન આપશે.

શ્રી મહેશ શાહે જણાવ્યુ હતુ કે અન્ય દેશમાં કોઈ પ્રોડકટને એક્ષપોર્ટ કરવામાં આવશે તો ત્યાંના રેસીપેન્ટની સરનામા સહિતની વિગત વિભાગને આપવાની રહેશે. ટેક્ષ કલેકટ સર્વિસ (ટીસીએસ) હેઠળ આવરી લેવામાં આવતા ટેક્ષ માટે રેસીપેન્ટ પાસેથી નિર્યાતકર્તાઓને સર્ટિફિકેટ લેવાનો તેમણે અનુરોધ કર્યો હતો. રેસીપેન્ટ એ ત્યાંના દેશના રેસીડેન્ટ છે કે નોન રેસીડેન્ટ તે આ સર્ટિફિકેટને આધારે નકકી કરી શકાશે. જો રેસીપેન્ટ ખોટો હશે તો નિર્યાતકર્તાઓ વિભાગને સર્ટિફિકેટ બતાવી શકશે.

તેમણે ડબલ ટેક્ષેશન અંગે સમજણ આપતા કહયુ હતુ કે, ડબલ ટેક્ષેશનમાં ઈન્કમ ઉપર જે હાયર ટેક્ષ હશે તે આપવાનો રહેશે. વધુમાં તેમણે કહયુ કે ભારતનો નિવાસી છે અને વિદેશની કોઇ કંપનીમાં પાર્ટનર છે તો વિદેશની કંપનીમાંથી તેમને જે શેર પ્રોફીટ ભારતમાં મળે છે તેના ઉપર પણ તેમને ટેક્ષ લાગશે. આ અંગે તેમણે કહયુ હતુ કે જુદાજુદા દેશો પ્રત્યે અલગ અલગ જોગવાઇઓ છે. જેના અનુસાર ટેક્ષ ભરવાનો રહે છે. તદુપરાંત તેમણે પોતાના વકતવ્યમાં ઈન્ટરનેશનલ ટ્રાન્ઝેકશન, એસોસિએટેડ એન્ટરપ્રાઇઝીસ અને સ્પેસિફાઇડ ડોમેસ્ટીક ટ્રાન્ઝેકશન વિગેરે મુદ્દાઓને પણ આવરી લીધા હતા.

આ સેશનમાં ડબ્લ્યુઆઇઆરસી ઓફ આઇસીએઆઇ, સુરત બ્રાન્ચના ચેરમેન સીએ મિહીર ઠકકરે પ્રાસંગિક વિધી કરી હતી. ચેમ્બરની ટેક્ષેશન એન્ડ ઇકોનોમિક અફેર્સ કમિટીના કોચેરમેન સીએ પ્રજ્ઞેશ જગાશેઠે સેશનનું સંચાલન કર્યુ હતુ. અંતે ઈન્કમ ટેક્ષ કમિશનરે ઉદ્યોગકારો, પ્રોફેશનલ્સ તેમજ આયાતનિર્યાતકર્તાઓના વિવિધ સવાલોના સંતોષકારક જવાબ આપ્યા હતા અને ત્યારબાદ સેશનનું સમાપન થયુ હતુ.

નવસારી જિલ્લામાં હોમગાર્ડઝ દળ માટે ભરતી મેળો યોજાશે

તા.૨૮ અને ૨૯મીએ એમટી ઓફીસ મેદાનમાં ઉમેદવારોએ હાજર રહેવું

નવસારી

નવસારી જિલ્લા હોમગાર્ડઝ દળના નવસારી શહેર, ઉભરાટ, ગણદેવી અને ખેરગામ યુનિટ વિસ્તારના હોમગાર્ડઝ દળમાં ભરતી થવા ઇચ્છુક પુરુષ ઉમેદવારો કે જેમની ઉમર ૧૮ થી ૫૦ વર્ષ, વજન ઓછામું ઓછુ ૫૦, ઉચાઇ ૧૬૨ સે.મી., છાતી ૭૯ સે.મી. અને ૫ સે.મી. જેટલી છાતી ફુલાવી શકતા હોવા જાઇ. ૧૬૦૦ મીટર દોડ, ૨૫ સીટ અપ, ગોળાફેક તા.૨૮/૦૨/૨૦૨૦ અને તા.૨૯/૦૨/૨૦૨૦ ના રોજ સવારે ૬-૩૦ વાગે મ.ટી.ઓફિસના મેદાનમાં, ૨ચાર રસ્તા, દાંડી રોડ, જલાલપોર નવસારી ખાતે રાખવામાં આવી છે. અરજદાર કોઇ ગુન્હાહિત કૃત્ય કરેલ ન હોવું જાઇ. ભારતમાં સ્થાપિત કોઇપણ ન્યાયાલય દ્વારા શિક્ષા ન હોવી જાઇ. અરજદારે લીવીંગ સર્ટિફિકેટ, શૈક્ષણિક લાયકાત, રહેઠાણના પુરાવા, ઇલેકશન કાર્ડ, આધારકાર્ડ અસલમાં તથા તેની પ્રમાણિત નકલ સાથે સ્પોર્ટસ રબર-બુટ પહેરીને સમયસર ઉપસ્થિત રહેવા નવસારી જિલ્લા કમાન્ડન્ટ શ્રી મ.ન.પટેલ દ્વારા ક અખબારી યાદીમાં જણાવાયું છે.

વેસુમાં બે મોટરકારમાંથી વિદેશી દારૂનો જથ્થો પકડાયો

બુટલેગર મયુર રાઠોડ અને કિરણ હળપતિ વોન્ટેડ

સુરત

ઉમરા પોલીસે વેસુ સુડા ભવન પાસે શોભન એપાર્ટમેન્ટમાંથી રૂા. ૯૨૦૦૦ની કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો અને બે કાર સહિત કુલ રૂપિયા ૮,૪૨૦૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ઉમરા પોલીસે મળેલી બાતમીના આધારે દરોડા પાડ્યા હતા. ઉમરા પોલીસે આરોપી ઘનશ્યામ ઉર્ફે પિન્ટુ દાનુ મોકાણીની ધરપકડ કરી હતી. જ્યારે મયુર રાઠોડ અને કિરણ હળપતિને વોન્ટેડ જાહેર કર્યા હતા. પોલીસે રૂપિયા ૯૨૦૦૦ની કિંમતની દારૂની ૭૭૯ બોટલો, બે કાર, મોબાઈલ ફોન, મળી કુલ રૂપિયા ૮,૪૨૦૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

છૂટાછેડા લીધા બાદ ત્યકતાને પૂર્વ પતિએ આપેલી ધમકી

મહિલાના ઘરે આવી પૂર્વ પતિએ ઝઘડો કર્યો

સુરત

અમરોલી સ્ટાર ગેલેક્સી એપાર્ટમેન્ટ વાત્સલ્યવિલામાં રહેતી એક છુટાછેડા લીદેલ યુવતીના પતિએ તેણીના ઘરે આવી ગાળો આપી મારી નાંખવાની ધમકી આપી ફરાર થઈ ગયો હોવાનો બનાવ અમરોલી પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મહારાષ્ટ્ર અમરાવતીના વતની અને હાલમાં છાપરાભાઠા રોડ સ્ટાર ગેલેક્સી એપાર્ટમેન્ટમાં રહેતી મનીષાબેન કુચરેના લગ્ન પંકજ કમલા કરહેડા સાથે થયા હતા અને થોડા સમય બાદ તેઓના છુટાછેડા પણ થઈ ગયા હતા. ત્યારબાદ ગતરોજ બપોરના સુમારે પતિ પંકજ કરહેડા તેણીના ઘરે ગયો હતો અને ગાળો બોલી મારી નાંખવાની ધમકી આપી ફરાર થઈ ગયો હતો. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

હવે અપરણીત પુરુષોને આવાસમાં સરકારી સબસીડીનો લાભ મળશે

સુરત

ગતરોજ લોકસભામાં પ્રશ્નકાળ દરમ્યાન સુરતના સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ દ્વારા પધાનમંત્રી આવાસ યોજના હેઠળ જયારે યોજના બહાર પાડવામાં આવી ત્યારે આવાસ માટે લાભાર્થી તરીકે મહિલાનું નામ પહેલુ અથવા જોઈન્ટમાં હોવું આવશ્યક હોવાની શરત ને કારણે જે અપરિણીત પુરૂષ લાભાર્થી હતા તેમને આ સબસીડીનો લાભ મળતો ન હોવા અંગે રજુઆત કરી હતી. શહેરી વિકાસ મંત્રીશ્રી હરદીપસિંહ પુરી ને એમણે એ પણ જણાવ્યું હતુ કે દેશમાં સૌથી વધારે આવાસ સુરત શહેરમાં બન્યા છે. અને સુરતમાં આવા લગભગ ૩૦૦૦ લાભાર્થીઓ છે કે જેઓ સબસીડીના લાભ થી વંચિત છે. તો આવા કિસ્સામાં ફોર્મની અંદર બહેન કે માતાનું નામ ની કોલમ ઉમેરીને આવા લાભાર્થીઓને લાભ આપવો જોઈએ. પ્રશ્નના ઉત્તરમાં માન. મંત્રીશ્રીએ જણાવ્યું કે આ પ્રકારની જે રજુઆતો અમારી પાસે આવી છે અને ફકત અપરણિત હોવાને કારણે જેઓ લાભથી વંચિત રહયા છે એમને અમો જેતે રાજય સરકારને જણાવીને આ પ્રકારની સબસીડીનો લાભ આપ્યો છે. તો આવા જે ફકત પુરૂષના નામને કારણે સબસીડીથી વંચિત રહયા છે એવા લાભાર્થીઓ સબસીડી મેળવવા માટે કેન્દ્ર સરકારની વેબસાઈટ pmay-urban-gov.in પર સંપર્ક કરી સબસીડીનો લાભ મેળવવાની પ્રક્રિયા કરી શકે છે.

સીએએના સમર્થનમાં રવિવારે ભાજપ દ્વારા સુરતમાં રેલી યોજાશે

સવારે વરાછા મીની બજારથી રેલીનો આરંભ થશે

સુરત

ભારતીય જનતા પાર્ટી– સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા તથા મહામંત્રી શ્રી મદનસિંહ અટોદરીયા, શ્રી કિશોરભાઈ બિંદલ અને શ્રી દામજીભાઈ માવાણી એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,નાગરિકતા સંશોધન કાયદો-૨૦૧૯ (CIA) એ રાજનીતિ નહિ, પરંતુ રાષ્ટ્રનીતિનો મુદ્દો છે. પરંતુ મૃતપ્રાય થઈ ગયેલી કોંગ્રેસ સહિત વિપક્ષો પોતાનો રાજકીય રોટલો શેકવા માટે મુસ્લિમોને ગેરમાર્ગે દોરી રહી છે. તે દુર્ભાગ્યપૂર્ણ બાબત છે.

નાગરિકતા સંશોધન કાયદો-૨૦૧૯ (CAA) ના સમર્થનમાં આયોજીત રેલી અંગે માહિતી આપતા પ્રદેશ મહામંત્રી શ્રી ભરતસિંહજી પરમારે જણાવ્યું કે આગામી તા. ૯ મી ફેબ્રુઆરી, રવિવારે સવારે ૯ કલાકે વરાછા, મીનીબજાર, સરદાર પટેલ સાહેબની પ્રતિમાને ફુલહાર, વંદન કરી રેલીનું પ્રસ્થાન થશે. આ રેલી વરાછા, મીનીબજાર થી બરોડા પ્રિસ્ટેજ થઈ હિરાબાગ સર્કલ સુધી જશે. આ રેલીમાં ભા.જ.પા. સુરત મહાનગર અને જીલ્લાના હોદેદારશ્રીઓ, કાર્યકર્તાઓ સહિત રાષ્ટ્રપ્રેમી નાગરિકો ખૂબ મોટી સંખ્યામાં જોડાશે.

CAA અંગે થયેલી રાજનીતિ અંગે ખેદ વ્યક્ત કરતા વધુમાં શ્રી ભરતસિંહજીએ જણાવ્યું કે CAA એ રાજનીતિ નહિ, પરંતુ રાષ્ટ્રનીતિનો મુદ્દો છે. પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશમાં લઘુમતિ સમાજના હિન્દુ, પારસી, શીખ, જૈન, બૌધ્ધ અને ઈસાઈ સમાજના લોકો પર અમાનવીય ત્રાસ ગુજારવામાં આવી રહ્યો હતો. મર્ડર, રેપ, ધર્મ પરિવર્તન જેવા અસહનીય ત્રાસથી ત્રસ્ત થઈને આ સમાજના લોકો પોતાનો જીવ બચાવવા માટે હિન્દુસ્થાન ભાગી આવ્યા હતા અને હિન્દુસ્થાનમાં શરણાર્થી તરીકે નિરાશ્રીત જીવન ગુજારી રહ્યા હતા. હિન્દુસ્થાનમાં લાંબા સમયથી નિરાશ્રીત જીવન ગુજારી રહેલા આ સમાજના લોકોની લાગણી અને માંગણીને ધ્યાનમાં લઈને કેન્દ્ર સરકારે તેઓને નાગરિકતા આપવાનો કાયદો CAA પસાર કર્યો છે. આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહે CAA નો કાયદો પસાર કરીને તેઓને હિન્દુસ્થાનની નાગરિકતા આપીને માનવતાનું ઉત્તમ કાર્ય કર્યું છે. આ માનવતાપૂર્ણ કાયદો છે ત્યારે સમગ્ર દેશના લોકો આ કાયદાને સમર્થન આપી રહ્યા છે. તેઓને અભિનંદન આપી રહ્યા છે ત્યારે સુરત ભા.જ.પા. દ્વારા પણ CAA ના સમર્થનમાં અને આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહને અભિનંદન આપવા માટે એક ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

આ રેલીમાં સુરત શહેરના પ્રભારી મંત્રી અને રાજયના મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલ સહિતના પાર્ટીના આગેવાનો, હોદેદારશ્રીઓ, કાર્યકર્તાઓ, રાષ્ટ્રપ્રેમી નાગરિકો મોટી સંખ્યામાં જોડાશે. સુરત જીલ્લામાંથી પણ હજારોની સંખ્યામાં કાર્યકર્તાઓ, સમર્થકો અને રાષ્ટ્રપ્રેમી લોકો જોડાશે.

સુરતમાં આંતરાષ્ટ્રીય કક્ષાની દ્વિતીય બ્રેકિશ વૉટર એકવાકલ્ચર કોન્કલેવ

દેશના ૧૨ રાજ્યોના મત્સ્યપાલકો, વ્યાપારીઓ અને ડેલિગેટ્સ મત્સ્યપાલનની વિસ્તરતી ક્ષિતિજો વિષે મંથન કરશે

સુરત

સુરતના આંગણે તા.૧૯ અને ૨૦મી ફેબ્રુઆરી દરમિયાન બે દિવસીય રાષ્ટ્રીયકક્ષાની 'બ્રેકિશવોટર એક્વાકલ્ચર કિસાન કોન્કલેવ-૨૦૨૦' સૂરત શહેરના સરસાણા કન્વેન્શન સેન્ટર ખાતે યોજાશે. સોસાયટી ઓફ કોસ્ટલ એક્વાકલ્ચર એન્ડ ફિશરીઝ, ઇન્ડિયન કાઉન્સિળલ ઓફ એગ્રીકલ્ચરલ રિસર્ચ- સેન્ટ્રલ ઇન્સ્ટીટયુટ ઓફ બ્રેકિશવોટર એક્વાકલ્ચર, ચેન્નઈ (તામિલનાડુ)ના સંયુક્ત ઉપક્રમે અને ગુજરાત અને મહારાષ્ટ્ર સરકાર તથા નવસારી કૃષિ યુનિવર્સિટીના સહયોગથી સરસાણા ઇન્ટરનેશનલ કન્વેશન ખાતે આયોજિત કોન્કલેવના પ્રથમ દિને તા.૧૯મીએ વિવિધ રાજયોમાંથી આવેલા ખેડૂતો દ્વારા નવસારી તથા સુરતના ઝીંગા ઉછેર મત્સ્ય ફાર્મોની મુલાકાત લેશે.

જયારે તા.૨૦/૨/૨૦૨૦મીએ સવારે ૯.૦૦ વાગ્યે સરસાણા કન્વેન્શન સેન્ટર ખાતે રાજયના પ્રવાસન અને મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જવાહર ચાવડા ઉપસ્થિત રહેશે. આ દિવસે ચાલનાર કોન્કલેવમાં મોટી સંખ્યામાં ખેડુતો ભાગ લઇ શકશે. આ દિવસે ઓલપાડ અને ચોર્યાસી તાલુકાના દરિયાઇ કાંઠાના ઝીંગા ઉછેર કરતાં ઉત્પાદકો, જળચર-ખેતી કરતાં ખેડૂતો માટે ભાગ લેવાની તક છે. આ દ્વિતીય કોન્કલેવમાં મત્સ્યપાલન, મત્સ્યોદ્યોગ ક્ષેત્રમાં કામ કરતાં વિવિધ રાજયોમાંથી આવેલા મત્સ્યપાલકો, મત્સ્યપાલન અંગે પ્રેઝન્ટેશન રજુ કરશે. જેમાં મુશ્કેલીઓ અંગે તજજ્ઞ વૈજ્ઞાનિકો તેમના વિચારો રજુ કરશે. બે દિવસીય સેમિનારમાં વ્યાપારીઓ, નીતિનિર્માતાઓ, સંશોધકો અને ઇકોસિસ્ટમ સંરક્ષકોને પરસ્પર મજબૂત વ્યાપારી પ્લેટફોર્મ પૂરૂ પાડવામાં આવશે. પરિષદમાં આ ક્ષેત્રના પ્રાથમિક સ્તરના મુદ્દાઓ અને જરૂરિયાતો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના ખેડૂતોની આવક બમણી કરવાના વિઝનને સાકાર કરવાના ભાગરૂપે એક્વા ફાર્મર્સ- મત્સ્યપાલકોને પ્રશિક્ષિત અને પ્રેરિત કરવામાં આવશે. તેમની સમસ્યાઓનું નિરાકરણ લાવવા નિષ્ણાંતો ખેડૂતો સાથે સંવાદ કરશે. ઉપરાંત, સમગ્ર દિવસ દરમિયાન મત્સ્યપાલન, ઝીંગા ઉછેરનું વૈજ્ઞાનિક પદ્ધતિઓ સાથેનું તલસ્પર્શી માર્ગદર્શન અપાશે. સાથે મત્સ્ય ખોરાક,ખાદ્ય સામગ્રીનું પ્રદર્શન પણ યોજાશે.

કોન્કલેવમાં ગુજરાત, પંજાબ, હરિયાણા, મહારાષ્ટ્ર, ગોવા, કેરળ, તમિલનાડુ, કર્નાટક, ઓડિશા, આંદામાન- નિકોબાર ટાપુ, આંધ્રપ્રદેશ અને પ. બંગાળ રાજયના મત્સ્યપાલકો, વ્યાપારીઓ અને ડેલિગેટ્સ ભાગ લેશે. જેઓ ખાદ્ય, રોજગારી અને સમૃદ્ધિની થીમ પર મત્સ્યપાલનની વિસ્તરતી ક્ષિતિજો વિષે મંથન કરશે.

કાર્યક્રમમાં ઇન્ડિયન કાઉન્સિળલ ઓફ એગ્રીકલ્ચરલ રિસર્ચ- સેન્ટ્રલ ઇન્સ્ટીટયુટ ઓફ બ્રેકિશવોટર એક્વાકલ્ચર, ચેન્નઈ (તામિલનાડુ)ના ડિરેક્ટરશ્રી કે.કે.વિજયન, નિષ્ણાત વક્તાશ્રી ડો.જોયકિષ્ણ જેના, સાંસદશ્રી સી.આર.પાટિલ, ધારાસભ્યશ્રી આર.સી.પટેલ અને વિવિધ રાજ્યોના ડેલીગેટ્સ ઉપસ્થિત રહેશે.



કોરોના વાયરસના ખતરાથી બચવા માટે નવી સિવિલ હોસ્પિટલના સત્તાધીશો દ્વારા નર્સિંગ કોલેજની વિદ્યાર્થીનીઓ માટે પણ મોઢા પર માસ્ક બાંધવાનું ફરજીયાત કરી દેવાયું છે. કોલેજ કેમ્પસ પાસેની આ તસ્વીર છે.

રાજય મંત્રી મંડળ લેવાયેલ મહત્વનો નિર્ણય

એક પણ ખોટુ આદિવાસીનું પ્રમાણ પત્ર માનય રાખવામાં આવશે નહીં

સુરત

આદિજાતિ વિકાસ મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાએ જણાવ્યું હતું કે, રાજય સરકાર દ્વારા ગૃહવિભાગ હસ્તકની લોકરક્ષક દળ (એલ.આર.ડી.) ની ભરતીમાં આદિવાસીઓના જાતિ પ્રમાણપત્ર અંગે ઉભા થયેલા પ્રશ્નો સંદર્ભે આજે મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી રાજય મંત્રીમંડળની બેઠકમાં એલ.આર.ડી.ની ભરતીમાં એકપણ ઉમેદવારનું એલ.આર.ડી. કેસમાં એસટી માટેનું ખોટું પ્રમાણપત્ર ચલાવી લેવામાં આવશે નહી અને આ અંગે જો કોઈને પણ વાંધો હોય તો તે તમામ વ્યકિતઓ સાથે રાજય સરકાર ખુલ્લા મને ચર્ચા કરવા તત્પર છે.

મંત્રીશ્રી વસાવાએ ઉમેર્યું કે, ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર આદિવાસીઓના હિતોના રક્ષણ માટે સતત ચિંતિત છે, ત્યારે આજરોજ મળેલ કેબિનેટની બેઠકમાં ખોટા આદિવાસીઓ સામે કડક કાર્યવાહી કરીને એક પણ ખોટા આદિવાસીના જાતિ પ્રમાણપત્રા માન્ય નહી કરવાનો નિર્ણય રાજય સરકાર દ્વારા કરવામાં આવેલ છે અને મુખ્ય સચિવશ્રીને આ અંગે મુખ્યમંત્રીશ્રી દ્વારા સુચનાઓ આપી દેવાયેલ છે.

તેમણે ઉમેર્યું કે, ગુજરાત રાજયમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે વર્ષોથી કોંગ્રેસની સરકારો વખતે અપાતા અનુસુચિત જનજાતિના ખોટા પ્રમાણપત્ર આપવાનું અને ખોટા લાભ લેવાનું બંધ કરાવ્યું જે આદિવાસી સમાજના અધિકારોના રક્ષણ માટેની મોટી ઘટના સમાન છે.

કોંગ્રેસની સરકારના ખોટા નિર્ણયોના કારણે આજે આદિવાસી સમાજની જાતિઓ વચ્ચે વિવાદ ઉભો થયો છે, આ માટે કોંગ્રેસ ''ભાગલા પાડો અને રાજ કરો''ની વોટ બેંકની રાજનીતિ કરી રહી છે ત્યારે કોંગ્રેસ બે મોઢાની વાતો કરીને આદિવાસી સમાજને ગેરમાર્ગે દોરવાનું કામ કરી રહી છે, તે બંધ કરવું જોઇએ.

મંત્રીશ્રીએ ઉમેર્યું કે, અનુસુચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ કમિશનના વર્ષ ૧૯૫૫ (પાંચમાં રીપોર્ટમાં) માલધારીના જે કુટુંબો અનુસૂચિત જનજાતિમાં સમાવવાની ભલામણ મુજબ ભારત સરકારના ગૃહ મંત્રાલયનાં તા.૨૯/૧૦/૧૯૫૬ના જાહેરનામાનાથી ગીર, બરડા અને આલેચના જંગલ વિસ્તારમાં આવેલા નેસોમાં વસવાટ કરતા રબારી, ભરવાડ અને ચારણને અનુસૂચિત જનજાતિનું પ્રમાણપત્ર મળવાપાત્ર છે. આમ, ગીર, બરડા, આલેચના જંગલ વિસ્તારમાં આવેલી નેસમાં વસવાટ કરતાં રબારી, ભરવાડ અને ચારણ જાતિનો અનુસૂચિત જનજાતિની યાદીમાં સમાવેશ કરવામાં આવેલ છે.

વસીમ બિલ્લા હત્યા કેસમાં વોરા સમાજના અગ્રણી બદરી લેસવાલાના કર્મચારીની સંડોવણી

મુસ્તાન ઉર્ફે મામા ડોડીયા અને બે શાર્પ શૂટરોની ધરપકડ : વસીમ બિલ્લાની હત્યા માટે કુતુબુદ્દીન વોરા અને શાકીબ રંગરેજને રૂા.૧૦ લાખમાં સોપારી આપી હતી : બન્ને શાર્પ શૂટરો વસીમ બિલ્લાની રેકી કરવા ઉધનાના દાઉદનગરના ફ્લેટમાં બે માસ રોકાયા હતા



નવસારીમાં સુરતના કુખ્યાત વસીમ બિલ્લાની હત્યાનો ગુનો પોલીસે ઉકેલી કાઢી બિલ્લાની હત્યા માટે સોપારી આપનાર સુરતના મુસ્તાન ઉર્ફે મામા અલીહુસેન ડોડીયા તથા શાર્પ શૂટર કુતુબુદ્દીન અસગરઅલી વોરા તેમજ શાકીબ સાજીદ અલી રંગરેજની પોલીસે ધરપકડ કરી હતી. રેન્જ આઈજી રાજકુમાર પાંડિયન દ્વારા સુરતમાં આયોજીત પત્રકાર પરિષદમાં હત્યાના ષડયંત્ર અંગે વિસ્તૃત માહિતી જાહેર કરી હતી.

સુરત

નવસારીમાં છાપરા રોડ ઉપર સુરતનાં તડીપાર અને ખંડણીખોર વસીમ બિલ્લાના હત્યા કેસમાં ગઈકાલે ગુરૂવારે મોડી સાંજે રાજસ્થાન તથા યુપીનાં ૨ શાર્પ શૂટર સહિત ત્રણને પોલીસે ઝડપી લીધા હતા. રેન્જ આઈજી રાજકુમાર પાંડિયને જણાવ્યું હતું કે, ૧૦ લાખમાં સોપારી આપ્યા બાદ વસીમ બિલ્લાની રેકી કરી હત્યા કરવામાં આવી હતી.

નવસારીમાં તડીપારની સજા કાપવા આવેલા વસીમ બિલ્લાનું ૨૨મી જાન્યુઆરીએ મોડી સાંજે ઢીમ ઢાળી દેવાયું હતું. આ મર્ડર કેસમાં મૃતકનાં ભાઈએ નવસારી ગ્રામ્ય પોલીસમાં ૭ શકમંદ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ કેસમાં ૬૦થી વધુ લોકોનાં નિવેદનો લીધા હતા. આ હત્યા કેસના ઉકેલ માટે રેન્જ આઈજી દ્વારા ચાર ટીમો બનાવીને તપાસ હાથ ધરાઈ હતી. જેમાં ગુરૂવારે હત્યાનાં ૧૫માં દિવસે આ કેસનાં બે શાર્પ શૂટર સહિત ત્રણને રાજસ્થાનના ગલિયા કોટથી ઝડપી પાડવામાં પોલીસને સફળતા મળી હતી.

રેન્જ આઈજી રાજકુમાર પાંડિયને જણાવ્યું હતું કે, વસીમ બિલ્લાની ૨૨મી જાન્યુઆરીએ ગોળીઓ મારી હત્યા કરવામાં આવી હતી. ત્યારબાદ શંકાના આધારે સુરતના બિલ્ડર અને વ્હોરા સમાજના અગ્રણી બદરી લેસવાલા સહિત સાત સામે ગુનો નોંધાયો હતો. પોલીસ ટેક્નિકલ સોર્સ અને બાતમીદારો દ્વારા તપાસ હાથ ધરી હતી. જેમાં બદરી લેસવાલાની ગલીયાકોટ ખાતે આવેલું ફાર્મ હાઉસ સંભાળતો મુસ્તાન ઉર્ફે મામા અલીહુસેન ડોડીયા(ઉ.વ.૫૨)ની સંડોવણી હોવાનું જાણવા મળ્યું હતું. જેથી તેની ગતીવિધિ પર વોચ રાખી પકડી પાડ્યો હતો. મુસ્તાનની પૂછપરછમાં જણાયું હતું કે, સુરતના બિલ્ડર અને વ્હોરા સમાજના અગ્રણી બદરી લેસવાલા સાથે વસીમને ઝઘડો થયો હતો. જેને લઈને ગુનો નોંધાતા વસીમને તડીપાર કરવામાં આવ્યો હતો. વસીમને રસ્તામાંથી હટાવવા માટે મુસ્તાને બાસવાડા ખાતે રહેતા કુતુબીદીન અસગરઅલી વોરા(રહે. રાજસ્થાન) અને શાકીબ સાજીદઅલી રંગરેજ(ઉ.વ.૨૯. રહે. ઉતરપ્રદેશ)ને ૧૦ લાખમાં સોપારી આપી હતી.

વધુમાં જણાવ્યું હતું કે, કુતુબીદીન અને શાકીબને બાઈક સાથે બોલાવી ઉધનાના દાઉદનગરમાં મુસ્તાને ફ્લેટ ભાડે અપાવ્યો હતો. છેલ્લા બે મહિનાથી સુરતથી નવસારી સુધી રેકી કરવામાં આવી રહી હતી. દરમિયાન ૨૨ જાન્યુઆરીના રોજ નવસારીમાં વસીમની પાંચ ગોળીઓ મારી હત્યા કરવામાં આવી હતી. ત્યારબાદ બાઈક પર વેડછા ગામે જતા રોડ પર રસ્તામાં ખાડીમાં બાઈક નાખી દીધી હતી અને હત્યાની રાત વેડછા રેલવે સ્ટેશનની નજીકમાં આવેલી ઝાડીમાં સંતાયા હતા. સવારના ત્રણ વાગ્યે મુંબઈ તરફ જતી ટ્રેનમાં બેસી વાપી ઉતરી ગયા હતા. ત્યારબાદ મુંબઈ, અમદાવાદ, અજમેર અને ગલીયાકોટમાં રોકાયા હતા.

વધુમાં જણાવ્યું હતું કે, આરોપીઓએ ૯ એમએમની પિસ્તોલથી વસીમની હત્યા કરી હતી. જે બંને શૂટર યુપીથી લઈને આવ્યા હતા. પોલીસના જણાવ્યા પ્રમાણે, ઝઘડા બાદ વસીમ બદરી લેસવાલાને વારંવાર ધમકી આપી રહ્યો હતો. જેની કારણે બદરી નાસીપાસ થઈ ગયો હતો. બદરી કોર્ટમાં મુસ્તાનની સામે રડ્યો પણ હતો. જેથી મુસ્તાને વસીમ બિલ્લાની સોપારી આપી હત્યા કરાવી દીધી હતી.

વેરા વસુલાત અંગે વેડરોડ, ડભોલી અને કતારગામમાં ૧૮ મિલ્કતો સીલ

લાંબા સમયથી વેરો નહીં ભરતા મિલ્કતદારો દોડતા થઈ ગયા

સુરત

નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ પૂર્ણ થવાના આરે ૨ મહિના બાકી છે ત્યારે સુરત મહાનગરપાલિકાની વેરા વસૂલાત ઝુંબેશ અત્યારથી આક્રમક બની છે. ૩૧ માર્ચ સુધી ૧૦૦ ટકા વસૂલાત લક્ષ્યાંક પૂર્ણ કરવાના ભાગરૂપે કતારગામ ઝોન દ્વારા ડભોલી ગામ, વેડરોડ અને કતારગામ રોડ પર કુલ ૧૮ મિલકતોને સીલ મારી દેવાયું હતું. પાલિકા કામગીરીથી ફફડી ઉઠેલાં કેટલાક મિલકતદારોએ સ્થળ ઉપર જ સવા પાંચ લાખ રૂપિયા તિજોરીમાં જમા કરાવ્યાં હતાં.

કતારગામ ઝોનના આકારણી અધિકારી પ્રકાશ નાયકે જણાવ્યુ હતું કે, લાંબા સમયથી બાકી વેરા વસૂલાત માટે નોટિસ ઈસ્યુ કરાયા છતાં કોઈ પ્રતિસાદ ન મળતાં ઝોન વિસ્તારમાં વેરા વસૂલાત અભિયાન તેજ બનાવવામાં આવ્યું છે.

ગુરુવારે આ ઝુંબેશ અંતર્ગત કતારગામ રોડ, ડભોલી ગામ અને વેડરોડની મિલકતોને ટાંચમાં લેવાની કામગીરી કરાઈ હતી. ડભોલી ગામના સિદ્ધાર્થ ચોક અને સત્યમ્ એપાર્ટમેન્ટ તે રીતે જ વેડરોડના લક્ષ્મી નગર અને ગંગોત્રી સોસાયટી મળી કુલ ૧૮ મિલકતોને એક સાથે સીલ મારી દેવાયું હતું. એકમોનો ઉપયોગ બંધ થઈ જતાં મિલકતદારોમાં ભાગદોડ મચી ગઈ હતી.

પાલિકાએ આ મામલે અગાઉ પણ નોટિસ આપ્યા છતાં રિકવરી ટલ્લે ચઢી હતી. છેવટે પાલિકા કર્મીઓએ પઠાણી ઉઘરાણી શરૂ કરતાં જ મિલકતદારોએ સીલ કાર્યવાહી ટાળવા સ્થળ ઉપર જ પ.૧૯ લાખ ઉપરાંતની રકમ જમા કરાવી દીધી હતી. ૧૮ મિલકતોને સીલ મારવાની સાથે કતારગામ ઝોનના અધિકારીઓએ અન્ય બાકીદારો સામે પણ કડક કાર્યવાહી કરવાની રણનીતિ નક્કી કરી હતી.

તાપી જિલ્લાના બેરોજગારો માટે મેગા જોબ ફેર યાજોયો

વ્યારા

જિલ્લા રોજગાર કચેરી-તાપી દ્વારા તાપી જિલ્લાના રોજગાર વાંચ્છુક યુવક-યુવતીઓને રોજગારી મળી રહે તે માટે મેગા જોબ ફેરનું આયોજન વિદ્યાકુંજ વિદ્યાલય, (પ્રધાનમંત્રી કૌશલ્ય કેન્દ્ર), વિરપુર, વ્યારા ખાતે કરવામાં આવ્યું હતુ.

આ ''મેગા જોબફેર'' માટે જીલ્લા રોજગાર કચેરી-વ્યારા દ્વારા ૮૦૦ થી વધુ ઉમેદવારોને કોલ લેટરો અને એસ.ટી. કુપનો મોકલવામાં આવેલ હતી, જયારે ૭૦૦ થી વધુ એસ.એમ.એસ., વોટ્સઅપ, ઈ-મેલ થી ઉમેદવારોને રોજગાર ભરતી મેળા વિશે જાણ કરવામાં આવેલ. આજ રોજ યોજાયેલ ભરતી મેળામાં ૫૦૦ થી વધુ યુવક-યુવતીઓ નોકરી માટે ઉપસ્થિત રહ્યા હતા. યોજાયેલ ભરતી મેળામાં દક્ષિણ ગુજરાતના ૧૦ નોકરીદાતાઓ હાજર રહી આશરે ૨૦૦ જેટલી નોકરીની ખાલી જગ્યાઓ માટે ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

રોજગાર કચેરીની ટીમે તાપી જીલ્લાના બેરોજગાર યુવક-યુવતીઓને રોજગારી મળી રહે તે માટે જીલ્લામાં પુરતા પ્રમાણમાં ઉદ્યોગો ન હોવા છતાં અન્ય જીલ્લાના નોકરી દાતાઓનો સંપર્ક કરીને આ જોબફેર કાર્યક્રમમાં ઉપસ્થિત રાખ્યા હતા. જેમાં જિલ્લા રોજગાર અધિકારી શ્રી.એન.ડી. ભીલ દ્વારા ઉપસ્થિત યુવક-યુવતીઓને નોકરી, સ્વરોજગારી અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ વિશે ઉપયોગી માહીતી સાથે રોજગાર સેવાઓ અને આગામી તા.૧૭ થી ૨૦ ફેબ્રુઆરી-૨૦૨૦ દરમિયાન સુરત ખાતે યોજાનાર એરફોર્સ ભરતી મેળા વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ મેગા જોબફેરનું સમગ્ર આયોજન અને સંચાલન જિલ્લા રોજગાર કચેરીના કેરિયર કાઉન્સેલર શ્રી વિનોદભાઈ મરાઠે, શ્રી વિરલભાઈ ચૌધરી અને કુ. સાવિત્રીબેન ગામીત દ્વારા કરવામાં આવેલ હતું.

નવસારીમાં વિનામુલ્યે આયુર્વેદિક શિબિર

નવસારી

કરિશ્મા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઈલેકટ્રોપેથી, નેચરોપેથી, આયુર્વેદિક ક સાથે લકવો, ડી, ઘુટણ, કામર અને સાંધાના દુ:ખાવા માટે વિનામૂલ્યે શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર તા.૭ થી ૯ ફેબ્રુઆરીના રોજ કરિશ્મા ચેરીટેબલ ટ્રસ્ટ, અલકાપુરી સોસાયટી, શિવાજી ચોક પાસે, વિજલપોર નવસારી ખાતે યોજાશે. તેમ કરિશ્મા ચેરીટેબલ ટ્રસ્ટ નવસારી દ્વારા જણાવાયું છે.

સુરત મહાનગર પાલિકાના પુસ્તક મેળામાં ત્રણ લાખ મુલાકાતી નોંધાયા

પાંચ દિવસના મેળાને અભૂતપૂર્વ પ્રતિસાદ

સુરત

સુરત મહાનગર પાલિકા ૧૭મો સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો, ૧૭મો રાષ્ટ્રીય બાગાયત હર્બલ મેળો અને ફલાવર શો તથા ૯મો શિલ્પગ્રામ મેળા×નું આયોજન તા.૦૧/૦૨/૨૦૨૦ થી તા.૦૫/૦૨/૨૦૨૦ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રાથમિક સુવિધાઓ સહિત મનોરંજન પૂરું પાડવાની નેમ સાથે સુરતની પ્રજાની આગવી તાસીર ટકાવવા, તેની ઉત્સવપ્રિયતા, રીતરિવાજ અને પ્રણાલિકાઓની જાળવણી કરી લોક સંસ્કૃતિનું જતન તેમજ સંવર્ધન કરવા ઉપરાંત કળા, સંગીત, નૃત્ય, નાટ્ય કલાકારોને પ્રોત્સાહન આપી તેમનામાં છુપાયેલી સર્જનશીલતાને બહાર લાવવા આ પુસ્તક મેળાના સેમિનાર હોલમાં વિવિધ સ્પર્ધાઓ, પુષ્પની જાળવણી અને ગોઠવણીને લગતી સ્પર્ધાઓ અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ હતું.

આ તમામ સ્પર્ધાઓમાં ૯૫૦ થી વધુ સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ભાગ લીધેલ તમામને સ્મૃતિભેટ એનાયત કરવામાં આવી હતી. શહેરની શાળા સંસ્થાઓના વિદ્યાર્થી ! કલાકારોએ રજુ કરેલ ઉત્કૃષ્ટ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમને માણી મેળાના મુલાકાતીઓ ખુશખુશાલ થઈ ગયા હતા. પુસ્તક મેળાના સેમીનાર હોલમાં તા.૦૨/૦૨/૨૦૨૦થી દરરોજ સવારે અનુક્રમે તાજા ફુલોની ગોઠવણી, ઔષધિય વનસ્પિતિ કુંડા, સુકા ફુલોની ગોઠવણી, વેજીટેબલ પ્લાન્ટસ, બુકે, ફુલોના ગજરા/ફુલોની વેણી, ફુલોના હારતોરણ, સલાડ ડેકોરેશનની સ્પર્ધા યોજવામાં આવી હતી. આ પુસ્તક મેળા દરમ્યાન અંદાજીત ૩,૦૦,૦૦૦થી વધુ મુલાકાતીઓએ મેળાનો લાભ લીધો હતો.

મોટાવરાછામાં યુવક પર તલવારથી હુમલો

સુરત

મોટાવરાછા ભક્તિનંદન ચોક સર્કલ પાસે આવેલી ચણીયાચોળીની દુકાન પાસે નજીવી બાબતમાં ઝઘડો કરી ચારેક ઈસમોએ તલવાર અને લાકડીથી હુમલો કરી માર મારી ફરાર થઈ ગયા હોવાનો બનાવ ઈજાગ્રસ્ત યુવકે અમરોલી પોલીસ મથકમાં નોંધાવ્યો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર બોટાદ જિલ્લાના વતની અને હાલમાં મોટાવરાછા વાલ્કેશ્વર રો હાઉસમાં અખિલ સતાણી રહે છે. અખિલ ભાઈની બહેન જલપરી ચોલી બ્લાઉસની દુકાનમાંથી ચણીયા ચોળી લાવી હતી અને ચણીયા ચોળી લાવ્યા બાદ તેમાં દુપટ્ટો નહીં આવતા તેઓએ દુપટ્ટાની માંગણી કરતા દુકાન માલિકે દુપટ્ટો આપ્યો હતો. થોડા સમય બાદ આરોપી ચેતનભાઈએ ચણીયા ચોળી આપી દો તેમ જણાવતા અખિલભાઈ ચણીયા ચોળી પરત આપવા ગયા ત્યારે દુકાન બંધ હતી અને ચેતનભાઈ સહિત ચારેક ઈસમોએ દુકાન પાસે તલવાર વડે હુમલો કરી માર મારી ફરાર થઈ ગયા હતા. અમરોલી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ભત્રીજી સામે જોનારને ઠપકો આપવા જતા હુમલો કરાયો

બે ભાઈઓને ઢીક મુક્કીનો માર મરાયો

સુરત

ભત્રીજીની સામે ગાળ બોલનારને કહેવા જતા બે જણાંને ઢીક મુક્કીનો માર માર્યાનો બનાવ કાપોદ્રા પોલીસ મથકે નોંધાયો હતો.

કાપોદ્રા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ પુણા ગામ કેવટનગરમાં રહેતાં અનિલ કાળુ ગોરસીયાની ભત્રીજી ગોલાણીનગર ખાતે સાડીનો માલ આપવા જતી હતી. ત્યારે જય માં મેલડી પાનના ગલ્લા ઉપર ઊભેલો રાહુલ ગણપત વનમાળીયાએ ફરિયાદીની ભત્રીજીની સામે જોઈને નાલાયક બોલતા ફરિયાદીએ તેને તું કેમ બોલે છે તેમ કહેતા આરોપીએ ઉશ્કેરાઈ જઈ ફરિયાદી અનિલભાઈ અને તેના ભાઈ જગદીશભાઈ સાથે ઝઘડો કરી ઢીક મુક્કીનો માર મારી નાસી ગયો હતો. કાપોદ્રા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

વેરાવળની સમુદ્ર તરણ સ્પર્ધામાં સુરતની મોનિકા પ્રથમ ક્રમે વિજેતા

મોનિકા નાગપુરે ૧૬ દરિયાઈ નોટિકલ માઈલનું અંતર ૪ કલાક ૩૯ મિનીટમાં પૂર્ણ કર્યું

સુરત

વેરાવળ ખાતે અરબી સમુદ્રમાં યોજાયેલી ૩૧મી વીર સાવરકર અખિલ ભારતીય સમુદ્ર તરણ સ્પર્ધામાં બહેનોમાં સુરતના મોનિકા નાગપુરે ૪ કલાક ૩૯ મિનીટ અને ૦૨ સેકન્ડના સમય સાથે પ્રથમ સ્થાને વિજેતા થયા હતા. આ સ્પર્ધામાં મહારાષ્ટ્રમાંથી કુલ ૬, ગુજરાતમાંથી કુલ ૧૨ અને પશ્ચિમ બંગાળમાંથી ૧ એમ મળી કુલ ૧૯ સ્પર્ધકોએ સમુદ્ર સાથે બાથ ભીડી હતી.

સ્વીમિંગ ક્ષેત્રે સુરત ઉત્તરોત્તર પ્રગતિ કરી રહ્યું છે. શહેરની મોનિકા એમ. નાગપુરે સમુદ્ર તરણ સ્પર્ધામાં સતત ત્રીજીવાર પ્રથમ સ્થાને વિજેતા થઈ છે. મોનિકાએ આદ્રીથી વેરાવળ બંદર સુધી ૧૬ દરિયાઈ નોટીકલ માઈલનું અંતર ૪ કલાક ૩૯ મિનીટમાં પૂર્ણ કર્યું હતું. મોનિકાએ જણાવ્યું હતું કે, આજે સમુદ્ર શાંત હોવાથી સરળતાથી સ્વીમીંગ કરી પ્રથમ સ્થાન મેળવ્યું હતું. મોનિકાનો જુસ્સો જોઈ વેરાવળનાં સાગરપુત્રોએ તાળીઓનાં ગડગડાટથી તેને વધાવી લઈ ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી.

આદ્રીથી વેરાવળ બંદર ૧૬ દરિયાઈ નોટીકલ માઈલ સુધીની આ સ્પર્ધામાં મોનિકા નાગપૂરે સિવાય ભાઈઓમાં સુરતનો ઉન્મીત સુરતી ૭ કલાક ૧૦ મિનીટ અને ૫૩ સેકન્ડનો સમય લઈ બીજુ સ્થાન તેમજ બહેનોમાં સુરતના દર્શના સેલર ૫ કલાક ૨૪ મિનીટ અને ૪૯ સેકન્ડના સમય સાથે બીજુ સ્થાન તથા સુરતના મેહાલી ભાજીવાલા ૫ કલાક ૩૧ મિનીટ અને ૧૯ સેકન્ડનાં સમય સાથે તૃતિય સ્થાન મેળવી વિજેતા થયા હતા. આમ બહેનોમાં ત્રણેય સ્થાન સુરતે પ્રાપ્ત કરી ગુજરાતનું નામ દેશભરમાં રોશન કર્યું હતુ.

બેગમપુરામાં જુગાર રમતા પાંચ ઝડપાયા

બેગમપુરા તુલસી ફળીયામાં મદદનીશ પો.કમિ. સી.ડિવિઝનની પોલીસ ટીમે દરોડા પાડી પાંચ જુગારીની ધરપકડ કરી રોકડા રૂપિયા ૧૩૩૦૦ની મતા કબજે કરી હતી.

મહિધરપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ તુલસી ફળીયા ઘર નં.૪/૯૫૩ની સામે જુગાર રમતાં રફીક ઈબ્રાહીમ શેખ, મોહમદ શફી મીસરીવાલા, અલ્તાફ અયુબ પઠાણ, મનોજ શકુર, અનિલ ઘેલાની ધરપકડ કરી રોકડા રૂપિયા ૧૩૩૦૦ કબજે કરી જુગારધારા અન્વયે કાર્યવાહી કરી હતી.

MARKET 4U™
ISO 9001:2015 Certified company
REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN

તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.

આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા

અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો

માત્ર રૂપિયા ૬૦૦૦/-

સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા

તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત

GPS Market



RV-04
- Geo Fence
- Overspeed Alarm
- Mileage Statistics
- 5M Accuracy (95%)
- ACC Ignition Detection
- OTA Firmware Upgrade
- Over Voltage Protection
- Built In Battery 160 mA/H
- Tele-Cut Off (Petrol/ Electricity)
- Data In Buffer (in GPS Blind Area)
- GSM Module : QUECTEL M26
- GPS Module : GTOP GT-1612-UB7X



For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456

ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850

નર્મદામાં દિવા તળે અંધારું જેવી સ્થિતિ, આરોગ્ય બાબતે કથળેલી સેવા,રાજકીય નેતાગીરી પાંગળી પુરવાર



સ્ટાફના અભાવે માતા અને બાળ મૃત્યુ પ્રમાણ વધ્યું હોય સ્ટાફની ઘટ પૂરવા સરપંચ પરિષદનું આવેદન

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા


નર્મદા જિલ્લો અતિ અંતરિયાળ અને પછાત આદિવાસી જિલ્લો છે અહીયા અંતરિયાળ ગામડાઓમાં હજી પ ણ કને ક્ટિવિટી,શિક્ષણ,અને સારી આરોગ્ય સુવિધાઓથી વંચિત છે, નર્મદા જિલ્લામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી બન્યા બાદ વિશ્વ ભરમાં નર્મદા જિલ્લાનું નામ અંકિત થયું છે અને હાલમાજ સ્ટેચ્યુ ઓફ યુનિટી ને વિશ્વ ની આઠમી અજાયબી માં સ્થાન પ્રાપ્ત થયું છે પરંતુ આરોગ્ય બાબતે આ જિલ્લામાં દિવા તળે અંધારા જેવી સ્થિતિ ઉભી થઈ છે.જેમાં રાજકીય નેતાઓ ફક્ત પ્રસિદ્ધિ માજ રસ હોય તેમ લાગી રહ્યું છે.

કરોડો રૂપિયાના ખર્ચા બાદ સ્ટેચ્યુ ઓફ યુનિટી બનાવ્યા બાદ હાલ કેવડિયા આસપાસના વિસ્તારોમાં વિવિધ આકર્ષણો ઉભા થઈ રહ્યા છે અને કેવડિયાની આસપાસ નો વિસ્તારનો ઝડપી વિકાસ થઈ રહ્યો છે તો બીજી તરફ નર્મદા જિલ્લાના અંતરિયાળ ગામોમાં હજુપણ લોકોને આરોગ્ય સહિતની પાયાની સુવિધાઓ મળતી નથી.

જે બાબતે ભજપનાજ હોદેદાર અને સરપંચ પરિષદ ગુજરાતના નર્મદા ઝોન સમિતિના મહામંત્રી નિરંજનભાઈ વસાવાની આગેવાનીમાં નર્મદા જિલ્લા કલેકટરને આવેદન પત્ર આપી રજુઆત કરાઈ હતી કે નર્મદા જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સબ કેન્દ્રમાં કર્મચારીઓની ઘટ પૂરવામાં આવે અને છુટા કરાયેલ કર્મચારીઓને પુનઃ નોકરી આપવામાં આવે ઉપરાંત આક્ષેપ પણ લગાવ્યો છે કે આરોગ્ય કેન્દ્રોમાં કામ કરતા ફિલ્ડ વર્કરો તેમજ મહેકમ ઉપર કામ કરતા વર્કરો ને એક કરતાં વધારે સેન્ટરોનું કામ આપવામાં આવે છે જેથી મુશ્કેલીઓ ઉભી થાય છે સાથે આરોગ્ય વિભાગમાં સ્ટાફના અભાવે માતા અને બાળ મૃત્યુ નું પ્રમાણ વધ્યું છે તેમજ નામદાર હાઇકોર્ટે મહેકમ ઉપર કામ કરતા કર્મચારી ઓની તરફેણ માં નિર્ણય આપ્યો છે અને તેઓ ૧૦ - ૧૦ વર્ષ નો ફિલ્ડનો અનુભવ ધરાવે છે તો તેમનો આ અનુભવ એડે ન જાય તેથી તેવા કર્મચારીઓને અગ્રીમતા આપી નોકરીમાં રાખવામાં આવે જેથી લોકોને આરોગ્ય લક્ષી સેવા મળી રહે .

ડેડીયાપાડામાં એકજ રાતમાં બે મકાનોના તાળા તૂટ્યા : ૧.૭૭ લાખની ચોરી થી ફફડાટ

કોઈ અજાણ્યા ચોરો એ રાત્રીના સમયે બે મકાનોના તાળા તોડી તિજોરી તોડી દાગીના,રોકડ રૂપિયા મળી કુલ રૂ.કૂલ રૂા. ૧,૭૭,૦૦૦/- ના મુદામાલની ચોરી કરી પલાયન થઈ ગયા



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાના ડેડીયાપાડા માં એકજ રાતમાં બે મકાનો ના તાળા તોડી ચોરો સોના, ચાંદીના દાગીના સહિત રોકડ રકમ ની ચોરી કરી પલાયન થતા સ્થાનિકો માં ફફડાટ જોવા મળ્યો હતો.

ડેડીયાપાડા ખાતે આવેલી નર્મદા નગર તથા અંબાલાલ પાર્ક સોસાયટી માં રહેતા મનોજભાઈ ધનજીભાઈ વસાવા તથા કોમલભાઈ મગનભાઈ જાગાણી ના બંધ મકાન માંથી ગતરાત્રે કોઈ અજાણ્યા ચોરો એ ઘરનું તાળું તોડી અંદર થી સોના,ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂ.૧.૭૭ લાખ ની મત્તા ની ચોરી કરી ફરાર થઈ ગયા હતા જેમાં મનોજભાઈ વસાવા ના ઘર માંથી કુલ રૂ.૧,૦૭, ૦૦૦/- ની જ્યારે કોમલભાઈ જાગાણી ૭૦,૦૦૦ રૂ.ની ચોરી થઈ હોય આ બાબતે ડેડીયાપાડા પો.સ્ટે.માં ચોરો વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે. તપાસ ડેડીયાપાડા પીએસઆઈ એસજે. રાઠવા કરી રહ્યા છે.

પાંચ વર્ષથી વિશ્વાસઘાતના ગુનામાં નાસતા ફરતા બે આરોપીઓને ઝડપી પાડતી ભરૂચ SOG



પોલીસ મહાનિરીક્ષક અભય ચુડાસમા તથા ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક એમ પી,ભોજાણી ના માર્ગદર્શન આધારે હાલમાં પોલીસ મહાનિ દેશક CID ક્રાઇમ એન્ડ રેલ્વેઝ ગુજરાત રાજય ગાંધીનગરનાઓ દ્વારા નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવાની સુંબેશ રાખવામાં આવેલ જે અન્વયે એસ.ઓ.જી. ભરૂચના પોલીસ ઈન્સ્પેકટર પી.એન પટેલ ની સુચના હેઠળ પો.સ.ઈ. કે.એમ.ચૌધરી તથા પો.સ.ઈ. એમ.આર. શકોરીયા સા. તથા એસ, ઓ.જી. પોલીસના માણસો ATS ચાર્ટર મુજબની કામગીરી માં હતા દરમ્યાન બાતમી આધારે ઝઘડીયા પો.સ્ટે. ગુ.૨ નંબર ૧ ૮૭/ ૨૦૧૪ ઈ.પી.કો. કલમ-૪૦૬, ૪૧૯, ૪૨૦, ૧૨૦ (બી) મુજબના કેસમાં પાંચ વર્ષથી નાસતા ફરતા આરોપી (૧) લાલાભાઇ ઉર્ફે હનીફ બચુભાઇ દિવાન (૨) લલીતાબેન ઉર્ફે લલકીબેન નટવરભાઇ વસાવા બન્ને રહે. ચંન્દ્રવાણ તાડ ફળીયા નેત્રંગ જી.ભરૂચ નાઓને ઝગડીયા બસ સ્ટેન્ડ પાસેથી પકડી પાડી CRPC ૪૧(૧) આઇ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી ઝઘડીયા પો.સ્ટે.માં સોંપવામાં આવેલ છે.

છોટાઉદેપુર બંધના એલનના પગલે રાજપીપળા એસટી ડેપોમાં હજારો મુસાફરો અટવાયા



રાજપીપળાથી નસવાડી, બોડેલી,છોટાઉદેપુર તરફ જતી તમામ બસો અટકી ગઈ

આદિવાસી રાઠવા સમાજ દ્વારા ઠેર ઠેર વિરોધ ચક્કાજામ ના પગલે એ તરફ જતી આવતી એસટી બસો થંભી જતા રાજપીપળા ડેપોમાં મુસાફરો અટવાયા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

આદિવાસી રાઠવા સમાજ દ્વારા આજે છોટાઉદેપુર બંધના એલનના પગલે રાજપીપળા એસટી ડેપોમાં હજારો મુસાફરો અટવાયા, રાજપીપળા થી છોટાઉદેપુર તરફ જતી બસો આજે સવારે થી અટકી જતા મુસાફરો અટવાયા હતા જેના કારણે કન્ટ્રોલ કેબીન પર પણ ભારે ભીડ જોવા મળી હતી.

આજે આદિવાસી રાઠવા સમાજ દ્વારા છોટાઉદેપુર બંધ ના એલાન ના પગલે એ તરફ ઠેર ઠેર વિરોધ ઉઠતાં લોકો રસ્તા પર ઉતરી આવતા ચક્કાજામ ના દ્રશ્યો સર્જાયા હતા માટે રાજપીપળા થી નસવાડી, બોડેલી, છોટાઉદેપુર તરફ જતી તમામ બસો રાજપીપળા એસટી ડેપો પર જ અટકી ગઈ હોય એ તરફ જતા હજારો મુસાફરોઅટવાયા હતા જેના કારણે કંટ્રોલર કેબીન પર પણ બસો ક્યારે ચાલુ થશે એ બાબતે પૂછવા મુસાફરો ની ભારે ભીડ જામી હતી.આમ અચાનક બસો થંભી જતા એ તરફ જતા કે આવતા મુસાફરો જ્યાં છે ત્યાંજ રહેવા મજબુર બન્યા હતા.જોકે આંદોલન માં બસો ને કે મુસાફરો ને નુકસાન ન થાય એ માટે બસો બંધ રાખી હોય એ તરફ જવા માટે બસો ક્યારે ઉપડશે એ જાણવા મુસાફરો સતત પૂછતાછ કરતા રહ્યા પરંતુ કંટ્રોલર માટે એ કહેવું મુશ્કેલ હોય આંદોલન શાંત ન થાય ત્યાં સુધી એ રૂટની બસો બંધ રખાઈ છે તેમ સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

રાજપીપળા નજીકના મોવી ગામમાં લગ્નમાં નાચતા યુવાનો વચ્ચેના મામુલી ઝગડામાં ૧૭ વર્ષીય જયેશ વસાવાની હત્યા

મોવી ગામમાં લગ્નમાં બેન્ડવાઝા સાથે યુવાનનો નાચતા હોય ત્યાં મરનાર જયેશ વસાવા ને નાચવા બાબતે કોઈક સાથે ઝગડો થતા છાતી માં ચપ્પુ મારી ઈજા બાદ રાજપીપળા સિવિલમાં લાવતા મૃત જાહેર કરાયો

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા નજીકના મોવી ગામમાં નજીવી બાબતે અજાણ્યા વ્યક્તિ એ એક કિશોર વયના બાળકને ચપ્પુ મારી ઈજા કર્યા બાદ તેને સિવિલ માં લાવવામાં આવ્યો પરંતુ ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા લગ્ન નો પ્રસંગ માતમ માં ફેરવાઈ ગયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર મોવી ગામના રહેતા રમેશભાઈ ગુરુજીભાઈ વસાવા નો પુત્ર જયેશ વસાવા (૧૭) ગામમાં રહેતા ખાલપા જીણાભાઈ વસાવા ના દિકરા કનૈયાના લગ્ન માં ગયો હતો ત્યાં લગ્નમાં બેન્ડવાજા વાગતા હોય જેમાં ગામના તેમજ અન્ય લોકો નાચતા હતા જેમાં મરનાર જયેશ પણ નાચતો હોય ત્યાં નાચતા નાચતા જયેશ સાથે કોઈક અજાણ્યા વ્યક્તિનો ઝગડો થતા મામુલી ઝગડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું જેમાં અજાણ્યા વ્યક્તિ એ જયેશ ની છાતી ની જમણી બાજુમાં ઉશ્કેરાઈ જઈ જીવલેણ હુમલો કરી ચપ્પુ મારી ઈજા કરતા જયેશ ત્યાં જ પડી ગયા બાદ બેભાન થઈ જતા લગ્ન માં અચાનક બબાલ થતા લોકોમાં નાસભાગ શરૂ થઈ ત્યારબાદ ઈજા ગ્રસ્ત જયેશને રાજપીપળા સિવિલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યો પરંતુ ત્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરતા લગ્નનો પ્રસંગ માતમ માં ફેરવાઈ ગયો હતો. આ બાબતે જયેશના પિતા રમેશભાઈની ફરિયાદ બાદ હુમલો કરી મોત નિપજાવનાર અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ રાજપીપળા પોલીસે હત્યા નો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.તપાસ રાજપીપળા ટાઉન પીઆઇ આર.એન. રાઠવા કરી રહ્યા છે.

ચાંદોદ કેવડિયા રેલવે લાઈન ખેતરો વચ્ચેથી બની રહી હોય પાણીના નિકાલ અને રસ્તા માટે ખેડૂતોની રજુઆત



૨૦ થી વધુ ખેડૂતો માટેનો રસ્તો બંધ થઈ જાય એમ હોય રોડની બંને સાઈડે પાઈપો મૂકી વરસાદી પાણીનો નિકાલ થાય તો આજુબાજુની ખેતીની નુકસાન ના થાય

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લામાં ચાંદોદ થી તિલકવાડા થઈ ને રેલવે લાઈન કેવડિયા કોલોની ખાતે આવનાર છે ત્યારે કેટલાક ખેતરોમાં વચ્ચે થી રેલવે લાઈન જતી હોય જેમાં આજુબાજુ ના ખેતરોમાં વરસાદી પાણી ભરાય એવી સ્થિતિ ઉભી થઈ છે ત્યારે આ રેલવે લાઈન ની આજુ બાજુમાં મોટા ભૂંગળા મૂકી વરસાદી પાણીનો નિકાલ થાય એ માટે વ્યવસ્થા કરવા ખેડૂતો એ માંગ કરી છે.પ્રાપ્ત માહિતી અનુસાર પોઇચા થી કેવડિયા રેલવે લાઈન નવી બની રહી છે જેમાં તિલકવાડા તાલુકાના મોરિયા માકૂઢીયા અને મોરાની સીમમાંથી આ લાઈન જાય છે જેમાં મોરની સીમ માંથી જતા રસ્તા માં સર્વે નંબર ૨૩૭ અને ૨૩૪ આવે છે.જ્યાંથી આ વિસ્તારના ૨૫ થી વધુ ખેડૂતો ની ૧૨૦૦ એકર થી વધુ જમીનો આવેલી છે જ્યા અવર જવર માટેનો રસ્તો બંધ થઈ ગયો છે જેથી આ રસ્તા ની વૈકલ્પિક વ્યવસ્થા કરવા પણ માંગ કરાઈ છે. સાથે આ રેલવે લાઈન ઉપર કેનાલ આવેલી છે જ્યાં વરસાદ ની સીઝનમાં પાણીની પણ સમસ્યા રહેશે જેથી આ વ્યવસ્થા કરવી અંત્યત જરૂરી હોય તિલકવાડાના ખેડૂતોએ જિલ્લા કલેટકટરને રજુઆત કરી છે.

અંકલેશ્વરની યુનિયન બેંકમાં ગનમેન તરીકે નોકરી કરતા સિક્યુરીટી ગનમેનની આર્મ એક્ટ હેઠળ ધરપકડ

હથિયાર પરવાનાનો ભંગ કરવા બદલ જમ્મુ કાશ્મીરના પ્રાઈવેટ સિક્યુરીટી કર્મચારીને હથિયાર તથા કારતુસ સાથે ઝડપી પાડતી ભરૂચ SOG



(ભરત શાહ)
રાજપીપળા

ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક એમ.પી.ભોજાણી ના માર્ગદર્શન આધારે એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેકટર પી.એન.પટેલ નાઓના માર્ગદર્શન હેઠળ પો.સ.ઈ. કે.એમ.ચૌધરી સા.તથા પો.સ.ઈ. એમ.આર.શકોરીયા સા. તથા એસ.ઓ.જી.પોલીસના માણસો ATS ચાર્ટર મુજબની કામગીરીમાં હતા દરમ્યાન બાતમી ના આધારે અંકલેશ્વર સીટી પો.સ્ટે.વિસ્તારમાં આવેલ યુનિયન બેંક શાખામાં ગનમેન તરીકે નોકરી કરતા સિક્યુરીટી મારૂફ હસેન બંદર હસેન ખોખરહે. મીરાનગર, લક્ષ્મીનગર-૨, અંકલેશ્વર મુળ રહે- સુરંણકોટ મહારા પુંચ જમ્મુ ર કશ્મીરનાને હથિયાર લાયસન્સ તેમજ ૧૨ બોરની ગન તથા ૬ કાર્ટીસ સાથે પકડેલ જેમા આરોપીએ લાયસન્સ ની નોંધણી જીલ્લા કલેકટર કચેરી એ કરવાની થતી હોય જે નોંધણી છેલ્લા ત્રણ વર્ષ થી અત્રેના જીલ્લા માં રહી ગનમેન તરીકે નોકરી કરતો હોય તેમ છતા જીલ્લા કલેકટર કચેરીએ નોંધ ન કરાવતા પકડાયેલ હોય અંકલેશ્વર સીટી પો.સ્ટે.માં ધ આર્મ એક્ટ- ૧૯૫૯ ની ક.૨૦,૩૦ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

ગઈકાલે નહીં આવેલી સુરત-બેંગ્લોર ફ્લાઈટ આજે પણ સુરત આવી નહીં

બે દિવસ હેરાન થઈ ગયેલા ૨૫ મુસાફરોએ પોલીસને અરજી કરી

સુરત

ગતરોજ એર ઈન્ડિયાની સુરતથી બેંગ્લોર ફ્લાઈટ દિવસમાં ચાર વખત કેન્સલ થઈ મુસાફરોને આજની ટિકિટ આપવામાં આવી હતી. આજે સવારે પણ ફ્લાઈટ કેન્સલ થતા બપોર બાદની ટિકિટ આપતા ગ્રાહકોએ લેખિતમાં માંગણી કરવામાં આવી હતી. એર ઈન્ડિયાના સ્ટાફ દ્વારા મુસાફરો સાથે અભદ્ર વર્તન કરતા ૨૫ જેટલા મુસાફરોએ ડુમસ પોલીસ મથકે એર ઈન્ડિયા વિરૂદ્ધ લાપરવાહી અને છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ વિષ્ણુભાઈ જડીયા દ્વારા તા.૬-૨-૨૦૨૦ના રોજ ૧૧.૧૦ વાગ્યાની એર ઈન્ડિયાની સુરત-બેંગ્લોર, એઆઈ-૫૧૯ ફ્લાઈટની ટિકિટ લીધી હતી. આ ફ્લાઈટ કેન્સલ થતા બીજી ફ્લાઈટ ૧૧.૫૫ વાગે આવશે તેમ જણાવ્યું હતું. ત્યારબાદ ત્રીજી વખત ફ્લાઈટનો સમય બદલીને સાંજે ૫.૩૦ કલાકનો કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ચોથી વખત આ ફ્લાઈટનો સમય બદલીને મુસાફરોને અમદાવાદ બસમાં જવા અથવા રાત્રે ૯.૩૦ વાગે દિલ્લી જઈ ત્યાં રાત્રિ રોકાઈ ૭-૨-૨૦૨૦ના મળસ્કે ૩ વાગે ફ્લાઈટમાં બેસવું પડશે તેવું જણાવવામાં આવ્યું હતું. જે અંગે મુસાફરોએ નારાજગી વ્યક્ત કરતા એર ઈન્ડિયાના સ્ટાફે આજે એટલે કે ૭-૨-૨૦૨૦ના રોજ સવારે ૮.૩૦ની ફ્લાઈટની ટિકિટ ઈશ્યૂ કરી હતી. આજે સવારે એઆઈ ૫૧૯ સુરત બેંગ્લોરની ફ્લાઈટનો ૮.૩૦ના બદલે બપોરે ૧૨.૪૫નો સમય ફાળવવામાં આવ્યો હતો. સ્ટાફ દ્વારા જણાવ્યું કે તમો બધાને ૧૨.૪૫ની ફ્લાઈટમાં બેસાડી દઈશું તેવો વિશ્વાસ અપાયો હતો. પરંતુ ગ્રાહકો સતત બે દિવસથી હેરાનગતિ સહન કરતા તેમને હવે એર ઈન્ડિયાના સ્ટાફની વાત પર ભરોસો રહ્યો ન હતો. મુસાફરોએ સ્ટાફ પાસેથી લેખિતમાં ૧૨.૪૫ વાગે ફ્લાઈટ આવશે જે બાબતે લેખિત ખાતરી માંગી હતી. સ્ટાફ દ્વારા બાંહેધરી ન આપી મુસાફરો સાથે અભદ્ર ભાષા વાપરતા મુસાફરોએ ડુમસ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. એર ઈન્ડિયાના સ્ટાફ મુકેશ નારનવરે અને એર ઈન્ડિયા કંપની સામે લાપરવાહી અને છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

દક્ષિણ ગુજરાતમાં શીત લહેર નવસારીમાં ૯ ડીગ્રી તાપમાન

સુરત

ઉત્તર દિશાથી ફુંકાઈ રહેલ ઠંડા પવનની અસરથી સમગ્ર રાજ્યમાં શીત લહેરની અસર ફરી વળી છે. દક્ષિણ ગુજરાતમાં છેલ્લા બે દિવસથી ફુલગુલાબી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. હવામાન વિભાગ દ્વારા આગામી બે દિવસ સુધી શીત લહેરની અસર રહે તેવી શક્યતા વ્યક્ત કરી છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૨૯ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૪ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૬૫ ટકા અને હવાનું દબાણ ૧૦૧૬ મિલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી જ ઉત્તર દિશાથી કલાકના ૩ કિલોમીટરની ઝડપે ઠંડો પવન ફુંકાઈ રહ્યો છે. ગતરોજની સરખામણીએ આજે સવારથી પવનની ગતિ વધતા દિવસે પણ ઠંડા પવનની અસર ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.

નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું ન્યુનતમ તાપમાન ૯ ડીગ્રી નોંધાયું છે. જે ગતરોજ ૮ ડીગ્રી નોંધાયું હતું. ગતરોજની સરખામણીએ આજે તાપમાનમાં ૧ ડીગ્રીનો નજીવો વધારો થયો છે. તેમ છતાં ઠંડીનો ચમકારો ગતરોજ જેટલો જ યથાવત છે. ઉત્તર દિસાથી ફુંકાઈ રહેલી ઠંડીની અસરના પગલે આગામી બે ત્રણ દિવસ સુધી દક્ષિણ ગુજરાતમાં ફુલગુલાબી ઠંડીનો અનુભવ થશે.